CMYK

Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૧૫૦
તા.૦૫-૦૭-૨૦૧૮, ગુરૂવાર
સંવત ૨૦૭૪ જેઠ વદ - ૦૭
પાના : ૮ ● કિંમત રૂ.૨-૦૦

સૂર્યોદય : ૦૫:૫૮ સૂર્યાસ્ત : ૦૭:૨૯

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૩૬ | વડોદરા | ૩૪.૪ |
| અમદાવાદ | ૩૭.૨ | સુરત | ૩૧ |
| ગાંધીનગર | ૩૫ | નલિયા | ૩૫.૮ |

ચાંદી : ૪૦,૨૦૦ સોનું : ૩૧,૪૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71
Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# ખેડૂતો માટે 'અચ્છે દિન' : ખરીફ પાકના ટેકાના ભાવમાં વધારો

## ડાંગર સહિત ૧૪ ખરીફ પાકના ટેકાના ભાવમાં વધારાને સ્વીકાર્યો : બાજરીના ટેકાના ભાવ ૧૯૫૦ તેમજ ડાંગરના ટેકાના ભાવ ૧૭૫૦ રૂપિયા

નવી દિલ્હી

વર્ષ ૨૦૧૯ની સામાન્ય ચૂંટણી પહેલા બજેટની ઘોષણા ઉપર અમલ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારે ખેડૂતોને આજે મોટી ભેંટ આપી હતી. કેન્દ્રીય કેબિનેટે ચાવીરુપ ગણાતા ખરીફ પાક માટે નવા સમર્થન મૂલ્યને મંજુરી આપી દીધી છે. ડાંગરના સમર્થન મૂલ્યમાં ૧૩ ટકા સુધીનો વધારો કરવામાં આવ્યો છે અથવા તો ૨૦૦ રૂપિયાનો વધારો ક્વિન્ટલદીઠ કરવામાં આવ્યો છે. આની સાથે જ આની કિંમત હવે વર્ષ ૨૦૧૮-૧૯ના પાક વર્ષ માટે ક્વિન્ટલદીઠ ૧૭૫૦ રૂપિયા થઈ ગઈ છે. ૧૦ વર્ષ બાદ ખરીફ પાકમાં આટલો મોટો જંગી વધારો કરવામાં આવ્યો છે. આ પહેલા ૨૦૦૮-૦૯માં યુપીએ સરકારે ૧૫૫ રૂપિયા સુધીનો વધારો કર્યો હતો. આ પગલું બજેટમાં ખેડૂતોને તેની પેદાશ ખર્ચ પૈકી ઓછામાં ઓછા ૧.૫ ગણા વધુ રકમની ખાતરી આપવામાં આવી હતી. તેના અમલરુપે છે. સુત્રોના કહેવા મુજબ ૧૪ ખરીફ પાકના એમએસપી અનુસંધાન પાના નં.૬

## ગુજરાતમાં ચોમાસુ જામ્યું : નવસારીમાં નવ ઇંચ

અમદાવાદ

દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં ભારેથી અતિભારે વરસાદ થયો છે. ગુજરાત ક્ષેત્રમાં મોનસુન હવે જોરદારરીતે સક્રિય થઈ ગયું છે. દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને ઉત્તરગુજરાતના કેટલાક ભાગોમાં નોંધપાત્ર વરસાદ થયો છે. હજુ અપરએર સાયક્લોનની સ્થિતિ પ્રવર્તી રહી છે. દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ થયો છે. છેલ્લા ચોવીસ કલાકમાં નવસારીમાં ૯ ઈંચથી વધુ વરસાદ થયો છે. ગણદેવીમાં છ, ચિખલીમાં છ, જલાલપોરમાં ૯.૫ ઈંચ વરસાદ પડ્યો છે. માછીમારોને દરિયામાં ન જવાની સલાહ પણ આપવામાં આવી છે. મુંબઈ અને દક્ષિણ ગુજરાત સાથે સૌરાષ્ટ્રના કાંઠાવિસ્તારમાં મેઘરાજાની છેલ્લા બે દિવસથી ધમાકેદાર એન્ટ્રી થવા પામી છે. જેનો પ્રભાવ નવસારી જિલ્લામાં પણ જોવા મળી રહ્યો છે. રાજયમાં આજે સૌથી વધુ નવ ઈંચ જેટલો સાર્વત્રિક વરસાદ નવસારી નોંધાતા સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જાવા પામી હતી. બીજીબાજુ, સારા વરસાદને પગલે નવસારી, બિલીમોરા, ગણદેવી, વિજલપોર સહિતના પંથકોના ધરતીપુત્રોમાં આનંદ અનુસંધાન પાના નં.૬

## સોતમલાના પાટીયે રીવોલ્વરની અણીએ રૂા.૫.૩૫ લાખના મુદ્દામાલની લૂંટ

### વેપારી અને તેનો મિત્ર લૂંટાયા : ત્રણ અજાણ્યા હિન્દી ભાષી શખ્સોનું કારસ્તાન

પ્રતિનિધિ ભીલડી

ડીસા તાલુકાના સોતમલા ગામના પાટીયા પાસે સરનામું પુછવાના બહાને ત્રણ હિન્દી ભાષી યુવકોએ સ્વીફ્ટ ગાડીમાં બેઠેલા વેપારી અને તેના મિત્રને રીવોલ્વરની અણીએ ડરાવી - ધમકાવી સોનાની વીંટી અને ચેન તથા રોકડ અને ગાડી લુંટી ફરાર થઈ ગયા હોવાનો સનસનીખેજ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.



દિયોદર તાલુકાના ચમનપુરા ગામના વતની અને માર્કેટયાર્ડમાં પેઢી ધરાવતા વેલાભાઈ ભેમાભાઈ પટેલ તેમના મિત્ર દેવરામભાઈ રામજીભાઈ જોષી (કુંવાતા) સાથે પોતાની સ્વીફ્ટ ગાડી (નં.જી.જે.૧૮.બી.સી.૪૮૮૬) લઈને કંસારી ઓઈલ મિલના માલિક સાથે રાયડાની લે - વેચ માટે જતા હતા. તે દરમિયાન રાતે આઠ વાગ્યાના સુમારે સોતમલા હાઈવે ઉપર આવેલ રઘુવંશી હોટલ ઉપર ચા પીવા રોકાયા હતા. જ્યાં ચા પીને ફરી કંસારી જવા નીકળ્યા હતા. પણ થોડે દુર જતા સીલ્વર રંગની ડીઝાયર સ્વીફ્ટ ગાડી (નં.આર.જે.૪૬-૨૩૨૧) તેમની ગાડીની અગળ આવીને ઉભી રહી હતી. તેમાંથી ઉતરેલ ૩ શખ્સો પૈકી એક "વો રસ્તા કહાજા રહા હૈ" તેમ કહી ગાડીનો દરવાજો ખોલી તેમને બહાર કાઢવાની કોશિષ કરી લમણે રીવોલ્વર ભીડાવી પાછળની સીટમાં ખેંચી લીધેલ. જ્યારે આગળ બેઠેલ દેવરામભાઈ જોષીને પણ લમણે રીવોલ્વર ભીડાવી હતી અને ડરાવી - ધમકાવી એક જણ ગાડી ચાલુ કરી ડીસા તરફ હંકારી હતી. દરમિયાન તેમના મોબાઈલ પડાવી લઈ સોનાની વીંટી અને ચેન તથા બંને પાસેથી રોકડા રૂા.૩૫,૭૭૦/- લુંટી લીધા હતા. બાદમાં લોરવાડા સુધી આગળ મોબાઈલ ફેકી દીધેલ એ પછી ઢેઢાલ ગામ નજીક બંનેને ઉતારી ગાડી લઈ ભાગી છુટ્યા હતા. બનાવથી હતપ્રભ બની બંને ચાલતા હાઈવે ઉપર આવી અજાણ્યા બાઈક ચાલકના ફોનથી સંબંધીને ગાડી લઈને બોલાવ્યા હતા. ત્યારબાદ ફેકેલા મોબાઈલ લઈ પોલીસ કંટ્રોલમાં જાણ કરી હતી. તેથી ભીલડી પોલીસ દોડી આવી હતી. બાદમાં તેમણે કુલ રૂા.૫,૩૫,૭૭૦ ની લુંટની ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. બનાવના પગલે પંથકમાં ચકચારી મચી જવા પામી છે.

## પાટણના વકીલ સામે નોંધાયેલા દુષ્કર્મના કેશમાં નવો વળાંક

## આગચંપી કેસમાં બચવા પાટણના ધારાસભ્યના ઈશારે ખોટો કેશ કરી ધાકધમકીઓ અપાય છે : વકીલની વળતી ફરિયાદ

### આગચંપી કેસના સાક્ષી એવા વકીલે રાજ્ય સરકાર સમક્ષ પણ કરી રજુઆત : ઉપજાવી કાઢેલી ઘટનામાં દર્શાવેલા સમય વખતે પીકનીકમાં હોવાનો વકીલનો દાવો

પાટણ

બનાસકાંઠાને અડીન આવેલા જિલ્લા મથક પાટણ ખાતે પ્રેક્ટિસ કરતા એક વકીલ વિરુદ્ધ અપહરણ અને દુષ્કર્મનો કેશ દાખલ થયા બાદ વકીલે પણ આ મામલે વળતી ફરિયાદ નોંધાવી પાટણના આગચંપી કેસમાં પોતાનું સાક્ષી તરીકેનું નિવેદન બદલવા માટે દબાણ ઉભું કરવા તેમની સામે ખોટી ફરિયાદ કરાઈ હોવાનો દાવો કર્યો છે.



પીડીત વકીલ ઘટનાના દિવસે પ્રવાસે હતા તેની પુરાવારૂપ તસ્વીર

આ પ્રકરણની વિગતો કંઈક એવી છે કે પાટણ ખાતે વૈશાલી એપાર્ટમેન્ટમાં રહેતા અને વકીલાતના વ્યવસાય સાથે સંકળાયેલા પંકજકુમાર બચુભાઈ વેલાણી વિરુદ્ધ પાટણના બી-ડિવિઝન પોલીસ મથકમાં યુવતીનું અપહરણ કરી દુષ્કર્મ આચરવાનો ગુન્હો દાખલ થતાં આ પ્રકરણ ચર્ચાની એરણે ચઢ્યું છે. જોકે આ અનુસંધાન પાના નં.૬

## ધાનેરામાં જબરજસ્તી મકાન પચાવી પાડનાર ત્રણ ઇસમો સામે ફરીયાદ



(એન.કે.મોદી)

### આરોપીઓને પકડવા માટે ગયેલ પોલિસને ફરવુ પરત પડ્યુ

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા વહોરવાસમાં આવેલ વહોરાજીના મકાનમાં તાળા તોડી ગેરકાયસેર કબ્જો જમાવી દેતા મકાન માલિક આવીને ઘર ખાલી કરવા કહેતા તેને જાનથી મારી નાંખવાની ધમકી આપતાં ધાનેરા પોલિસ મથકે ત્રણ ઈસમો સામે ફરીયાદ અનુસંધાન પાના નં.૬

## આંતરજ્ઞાતિય લગ્ન કરનાર યુવકને જીવ ખોયો

## પરજ્ઞાતિની યુવતીને પરિવારે ન સ્વિકારતા રાજસ્થાનના યુવકે જીવનલીલા સંકેલી

### ઝેરી પ્રવાહી પી લેતાં પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત

પાલનપુર

રાજસ્થાનના એક યુવકને પરજ્ઞાતિય યુવતી સાથે પ્રેમ લગ્ન કર્યા બાદ જીવ ખોવાનો વારો આવ્યો હતો. પ્રેમલગ્ન કરનાર યુવકના પરિવાર જનોએ યુવતીને સ્વિકારવાની ના પાડતાં યુવકને લાગી આવતાં યુવકે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. જેનું પાલનપુરની સિવિલ હોસ્પિટલમાં મોત નિપજ્યું હતુ.

રાજસ્થાનના માંડલ ગામના ૩૫ વર્ષીય અનીલભાઈ ગેવરચંદ રાવલએ તેમના સમાજ સિવાયની ચમાર સમાજની યુવતી સાથે પ્રેમ લગ્ન કર્યા હતા. જોકે, તેના પરિવારજનોએ આ લગ્ન ન સ્વિકારતાં અનીલભાઈને લાગી આવ્યું હતુ. અને ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. જેમને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. જ્યાં તેમનું મોત નિપજ્યું હતુ. આ અંગે શ્રવણકુમાર મોહનલાલ રાવલએ પૂર્વ પોલીસ મથકે જાણ કરતાં પોલીસે અકસ્માતે મોતનો ગૂનો નોંધી વધુ તપાસ જશવંતસિંહ ચલાવી રહ્યા છે.

## બનાસ મેડિકલ કોલેજમાં દૂધ ઉત્પાદકોના સંતાનોને શિક્ષણ ફીમાં ૫૦ ટકા રાહત અપાશે : શંકરભાઈ ચૌધરી





### બનાસ ડેરીની ૫૦મી વાર્ષિક સાધારણ સભામાં બનાસડેરીના ચેરમેનની આવકાર્ય જાહેરાત

પાલનપુર

એશિયાનું ગૌરવ અને ભારતમાં શ્રેષ્ઠ તથા બનાસકાંઠાના દૂધ ઉત્પાદકો માટે જીવાદોરી સમાન બનાસ ડેરીની ૫૦મી વાર્ષિક સાધારણ સભા બનાસ ઓઈલ યુનિટ, બાદરપુરા ખાતે ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી.

બનાસ ડેરીની ૫૦મી વાર્ષિક સાધારણ સભાને સંબોધન કરતા ચેરમેન શંકરભાઈ ચૌધરીએ કહ્યું હતું કે બનાસકાંઠા જિલ્લાના દૂધ ઉત્પાદકો માટે બનાસ ડેરી આર્થિક ધરોહર છે. બનાસ ડેરીએ વિશ્વ ફલક પર દૂધના વ્યવસાયમાં પ્રગતિ કરી છે તેના અનેક ઉદાહરણ છે. બનાસ ડેરીએ દૈનિક દૂધ સંપાદન ૫૭ લાખ લિટર કરીને ગુજરાતમાં અગ્રેસર રહીને વાર્ષિક દૂધ સંપાદન ૧૬૬ કરોડ કિ.ગ્રા કર્યું છે. છેલ્લા અઢી વર્ષમાં દૂધનું સંપાદન ૪૦ લાખથી વધી દૈનિક સર્વાધિક ૬૫.૮૧ લાખ કિ.ગ્રા થયું અને તેમ છતાંય એક પણ દિવસ 'મિલ્ક હોલી ડે' રાખવો પડ્યો નથી તે મોટી સિદ્ધિ ગણાવી હતી.

વધુમાં તેઓએ ઉમેર્યુ હતું કે દૂધના પાઉચમાં વેચાતું દૂધ દૈનિક ૧૫ લાખ લિટરથી વધારીને ૨૧.૫૮ લાખ લિટરે પહોચ્યું છે તેના લીધે વધુ ફાયદો થયો છે કેમ પાઉચમાં વેચાતું દૂધ માંથી રોકડી આવક મળે છે. છાશનું કુલ સરેરાશ દૈનિક વેચાણ વર્ષ ૨૦૧૨-૧૩માં ૮૩૪૩૪ લિટર હતું તે વધીને વર્ષ ૨૦૧૭-૧૮માં ૨૫૦૫૭૨ લિટર થયું છે. જ્યારે દહીંનું કુલ સરેરાશ દૈનિક વેચાણ વર્ષ ૨૦૧૨-૧૨માં ૫૯૧૫ કિ.ગ્રા હતું તે વધીને વર્ષ ૨૦૧૭-૧૮માં ૩૯૩૨૧ કિ.ગ્રા પહોચ્યું છે. આઈસ્ક્રીમનું સરેરાશ દૈનિક વેચાણ વર્ષ ૨૦૧૬-૧૭માં સર્વાધિક ૬૬ હજાર લિટર હતું જે વધીને વર્ષ ૨૦૧૭-૧૮માં સર્વાધિક ૯૩ હજાર લિટરે પહોચ્યું છે. ચીઝનું દૈનિક સરેરાશ વેચાણ વર્ષ ૨૦૧૬-૧૭માં સાત મેટ્રિક ટન હતું જે વધીને ૨૦૧૮-૧૯ પ્રથમ ત્રી-માસિકમાં ૨૮ મેટ્રિક ટન થયું છે. દૂધનું દૈનિક સરેરાશ વેચાણ વર્ષ ૨૦૧૨-૧૩માં રૂ. ૨.૭૮ કરોડ હતું. જે વધીને વર્ષ ૨૦૧૭-૧૮માં રૂ ૯.૪૯ કરોડ અનુસંધાન પાના નં.૬

## પાલનપુરના સિનિયર સીટીઝનના ખાતામાંથી અજાણ્યો ગઠિયો રૂા.૫૩૦૦૦ ઉપાડી ગયો

### અજાણ્યો શખ્સ મોબાઇલ ઉપર વિશ્વાસ કેળવી છેતરપીંડી કરી ગયો

પાલનપુર

પાલનપુર શહેરના હમીરબાગ વિસ્તારમાં રહેતા સિનિયર સીટીજનને મોબાઈલ ફોન ઉપર વાતચિત કરી અજાણ્યા શખ્સે વિશ્વાસમાં લીધા હતા. અને ડેબીટ કાર્ડમાંથી રૂપિયા ૫૩૦૦૦ ઉપાડી લીધા હતા. આ અંગે તેમણે પાલનપુર પૂર્વ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. બનાસકાંઠામાં સાયબર ક્રાઈમના ગૂના અટકાવવા માટે પોલીસ, બેંકો દ્વારા સતત લોકોને જાગૃત કરવામાં આવી રહ્યા છે. જેમાં અજાણ્યા લોકો બેંક એકાઉન્ટન્ટ નંબર, પીન નંબર માંગે તો ન આપવા માટે જણાવવામાં આવી રહ્યું છે. તેમ છતાં કેટલાક લોકો છેતરપીડીનો ભોગ બની રહ્યા છે. જ્યાં પાલનપુરના એક સિનીયર સીટીજન પણ છેતરપીડીનો ભોગ બન્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ, પાલનપુરના હમીરબાગ રાધાકૃષ્ણ મંદિર પાસે રહેતા ૮૨ વર્ષીય પ્રેમશંકર પુરષોત્તમદાસ જોષીને અજાણ્યા શખ્સે મોબાઈલ ફોન ઉપર વાતચિત કરી વિશ્વાસ કેળવ્યો હતો. અને ડિબીટકાર્ડમાંથી રૂપિયા ૫૩૦૦૦ ઉપાડી લીધા હતા. આ અંગેની જાણ થતાં પ્રેમશંકરભાઈએ પૂર્વ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

## વિચાર વૈભવ...

'મેં એક વાત સાંભળી છે પણ મને એ વાત સાચી નથી લાગતી.'

'કઈ વાત?'

'પતિ- પત્નીનો સંબંધ માત્ર ધરતી પર જ હોય છે'

'એટલે?'

'એટલે આ જ કે સ્વર્ગમાં પતિ- પત્નીનો સંબંધ નથી હોતો'

'તેં સાંભળેલ વાત સાચી છે'

'તું શી રીતે કહે છે?'

'જો ત્યાં પણ પતિ - પત્નીનો સંબંધ હોત તો એને સ્વર્ગ કહેવાત જ નહીં.'

*****

જેની શરૂઆત આકર્ષક પણ સમાપ્તિ ભયંકર, એનું નામ ભોગ અને જેની શરૂઆત કષ્ટદાયક પણ સમાપ્તિ આનંદદાયક એનું નામ ત્યાગ. આ વ્યાખ્યા સાચી છે કે ખોટી એના પિષ્ટપેષણમાં ન પણ પડીએ તો ય એક વાત તો સ્પષ્ટ છે કે જે સુખના કેન્દ્રમાં શરીર અને મન જ હોય એ સુખ ક્યારેય તૃપ્તિદાયક તો ન બની શકે. અને જે સુખ ભોગવ્યા પછી ય અતૃપ્તિ ઊભી જ રાખતું હોય એ સુખ કાયમ ઉદ્વેગનો અનુભવ કરાવતું જ રહે એ શંકા વિનાની વાત છે. વાસનાનું સુખ આખરે છે શું? અસીમ મનમાં ઊઠતી ઝંખનાઓને સીમિત શરીર દ્વારા શાંત કરવાની ઘેલછા! લમણે હતાશા ઝીંકાવાનું પાકું જ છે.

શ્રીમદ્ વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ

## સાર સમાચાર...

### ટ્વેન્ટી મેચ : ઇંગ્લેન્ડ ઉપર ભારતની આઠ વિકેટે જીત

માનચેસ્ટર

માન્ચેસ્ટર ખાતે રમાયેલી ત્રણ ટ્વેન્ટી મેચોની શ્રેણીની પ્રથમ મેચમાં ભારતે ઈંગ્લેન્ડ પર આઠ વિકેટે જીત મેળવી શાનદાર શરૂઆત કરી હતી. આની સાથે જ શ્રેણીમાં ૧-૦ની લીડ મેળવી લીધી છે. આ મેચમાં કુલદીપ યાદવના તરખાટ અને બેટિંગમાં કેએલ રાહુલની જોરદાર બેટિંગની મદદથી ભારતે જીત મેળવી હતી. ભારતે ૧૦ બોલ ફેંકવાના બાકી હતા ત્યારે બે વિકેટે ૧૬૩ રન બનાવીને મેચ જીતી લીધી હતી. સિનિયર ટીમની સાથે પ્રથમ વખત ઈંગ્લેન્ડના પ્રવાસે ગયેલા રાહુલે અણનમ ૧૦૧ રન કર્યા હતા. રાહુલની આ બીજી ટ્વેન્ટી સદી હતી. રાહુલે પોતાની ઈનિંગ્સમાં ૫૪ બોલમાં આ સદી કરી હતી. જેમાં ૧૦ ચોગ્ગા અને પાંચ છગ્ગાનો સમાવેશ થાય છે.

## ગતકડું....

- દેવન વ્યાસ



કેન્દ્ર અને રાજ્યો ખભેખભા મિલાવીને નહીં બાવડા ખેંચીને જ કામગીરી કરે...!!!

પરિવાર
ઓર્થોપેડીક હોસ્પિટલ - ડીસા
ડૉ. રમેશ આઈ. પટેલ (ચૌધરી)
ડીસા, મો.૯૦૩૩૯૨૫૪૪૦

## સરદાર પટેલ એજ્યુકેશન ફાઉન્ડેશન, ડીસા

મજૂરી કામના ભાવનું ટેન્ડર
જાહેર નિવિદા નં.૧-૨૦૧૮-૧૯

આથી બાંધકામ કરતા ઠેકેદારો પાસેથી આ સંસ્થાના નીચે દર્શાવેલ કામ માટે મજૂરી કામના ભાવો મંગાવવામાં આવે છે.

| અ.નં. | કામનું નામ | અંદાજીત રકમ | અંદાજીત મજૂરી કામની રકમ |
|---|---|---|---|
| ૧. | ડી.એન.પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા ખાતે ગ્રાઉન્ડ ફલોર અને ફર્સ્ટ કોલેજ બિલ્ડીંગનું બાંધકામ | ૩૦,૦૦૦ ચો.ફૂટ | રૂા.૫૦ લાખ |

ટેન્ડર કામ અંગેની વધુ વિગતો તથા કોરા ટેન્ડર ફોર્મ રજાના દિવસો સિવાય સવારના ૧૦-૦૦ થી ૧-૦૦ સુધીમાં સરદાર પટેલ ફાઉન્ડેશન, ડીસા રૂમ નં.-૨૬ સરદાર પટેલ હાઈસ્કુલ, ડીસા ખાતેથી રૂા. ૨૦૦/- ટેન્ડર ફી આપીને માગણીપત્ર આપીને મેળવી લેવાના રહેશે. ટેન્ડરો આપવાની છેલ્લી તારીખ ૧૫/૭/૨૦૧૮ છે. અને સ્વીકારવાની છેલ્લી તારીખઃ ૨૦/૭/૨૦૧૮ છે. ભરેલા ટેન્ડરો સિલબંધ કવરમાં ઉપરના સરનામે મોકલી આપવાના રહેશે. જે અરજદારનું ટેન્ડર મંજૂર કરવામાં આવશે તેમણે રૂા. ૧૦,૦૦૦/- ડીપોઝીટ પેટે જમા કરાવવાના રહેશે. કોઈપણ ટેન્ડર સ્વીકારવા કે રદ કરવાની સત્તા મેનેજિંગ ટ્રસ્ટીની રહેશે. ટેન્ડરો ખોલવાની તારીખ અત્રેથી ટેન્ડર ભરનારના મોબાઈલ નંબર ઉપર જણાવવામાં આવશે.

શ્રી ટી.જે.પટેલ
મેનેજિંગ ટ્રસ્ટીશ્રી
સરદાર પટેલ એજ્યુકેશન ફાઉન્ડેશન, ડીસા.

CMYK

**સૂર્યોદય - ૬.૪૪ સૂર્યાસ્ત - ૬.૫૦**

## તિથિદર્શન
જેઠ વદ-૭ ગુરૂવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ જેઠ વદ : સાતમ ગુરૂવાર નક્ષત્રઃ ઉત્તર ભાદ્રપદ યોગ :સૌભાગ્ય કરણ : વિષ્ટી આજે જન્મેલા બાળકની રાશી મીન (દ.ચ.ઝ.થ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન
- સુરેશ પ્રા.ભટ્ટ

**સંસ્થિતસ્ય ગુણોત્કર્ષઃ પ્રાયઃ પ્રસ્ફુરતી સ્કુટમ્ દગ્ધસ્યાગરૂખંડસ્ય સ્ફારી ભવતિ સૌરભમ્**

'જેમ, ધૂપ-અગરબત્તીના બળવાથી તેની સુગંધ આસપાસ બધે જ ફેલાઈ જાય છે તેવી જ રીતે સજ્જન માણસમાં રહેલા સદ્‌ગુણોની ઉત્કૃષ્ટતાને પરિણામે તેની સુવાસ- કીર્તિની સૌરભ પણ આપોઆપ ફેલાવા લાગે છે.' જે સજ્જન છે અને ત્યાગ- સેવા- સમર્પણ સાથે નમ્રતા- વિવેક જેવા સદ્‌ગુણો ધરાવે છે. સત્ય- સ્પષ્ટવક્તા અને વર્તન- આચરણમાં જે નિષ્ઠાવાન છે એને પોસ્ટરો ચોંટાડી પોતાનો પ્રચાર કરવાની જરૂર પડતી નથી. કામ ખુદ જ બોલે છે. કર્મ એ જ એનો સંદેશ- પ્રચારક છે. સદ્‌ગુણની સુગંધ આપોઆપ ફેલાય છે. સત્ય અને સ્પષ્ટવક્તા, નિર્દોષ તટસ્થ અને ચારિત્ર્યના ચોખ્ખા એવા અન્ના હજારે તદ્દન સાદા સજ્જન છે. મિલિટરીના ડ્રાઈવર તરીકે નિવૃત્ત થઈ રાષ્ટ્રીય ભાવના સાથે રાષ્ટ્ર માટે નાની નાની ન્યાય સામે લડતો કરી ગાંધીવાદી સિદ્ધાંત સાથે કોઈ પણ સ્વાર્થની અપેક્ષા રાખ્યા વિના લડ્યા અને અન્યાય સાથે જીતતા રહ્યા. સૌ પ્રથમવાર રાષ્ટ્રીય સ્તરે 'લોકપાલ'ની માંગણી સાથે રાષ્ટ્રીય લડત ઉપાડી, ઉપવાસ કર્યા અને સરકાર ઝૂકી... (રાજરમત એ નેતાઓના લોહીમાં છે તેથી તેનું પરિણામ તો આવે ત્યારે) પણ અન્ના હજારે સત્યવાદી ગાંધીવાદીની સૌરભ દેશ- વિશ્વ સુધી પ્રસરી ગઈ.

## આપની આજ
- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.)આર્થિક સમસ્યાનો ઉકેલ મળે. કોર્ટ-કચેરીના કાર્યમાં સફળતા મળે.**
**વૃષભ : (બ.વ.ઉ.) ગૃહસ્થજીવનમાં મતભેદ થાય. મનમાં મૂંઝવણ રહે.**
**મિથુન : (ક.છ.ઘ.)મહત્વના કાર્યમાં રૂકાવટ આવે. ક્રોધ પર કાબુ રાખવો.**
**કર્ક : (ડ.હ.)મનની મુરાદ પૂરી થાય. નવિન લાભની તક સાંપડે.**
**સિંહ : (મ.ટ.)હાથમાં આવેલી તક સરી જાય. જીવનસાથીના આરોગ્ય અંગે ચિંતા.**
**કન્યા : (પ.ઠ.ણ.)મનમાં ખિન્નતા રહે. ગુસ ચિંતા રહે.**
**તુલા : (ર.ત.) આર્થિક સમસ્યા તીવ્ર બને. સ્વમાન ઘવાય તેવો પ્રસંગ બને.**
**વૃશ્ચિક : (ન.ય.) આર્થિક સમસ્યાનો સામનો કરવો પડે. બેચેની અનુભવાય.**
**ધન : (ભ.ફ.ધ.) આરોગ્ય અંગે સાવધાની જરૂરી બને. ગૃહવિવાદના ભોગ બનવું પડે.**
**મકર : (ખ.જ.)યશ, માન, પ્રતિષ્ઠામાં વધારો થાય. કાર્યબોજ હળવો બને.**
**કુંભ : (ગ.શ.સ.) વાણી સંયમ જાળવવો હિતાવહ. અણધારી લાભની તક સરી જાય.**
**મીન : (દ.ચ.જ.થ.) પ્રવાસ-મુસાફરીમાં લાભ થાય. આકસ્મીક ધન લાભ થાય.**

## આજનો દિન મહાન
- યશવંત કડીકર

મૂળ અંગ્રેજ અન દક્ષિણ આફ્રિકાને પોતાનું કાર્યક્ષેત્ર બનાવનાર સામાજિક સેવાધારી મહામાનવ સોસિલ રહોડઝનો જન્મદિન છે.

એમનોજન્મ તા. ૫-૭-૧૮૫૩ ના રોજ ઈંગ્લેન્ડમાં થયો હતો. શ્રી સેસિલ રહોડઝ દક્ષિણ આફ્રિકાના સામાજિક , રાજકીય અને સાહિત્યિક પ્રશ્નો સાથે સીધી રીતે સંકળાયેલા હતા. દક્ષિણ આફ્રિકાના જનસમાજ પર તેમનું ખૂબ જ પ્રભુત્વ હતું.

આ સેવાના વ્રતધારી મહામાનવનું ઈ.સ. ૧૯૦૨ માં અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**




## તા. ૦૫.૦૭.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

**નિફ્ટી ફ્યુચર ૧૦૮૦૮ પોઈન્ટ મહત્વની સપાટી ....!!!**

**તા. ૦૪.૦૭.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૭૬૬ પોઈન્ટ :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૮૦૮ પોઈન્ટના પ્રથમ અને ૧૦૮૧૮ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૧૦૭૪૭ પોઈન્ટ થી ૧૦૭૩૦ પોઈન્ટ, ૧૦૭૧૭ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૦૮૦૮ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા. ૦૪.૦૭.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૬૪૨૫ પોઈન્ટ :- આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૬૩૦૩ પોઈન્ટના પ્રથમ અને ૨૬૨૬૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૬૪૭૪ પોઈન્ટ થી ૨૬૪૯૦ પોઈન્ટ, ૨૬૫૦૮ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૬૫૦૮ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

**ઇન્ડસિન્ડ બેન્ક (૧૯૬૬) :- બેન્ક ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૯૪૦ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૯૨૩ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૯૮૨ થી રૂ.૧૯૯૦ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૯૯૭ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**CEAT લિમિટેડ (૧૨૬૬) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૨૪૪ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૨૩૩ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૨૭૭ થી રૂ.૧૨૮૨ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!**

**લાર્સન લિમિટેડ ( ૧૨૬૩ ) :- રૂ.૧૨૪૪ નો પ્રથમ તેમજ રૂ.૧૨૩૭ ના બીજા સપોર્ટથી કન્સ્ટ્રકશન સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૨૭૭ થી રૂ.૧૨૮૩ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!**

**રેમન્ડ લિમિટેડ (૮૯૮) :- ટેક્ષટાઇલ સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૯૦૬ થી રૂ.૯૧૩ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૮૮૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**રિલાયન્સ ઇન્ફ્રા (૩૮૨) :- રૂ.૧૦ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૩૭૩ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક ઇન્ફ્રાસ્ટ્રકચર સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૩૮૮ થી રૂ.૩૯૩ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!**

**HDFC બેન્ક (૨૦૯૭) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેક્ટર નો આ સ્ટોક રૂ.૨૧૨૦ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૨૦૮૬ થી રૂ.૨૦૭૪ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૨૧૪૭ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**એશિયન પેઈન્ટસ (૧૨૯૫) :- રૂ.૧૩૧૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૩૨૩ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૧૨૮૦ થી રૂ.૧૨૭૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૩૩૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!**

**રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ (૯૯૩) : રિફાઇનરી સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૦૧૯ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૯૮૦ થી રૂ.૯૭૩ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!**

**મહિન્દ્રા & મહિન્દ્રા (૮૯૭) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ઓટો સેક્ટરનો આ સ્ટોક રૂ.૯૦૯ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૮૮૮ થી રૂ.૮૮૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૯૧૯ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**ટેક મહિન્દ્રા લિમિટેડ (૬૪૩) :- રૂ.૬૬૦ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૬૭૩ ના સ્ટોપલોસે વેચવાલાયક આ સ્ટોક તબક્કાવાર રૂ.૬૩૦ થી રૂ.૬૨૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૬૮૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો www.nikhilbhatt.in ને આધીન...!!!

# આજથી સૌપ્રથમ ખેલો ઈન્ડિયા (દિવ્યાંગ) ટુર્નામેન્ટ શરૂ કરાશે

અમદાવાદ

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા, મીનીસ્ટ્રી યુથ અફેર્સ એન્ડ સ્પોર્ટ્સ અને સ્પેશ્યલ ઓલિમ્પિક્સ, ભારત-ગુજરાત દ્વારા દેશમાં સૌપ્રથમવાર માનસિક ક્ષતિ ધરાવતાં દિવ્યાંગ રમતવીરો માટે ગુજરાતમાં ગાંધીનગરના આંગણે આવતીકાલથી ખેલો ઈન્ડિયા નેશનલ ચેમ્પિયનીશીપ શરૂ થઇ રહી છે, જેને લઇ ગુજરાત સહિતના દેશભરના સ્પોર્ટસચાહકોમાં ભારે ઉત્સાહ અને ઉત્તેજનાનો માહોલ છવાયો છે. આવતીકાલે તા.પથી ૯ જૂલાઇ,૨૦૧૮ દરમ્યાન ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી, ગાંધીનગર અને સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા,ગાંધીનગર ખાતે આ ખેલો ઈન્ડિયા(દિવ્યાંગ) નેશનલ ચેમ્પિયનશીપ ખેલાશે. શુક્રવારે તા.૬ઠ્ઠી જૂલાઇ,૨૦૧૮ના રોજ સાંજે ૭-૦૦ વાગ્યે આ સ્પર્ધાની ઓપનીંગ સેરેમની ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી ગાંધીનગર ખાતે યોજાશે. આ અંગે સ્પેશ્યલ ઓલિમ્પિક્સ ભારત-ગુજરાતના ચીફ પેટ્રોન અજય પટેલ પેટ્રોન રાકેશ શાહ અને સેક્રેટરી ડી.ડી.કાપડિયાએ જણાવ્યું હતું કે, દિવ્યાંગો માટેની આ રાષ્ટ્રીય સ્પર્ધામાં દેશના ૨૬ રાજયોમાંથી ૪૪૮ ભાઇઓ અને ૨૨૦ બહેનો રમતવીરો ભાગ લેશે. દિવ્યાંગ રમતવીરોને તેમના આગવા કૌશલ્ય મારફતે આ પ્લેટફોર્મ થકી પોતાની કારકિર્દી ઘડવામાં બહુ મદદ મળશે. સ્પેશ્યલ ઓલિમ્પિક્સ દ્વારા ભારતમાં આ વખતે સૌપ્રથમવાર માનસિક ક્ષતિ ધરાવતાં દિવ્યાંગ રમતવીરો માટે ખેલો ઈન્ડિયા નેશનલ ચેમ્પિયનશીપની સંપૂર્ણ જવાબદારી સ્પેશ્યલ ઓલિમ્પિક્સ ભારત-ગુજરાતને સોંપવામાં આવી છે. દિવ્યાંગ રમતવીરો માટેની આ નેશનલ ચેમ્પિયનશીપમાં દિવ્યાંગ ભાઇઓ માટે ૧૯ રમતો અને દિવ્યાંગ બહેનો માટે ૧૯ રમતો મળી કુલ ૩૮ રમત-ગમતનો સમાવેશ કરાયો છે. જેમાં એથ્લેટીક્સ, એકવેટીક્સ, બોશી, બેડમીન્ટન, ફુટબોલ, ટેબલટેનીસ સહિતની રમતોનો સમાવેશ કરાયો છે. આ સ્પર્ધામાં ગુજરાત ઉપરાંત, દેશના આંધ્રપ્રદેશ, અરૂણાચલ પ્રદેશ, આસામ, બિહાર, છત્તીસગઢ, દિલ્હી, ગોવા, હરિયાણા, હિમાચલ પ્રદેશ, ઝારખંડ, કર્ણાટક, કેરાલા, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, મણિપુર, નાગાલેન્ડ, ઓડિશા, પોંડિચેરી, પંજાબ, રાજસ્થાન, તામિલનાડુ, તેલાંગાણા, પશ્ચિમ બંગાળ સહિતના ૨૬ રાજયોમાંથી રાજયસ્તરે વિજેતા કુલ ૬૬૮ દિવ્યાંગ રમતવીરો ભાગ લેવા આવશે. દિવ્યાંગ રમતવીરો સાથે કોચ તરીકે ૧૦૫ ભાઇઓ અને ૬૩ બહેનો, ૨૫૦થી વધુ અધિકારીઓ, ૨૦૦ વોલેન્ટિયર્સ અને ૧૦૦થી વધુ ઓર્ગેનાઇઝર્સ મળી કુલ ૧૪૦૦ જેટલા લોકો સ્પર્ધાનો હિસ્સો બનશે એમ સ્પેશ્યલ ઓલિમ્પિક્સ ભારત-ગુજરાતના ચીફ પેટ્રોન અજય પટેલ પેટ્રોન રાકેશ શાહ અને સેક્રેટરી ડી.ડી.કાપડિયાએ ઉમેર્યું હતું. દરમ્યાન સ્પેશ્યલ ઓલિમ્પિક્સ, ભારત-ગુજરાતના ચેરમેન જગદીશ પટેલ, વાઇસ ચેરમેન આર.જે.ચૌધરી અને જોઇન્ટ સેક્રેટરી હિતેશ પટેલ(પોચી)એ જણાવ્યું હતું કે, સ્પોર્ટસ ઓલિમ્પિક્સ એક આંતરરાષ્ટ્રીય સંસ્થા છે અને તેણે આ વખતે માનસિક ક્ષતિ ધરાવતા દિવ્યાંગ રમતવીરો માટે ભારતમાં સૌપ્રથમવાર નેશનલ ચેમ્પિયનશીપની જવાબદારી ગુજરાતને સોંપતાં ગુજરાતનું નામ આંતરરાષ્ટ્રીયકક્ષાએ ઝળહળશે. સ્પેશ્યલ ઓલિમ્પિક્સને આ જૂલાઇ માસમાં ૫૦ વર્ષ પૂર્ણ થઇ રહ્યા છે અને તેની ખાસ ઉજવણીના ભાગરૂપે દિવ્યાંગ રમતવીરો માટેની આ સ્પર્ધાનું આયોજન કરાયું છે. આ ઉજવણીના ઉપલક્ષ્યમાં સમગ્ર વર્ષ દરમ્યાન માનસિક ક્ષતિ ધરાવતા દિવ્યાંગ રમતવીરો માટે વિવિધ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવશે.

# માણસા ખાતે શ્રીમદ્ ભાગવત પારાયણનું આયોજન : માત્ર ૧૫૧માં સહ યજમાન બના

**સહ યજમાન બનવા તા.૩૧ જુલાઇ સુધી નામ નોંધાવવા અનુરોધ**

ડીસા

સનાતન હિન્દુ ધર્મની આગવી પરંપરામાં સમાવિષ્ટ પિતૃ મોક્ષાર્થે શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞનું અયોજન બધા જ કરી શકતા નથી કારણ કે આ પારાયણ ખર્ચાળ છે, પરંતુ કચ્છીઓના આર્થિક સહયોગથી વિસ્તરી રહેલા આનંદી માનો વડલો (વાનપ્રસ્થાશ્રમ) માણસા ખાતે માત્ર રૂા.૧૫૧ ના આર્થિક સહયોગથી ભાગવત પારાયણ સહયજમાન પદની તક અપાઈ છે.

શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ પ્રેરિત મા પાલઈ વિઘ્નેશ્વરી ધામ (પચદેવ મંદિર એવમ આનંદી માનો વડલો (વાન પ્રસ્થાશ્રમ)નાં સંચાલક અને કચ્છીઓ સાથે ધરોબો ધરાવતા રાજ્ય વિધાનસભા અધ્યક્ષના પૂર્વ સચિવ એવા દિનેશભાઈ વ્યાસે પોતાના પિતૃઓના મોક્ષાર્થે તા.૨૪-૧૧ થી તા.૩૦-૧૧થી ૩૦-૧૧ સુધી મકાખાડ રોડ માણસા સ્થિત મા માલઈ વિઘ્નેશ્વરીધામે શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞનું આયોજન કર્યું છે અને તેમાં સહયજમાનપદ ઈચ્છુકોને માત્ર ૧૫૧માં જ સહયજમાન બનાવવાનો નિર્ણય કર્યો છે.આ ૧૫૧ માં રૂા.૫૧ ગૌદાનમાં જશે. સહયજમાન સંખ્યા ૧૦૦૮ છે. દરેક સહયજમાન પરિવારને કથા દરમ્યાન ભોજન પ્રસાદ સંસ્થા દ્વારા અપાશે.

આ વાનપ્રસ્થાશ્રમ મૂળ રાપરના મુંબઈ સ્થિત દાતા ધનજીભાઈ 'ધનાશા'ના સહયોગ થી પંચદેવનું મંદિરનું નિર્માણ થયું છે. કથાના વ્યાસાસને સતનો દરબાર ભાદરવા ગુરૂ આશ્રમના પુરણાચાર્ય નિકુંજ મહારાજ રહેશે. મુખ્ય યજમાન કાંતિલાલ મહાશંકર વ્યાસ પરિવાર છે. સસ્થાએ માણસાને વીરપુરધામ બનાવવાનો સંકલ્પ કર્યો છે. છ વર્ષથી અન્નક્ષેત્ર ચાલે છે. રવિવારે જલારામ ખિચડી તથા સવારે વિવિધ રોગ-નિદાન સારવાર કેમ્પ યોજાય છે. ઉપરાંત સર્વ જ્ઞાતિય સમૂહલગ્ન, મુસ્લિમ સમાજના સમૂહનિકાહ પણ થાય છે.આ ભાગવત કથામાં વહેલા તે પહેલાના ધોરણે સહયજમાન નોંધવાના હોવાથી ઈચ્છુકોએ તા.૩૧-૭-૧૮ સુધીમાં મનહર ભાઈ જોશી ૮૧૨૮૬ ૮૦૦૦૭ પર સંપર્ક સાધવા અનુરોધ કરાયો છે.

# લોકનિકેતન વિનયમંદિર લવાણામા ગીત ગુંજન સ્પર્ધા યોજાઇ




પ્રતિનિધિ લવાણા

લોકનિકેતન વિનયમંદિર લવાણા મા ગીત ગુંજન સ્પર્ધા યોજાઇ. લોકનિકેતન રતનપુર સંચાલિત લોકનિકેતન વિનયમંદિર લવાણા મા તારીખ ૪ જુલાઈ ૨૦૧૮ ના રોજ સાંસ્કૃતિક કાર્યક્રમના સંદર્ભમાં ગીતગુંજન સ્પર્ધા યોજાઇ હતી .જેમાં શાળાના વિદ્યાર્થી ભાઈ બહેનોએ ભાગ લીધો હતો .આ ગીત ગુંજન સ્પર્ધામાં લોકગીત ,ભજન, લગ્ન ગીત તેમજ દેશભક્તિગીત વિદ્યાર્થીઓએ રજૂ કર્યા હતા. જેમાં વિદ્યાર્થીઓએ તાલ અને લય સાથે ગીત ની રમઝટ બોલાવી હતી .સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક મિત્રોના માર્ગદર્શન હેઠળ શાળાના વિદ્યાર્થી સાસુ વિહાભાઈ તેમજ શાળાના શિક્ષિકા બહેન રીટાબહેન પટેલે કર્યું હતું .કાર્યક્રમના અંતમાં શાળાના આચાર્ય વિષ્ણુભાઈ પટેલે વિદ્યાર્થીઓને કાર્યક્રમમાં ભાગ લેવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# ૧૫ થી ૩૫ વર્ષના યુવક યુવતીઓ માટે નેતૃત્વ અને યોગાસન તાલીમ શિબિર યોજાશે

પાલનપુર

૧૫ થી ૩૫ વર્ષના યુવક યુવતીઓ માટે નેતૃત્વ અને યોગાસન તાલીમ શિબિર રાજયના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગરના ઉપક્રમે બનાસકાંઠા જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી દ્વારા યોજવામાં આવશે. આ જિલ્લાકક્ષાની યુવક નેતૃત્વ અને યોગાસન તાલીમ શિબિરમાં ભાગ લેવા ઇચ્છતા ૧૫ થી ૩૫ વર્ષના યુવાનોએ પોતાના સ્વહસ્તાક્ષરમાં તા. ૩૦ જુલાઇ-૨૦૧૮ સુધીમાં અરજી કરવાની રહેશે.

તાલીમ શિબિરમાં ભાગ લેવા વ્યક્તિએ અરજીમાં પુરૂ નામ, સરનામું, જન્મ તારીખ, અભ્યાસ, વ્યવસાય, સંપર્ક નંબર, પાસપોર્ટ સાઇઝના ફોટો અચૂક બિડવાનો રહેશે. આ બન્ને શિબિરો પૈકી એક શિબિર માટે અરજી કરવાની રહેશે. આવેલ અરજીઓ પૈકી પસંદ થયેલ તાલીમાર્થીઓને વિગતવાર કાર્યક્રમની જાણ કરવામાં આવશે.

જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, જિલ્લા સેવાસદન-૨, ડ-૨૧, ૨ જો માળ, જોરાવર પેલેસ કમ્પાઉન્ડ, પાલનપુર જિ.બનાસકાંઠા ખાતે અરજી કરવા જિલ્લા રમતગમત અધિકારીએ જણાવ્યું છે.

# અમરનાથ યાત્રામાં હજુ સુધી ૧૧ શ્રદ્ધાળુઓના થયેલા મોત

શ્રીનગર

વાર્ષિક અમરનાથ યાત્રા શાંતિપૂર્ણ માહોલમાં ભારે ઉત્સાહ વચ્ચે જારી છે પરંતુ જમ્મુ કાશ્મીરના ગંદરબાલ જિલ્લામાં ભેખડ પડતા પાંચ શ્રદ્ધાળુઓના મોત થયા છે. પોલીસે માહિતી આપતા કહ્યુ છે કે અમરનાથ યાત્રાના બાલટાલવાળા રસ્તા પર ભેખડો ધસી પડવાના બનાવો બન્યા હતા. જેમાં અન્ય ત્રણ ઘાયલ પણ થયા છે. બાલટાલ રૂટ પર રેલપત્રી અને બ્રારી માર્ગ વચ્ચે ભેખડો ધસી પડવાની ઘટના બની છે. અમરનાથ યાત્રામાં હજુ સુધી જુદા જુદા કારણોસર કુલ ૧૧ના મોત થયા છે. સોમવાર અને મંગળવારના દિવસે જુદા જુદા કારણોસર ત્રણ લોકોના મોત થયા હતા. વાર્ષિક અમરનાથ યાત્રા છેલ્લા એક સપ્તાહથી ચાલી રહી છે. આ વખતે અન્ય વર્ષોની સરખામણીમાં વધારે સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી છે. સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે અમરનાથ યાત્રા માટે શ્રદ્ધાળુઓનો પ્રથમ કાફલો ગયા બુધવારના દિવસે સવારે જમ્મુથી બાલતાલ અને બેઝ કેમ્પ માટે રવાના થયો હતો. ૬૦ દિવસની આ યાત્રામાં આ વખતે અઢી લાખથી વધુ શ્રદ્ધાળુઓ નોંધણી કરાવી ચુક્યા છે. અમનારથ યાત્રા ૨૬મી ઓગસ્ટ સુધી ચાલનાર છે. અમરનાથ યાત્રીઓની સંખ્યામાં પહેલાની સરખામણીમાં વધારો થાય તે માટે આ વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે ગંભીરરીતે ધ્યાન આપી રહ્યા છે. બે લાખથી વધુ શ્રદ્ધાળુઓ પહેલાથી જ નોંધણી કરાવી ચુક્યા છે. બાલતાલ અને પહેલગામથી અમરનાથની પવિત્ર ગુફા સુધી પહોંચવાના બે રસ્તાઓ છે. આ બનંને રસ્તા શ્રીનગરથી ખૂબ સારી રીતે જોડાયેલા છે. મોટાભાગે શ્રદ્ધાળુ શ્રીનગરથી પોતાની યાત્રા શરૂ કરે છે. પહેલગામથી અમરનાથની પવિત્ર ગુફા ૪૮ કિલોમીટરના અંતરે છે જ્યારે બાલતાલથી પવિત્ર ગુફા ૧૪ કિલોમીટરના અંતરે છે.

# અષાઢ સુદ-૨ થી અંબાજી મંદિરમાં આરતી અને દર્શનનો સમય

પાલનપુર

શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટની યાદીમાં જણાવાયું છે કે સૂર્યોદય અને સૂર્યાસ્તના સમયમાં ઋતુ પ્રમાણે ફેરફાર થવાથી અંબાજી માતા મંદિર, અંબાજીમાં યાત્રાળુઓની સગવડતા ખાતર અષાઢ સુદ-૨ (બીજ) શનિવારને તા.૧૪/૭/૨૦૧૮ થી આરતી તથા દર્શનનો સમય નીચે મુજબ રહેશે. જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી છે.

આરતી સવારે- ૭.૩૦ થી ૮.૦૦, દર્શન સવારે- ૮.૦૦ થી ૧૧.૩૦, રાજભોગ બપોરે- ૧૨.૦૦ કલાકે દર્શન બપોરે- ૧૨.૩૦ થી ૧૬.૩૦, આરતી સાંજે-૧૯.૦૦ થી ૧૯.૩૦ દર્શન સાંજે- ૧૯.૩૦ થી ૨૧.૦૦.

# વડગામ ભાજપ કાર્યાલય ખાતે પ્રદેશ અગ્રણીનું આગમન




તા.પ્રતિનિધિ વડગામ

વડગામ ખાતે ભારતીય જનતા પાર્ટીના કાર્યાલય ખાતે વડગામ ભારતીય જનતા પાર્ટી દ્વારા ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમના ચેરમેન અને ભારતીય જનતા પાર્ટી અનુસુચિત મોરચા ગુજરાત પ્રદેશના મહામંત્રી ગૌતમભાઈ ગેડિયાનું શાલ તથા પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગે ગૌતમભાઈ ગેડિયાએ વડગામ ભાજપાના કાર્યકરોને આગામી સમયમાં સાંપ્રત પ્રવાહને અનુલક્ષીને વડગામ પંથકની જનતાના જનમન સુધી કાર્યકરો રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાની માહિતી લઈ વિવિધ કાર્યક્રમો થકી લોકોના મન સુધી પહોંચે અને આ પંથકમાં વૈમનસ્ય ફેલાવતા લોકોથી જનતાને સચેત કરવા હાકલ કરી હતી.

# જુનાડીસા રામાપીર મંદિરમાં વૃક્ષારોપણ



જુનાડીસા

'ગ્લોબલ વોર્મિંગ' ના કારણે ઋતુચક્ર ફરી જતા સમગ્ર સૃષ્ટિ ઉપર તેની વિપરીત અસરો પડી રહી છે. ત્યારે તેનાથી બચવાનો એક માત્ર વૃક્ષારોપણ રામબાણ ઈલાજ છે. જેને લઈ વરસાદ થતા જ ઠેરઠેર વૃક્ષારોપણ થવા લાગ્યું છે. ત્યારે ડીસા તાલુકાના જુનાડીસા ગામની મધ્યમમાં આવેલ રામાપીરના મંદિરમાં પણ વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. મંદિર પ્રાંગણમાં વિવિધ પ્રકારના છોડ વાવી તેના ઉછેર માટે ભાવિક ભક્તો સંકલ્પબદ્ધ બન્યા છે. 'છોડમાં રણછોડ' ઉક્તિને સાર્થક કરતા આ પાવન પ્રસંગે સરપંચ બબાભાઈ દેસાઈ, ડે.સરપંચ ફારૂકભાઈ દાણી, બબાભાઈ પટેલ, સેંધાભાઈ પુનડીયા, પંચાયત સભ્ય જીવણભાઈ છત્રાલિયા, પ્રકાશભાઈ છત્રાલિયા, પ્રભુભાઈ છત્રાલિયા, જયેશભાઈ વગેરે હાજર રહ્યા હતા. અત્રે ઉલ્લેખનિય છે કે ગામની આસ્થા સમાન રામાપીરના મંદિરનું હાલમાં 'રીનોવેશન' કામ ચાલુ છે. તેથી મંદિર પરિસરની શોભામાં અભિવૃધ્ધિ થવા પામી છે. જેના કારણે બાબા ભક્તોમાં ખુશાલી છવાઈ છે.

# અગ્રણી ખાતર બ્રાન્ડ 'મહાધન' ભારતમાં આગામી પેઢીના નવીન ખાતરોની વ્યાપક રેન્જ સાથે બજાર કબજે કરશે




અમદાવાદ

દેશની અગ્રણી ખાતર ઉત્પાદક કંપનીઓમાંની એક સ્માર્ટકેમ ટેક્નોલોજીસ લિમિટેડ (એસટીએલ) તેની અમ્બ્રેલા બ્રાન્ડ મહાધન હેઠળ આગામી પેઢીના ખાતરોની તેની નવીન રેન્જ સાથે બજારમાં ક્રાંતિ લાવી રહી છે. ગુણવત્તા અને વિશ્વાસની પર્યાય સમાન બ્રાન્ડ ત્રણ દાયકા કરતાં વધુ સમયથી કૃષિ સમાજનો વિશ્વાસ જીતી રહી છે અને તેમને ઉચ્ચ ગુણવત્તાના ઉત્પાદનો પૂરા પાડીને તેમની ઊપજ વધારવા અને તેમની પેદાશોની ગુણવત્તા વધારવામાં મદદ કરે છે.મહાધને ૧૦:૨૬:૨૬ અને ૧૨:૩૨:૧૬ ગ્રેડ સાથે મહાધનસ્માર્ટેક બ્રાન્ડ કેટેગરી હેઠળ નવીન ખાતર રજૂ કર્યું છે. 'સ્માર્ટેક' એક ક્રાંતિકારી અને બિનપરંપરાગત ખાતર છે, જે જમીનને પોષણ આપે છે, મૂળને મજબૂત બનાવે છે અને મૂળના પોષક તત્વોની શોષણ ક્ષમતા વધારે છે. સ્માર્ટેક ટેક્નોલોજીના ઉપયોગથી વિશેષ કવચ ધરાવતા પ્રત્યેક દાણા સાથે શ્રેષ્ઠ ખાતર મહાધનસ્માર્ટેક પોષક તત્વો વધારવા માટે વધારાની ક્ષમતા અને ઉપજ સાથે આવે છે. માત્ર ખેડૂતોના પાકની ગુણવત્તા અને ઉપજ સુધારવા માટે જ નહીં, પરંતુ તેમની ખર્ચ-લાભની સરેરાશ વધારવામાં મદદરૂપ થવા માટે પણ તે વિકસાવવામાં આવ્યું છે. તેનું વિશેષ કવચ ઓર્ગેનિક કાર્બન અને ખનીજ તત્વોથી સમૃદ્ધ છે, જે છોડની સ્વસ્થ વૃદ્ધિ માટે આવશ્યક પોષક તત્વોના છોડને વધારવામાં મદદરૂપ થાય છે. મહાધનસ્માર્ટેક સાથે એસટીએલ ખાતર ક્ષેત્રમાં ક્રાંતિ લાવવા માગે છે.'ખેડૂતોને વધુ સારી ઊપજ મળે, તેઓ સારી ગુણવત્તાનો પાક મેળવે અને તેમના રોકાણ પર ઊંચું વળતર મેળવે તે માટે અમે સતત પ્રયત્નશીલ છીએ. અમે પાયલટ ફાર્મિંગ, ઉત્પાદનના પ્રદર્શન અને ડીલર જાગૃતિ કાર્યક્રમો દ્વારા નવીનતા અને ટેક્નોલોજી આધારિત ખાતરો મારફત અત્યાધુનિક પાક પોષણ વૃદ્ધિ પદ્ધતિ અંગે ખેડૂતોને શિક્ષિત કરવા માટે અનેક પગલાં લઈએ છીએ. અમે ભારતમાં સર્વશ્રેષ્ઠ પોષણ ઉકેલો પૂરા પાડીને ઉત્પાદન કેન્દ્રીત કંપનીમાંથી ઊંચી વેલ્યુ ચેઈન બનવા તરફ આગળ વધ્યા છીએ.'

# બનાસકાંઠાના પોલીસ મથકો ઈન્ચાર્જ પી.એસ.આઈ. હવાલે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી


ભરત સુંદેશા

ડીસા

બનાસકાંઠા જિલ્લાના પોલીસ મથકો ઈન્ચાર્જ પી.એસ.આઈ. ઓના હવાલે કરી દેવાયા છે જેથી કાયદો અને વ્યવસ્થા કથળી જિલ્લામાં ફાયરીંગના ચાર બનાવો બનવા પામ્યા છે તેમ છતાં એકપણ આરોપીની ધરપકડ પણ થવા પામી નથી.

સરહદી બનાસકાંઠા જિલ્લામાં ૧૪ તાલુકા પોલીસ મથકો સાથે અન્ય પોલીસ મથકો આવેલ છે. પરંતુ હાલમાં ડીસા, થરાદ, અંબાજી સહિત મોટા ભાગના પોલીસ મથકો ઈન્ચાર્જ બિન અનુભવી પી.એસ.આઈ. ઓ.ના હવાલે કરી દેવાયા છે. જેના કારણે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી ગઈ છે. જેના કારણે ગુનાખોરીનો "ગ્રાફ" ઉંચકાતા છેલ્લા એક મહીનામાં જિલ્લામાં ફાયરીંગના ચાર બનાવો બનવા પામ્યા છે. તેમ છતાં તેનો ભેદ ઉકેલાવો તો દુર પોલીસ હજુ સુધી એક પણ આરોપીને પકડી શકી નથી જેથી ગુનેગારોને મોકળું મેદાન મળી જવા પામ્યું છે. યાત્રાધામ અંબાજી, રાજસ્થાન સરહદને અડીને આવેલું જગવિખ્યાત ધામ છે તેમ છતાં પોલીસ મથક ઈન્ચાર્જ પી.એસ.આઈ. ના હવાલે છે. જ્યારે ડીસાની વાત કરીએ તો ઉત્તર અને દક્ષિણ પોલીસ મથક ઈન્ચાર્જ પી.એસ.આઈ.ના હવાલે છે. તેમાં પણ દક્ષીણ પોલીસ મથકમાં હેડ કોન્સ્ટેબલમાંથી બઢતી પામેલ પી.એસ.આઈ. બ્રહ્મભટ્ટને તાલિમ પણ અપાઈ નથી અને ચાર્જ સોંપી દેવાયો છે. કાયદો અને વ્યવસ્થા કથળતા લોકોના જાન - માલ સામે જોખમ મંડરાયું છે જેને ગંભીરતાથી લઈ જિલ્લા પોલીસ વડા નિરજકુમાર બડગુજર તમામ પોલીસ મથકોએ કાયમી પી.આઈ.ની નિમણુંક કરે તે જરૂરી છે.

**સી.પી.આઈ.ની પોસ્ટ રદ ?**

બનાસકાંઠા જિલ્લામાં પી.આઈ.ઓ.ની ઘટ વર્તાય છે ત્યારે રાજ્ય સરકારે સી.પી.આઈ.ની પોસ્ટ રદ કરી દીધી છે. પરંતુ જિલ્લાના પી.આઈ.ઓ. ને સી.પી.આઈ. કચેરીમાં મુકવામાં આવ્યા છે જેથી પોલીસ મથકો નધણિયાત બનતા ગુનાખોરીનો "ગ્રાફ" ઉંચકાયો છે.

# થરાદમાં પાણી ના નિકાલ માટે ગાંધીનગરથી તંત્ર દોડ્યું

**નગરપાલિકાએ મોકલેલા પ્રોજેક્ટનું નિરીક્ષણ કરી સુધારા વધારા સુચવ્યા**


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદ નગરના વધુ અસરગ્રસ્ત ગણેશ અને મહાલક્ષ્મી સોસાયટીની મહિલાઓએ મંગળવારે પાણીના કાયમી નિકાલના મુદ્દે હોબાળો મચાવી ગાંધીનગર સુધી આંદોલન છેડવાની ચિમકી આપ્યા બાદ બુધવારે સવારે ગાંધીનગરથી નગરપાલિકાના પ્રોજેક્ટના ઈમ્પ્લીમેન્ટ (થર્ડ પાર્ટી ઈન્સ્પેક્શન) માટે ટાટા કન્સલ્ટન્સીની ટીમ દોડી આવી હતી.જેમણે પાલિકા દ્રાર તૈયાર કરાવીને મંજુરી માટે મોકલવામાં આવેલા પ્રોજેક્ટ યોગ્ય છેકે કેમ તથા સ્થળ સ્થિતી (પાણી ગ્રેવીટ-ીથી જશે કે પંપીગ કરવું પડશે સહિત) ના લોકેશનનું નિરીક્ષણ કર્યું હતું.

જેમાં કેટલાક સુધારવધારા કરીને સુચન પણ કર્યાં હતાં.આ અંગે પાલિકાના સુત્રોએ જણાવ્યું હતું કે પાલિકાએ તૈયાર કરેલ અંદાજીત ૧૬૦૦ મીટર (દોઢ કિમી)ની પાઈપલાઈનની ડીઝાઈનને અડધી જ કરાવી હતી. તેમના સુચન પ્રમાણે ૮૦૦ મીટર જેટલીજ લિકેજ ન થાય તે પ્રકારની ડીઆઇ પાઈપલાઈન વાટે પંપીગ કરીને અને બાકીનું મેનહોલ મારફતે ગ્રેવીટીથી જઈ શકે તેમ હોઈ પાલિકાને તે પ્રકારની ફાઈલ મોકલવા જણાવ્યું હતું.આથી નગર પાલિકા દ્વારા તેમના સુચન પ્રમાણે સુધારાવધારા કરીને એસ્ટીમેંટ તૈયાર કરીને મોકલાશે જેને વહીવટીમંજુરી મળ્યા બાદ ગ્રાંટની ફાળવણી થશે અને પાલિકા ટેન્ડરિંગ પ્રક્રીયા હાથ ધરી કામ શરૂ કરી શકશે.આમ પરમીશન માટે સુધારાવધારા કરીને સરકારની લીલીઝંડી મેળવવાના (ટેક્નિકલ અને વહિવટીમંજુરીના બે તબક્કામાંથી પસાર થયા) બાદ કામગીરી શરૂ કરી શકાશે.અને નગરપાલિકા દ્વારા પિંપળીયા તળાવથી ઢીમા રોડ પર એસ.આર પંપ સુધી પંપીગ કરીને પાણી લઇ ગયા બાદ

અનુસંધાન પાના નં.૬

# પાલનપુર રેલવે સ્ટેશન નજીક જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

પાલનપુર

પાલનપુર રેલવે સ્ટેશન નજીક જુગાર રમાતો હોવાની બાતમીના આધારે પૂર્વ પોલીસ મથકના એએસઆઇ મોહનસિંહે મંગળવારે સાંજે ઓચિંતો છાપો માર્યો હતો. જ્યાં વરલી મટકાનો જુગાર રમાડતા પાલનપુર સોનબાગ વિસ્તારના મુરાદભાઈ રસુલભાઈ શેખને ઝડપી લીધો હતો. જેની પાસેથી રૂપિયા ૩૫૦ રોકડા તેમજ જુગાર રમાડવાનું સાહિત્ય કબ્જે લેવામાં આવ્યું હતુ. જોકે, રેડ દરમિયાન શૈલેષ માળી ઉર્ફે સેન્ડો નાસી ગયો હતો. બંને સામે પોલીસે જુગારધારાની કલમ મુજબ ગૂનો નોંધ્યો છે.

# થરાદની ભાપીની નર્મદા નહેરમાં મહિલાએ પાપકર્મ છુપાવવા બાળક ત્યજ્યાની આશંકા

પ્રતિનિધિ થરાદ

થરાદ તાલુકાના ભાપી ગામની સીમમાંથી પસાર થતી નર્મદાની મુખ્ય નહેરમાં બુધવારની સવારના સુમારે અવરજવર કરતા ખેડુતોએ એક નવજાત બાળકને ત્યજી દેવાયેલ હાલતમાં જોયું હતું.જે કાયમના માટે આંખો મિંચાયેલ અને ફુગાઇ ગયેલી હાલતમાં હોઇ તેને જોઇને બધા દ્રવી ઊઠ્યા હતા.આ નવજાત બાળકને નહેરમાં ફેંકી દઈને મોતને ઘાટ ઉતાર્યું હોવાનું પણ ચર્ચાસ્પદ બન્યું હતું.તો પુરા મહીને જન્મેલા હોય તેવા પરીપક્વ બાળકને કોઈ માતાએ પોતાનું પાપકર્મ છુપાવવા માટે જન્મ આપ્યા બાદ તેને નહેરમાં નાખી મોતને હવાલે કરવામાં આવ્યું હોવાનો તર્ક પ્રકટ કરી ફુલ જેવા કુમળા બાળકને નહેરમાં નાખવાનું અધમ અને રાક્ષસી કૃત્ય કરનાર આ માતા અને તેમાં સામેલ શખ્સો પ્રત્યે ધૃણા અને ફીટકારની લાગણી પ્રક્ટ કરતા જોવા મળ્યા હતા.એક બાજુ માતૃત્વ ઝંખતી મહીલાઓ પથ્થર એટલા દેવ પણ પુજતી હોય છે ત્યારે કોઇ નિષ્ઠુર હ્રદયની માતા આ રીતે નવજાત બાળકોને મોતને હવાલે કરવાના વધી રહેલા બનાવથી થરાદ પંથકમાં ભારે ચકચાર અરેરાટી અને ફીટકારની લાગણી ફેલાયેલી જોવા મળી હતી.

# આંત્રોલીમાં ગૂમ યુવતીને શોધવાનું કહેતા હૂમલો

**યુવતીને શોધી લાવવાનું કહેતા યુવકના પરિવારજનોએ કર્યો હુમલો : છ શખ્સો સામે પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ**

પાલનપુર

પાલનપુર તાલુકાના આંત્રોલી ગામની એક યુવતી ઘરેથી બ્યુટીપાર્લર જવાનું કહી નીકળી હતી. જે ગૂમ થઇ ગઇ હતી. દરમિયાન તેણીને ગામનો જ યુવક લઇ ગયો હોવાની શંકા જતાં યુવતીના પરિવારજનો યુવતીને શોધી લાવવાનું કહેતા સામા પક્ષના શખ્સોએ હૂમલો કર્યો હતો. આ અંગે પાલનપુર તાલુકા પોલીસ મથકે છ શખ્સો વિરૂધ્ધ ફરિયાદ નોંધવામાં આવી છે.

પાલનપુર તાલુકાના આંત્રોલી ગામે રહેતા એક પરિવારની યુવતી મંગળવારે સવારે ઘરેથી બ્યુટીપાર્લરમાં જવાનું કહી નીકળી હતી. જે ગૂમ થઇ ગઇ હતી. દરમિયાન તેણીને ગામમાં રહેતા ગોવિંદભાઈ પુંજાભાઈ ભુતડીયાના પુત્ર હરેશભાઈ લઇ ગયો હોવાની આશંકા જતાં યુવતીના પરિવાજનો ગોવિંદભાઈને કહેવા ગયા હતા. જેમને યુવતી પરત લાવી આપવાનું કહેતા ગોવિંદભાઈ ભૂતડીયા, વિપુલભાઈ ગોવિંદભાઈ ભૂતડીયા, દિપકભાઈ ભુતાભાઈ ભુતડીયા, અશોકભાઈ ગોવિંદભાઈ ગાડરીયા, મહેશભાઈ ભગવાનભાઈ ગાડરીયા અને દિનેશભાઈ નાનજીભાઈ ગાડરિયા ઉશકેરાઈ જઈ યુવતીના પિતાને ગડદાપાટુનો મારમારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ અંગે તેમણે પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

# બનાસકાંઠામાં ખનીજચોરી કરતી વધુ ત્રણ ટ્રકો ઝડપાઇ

**છેલ્લા એક માસમાં રૂપિયા પચાસ લાખ ઉપરાંતનો દંડ વસુલાયો**

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં ભૂસ્તર શાસ્ત્રી દ્વારા ખનીજ ચોરી કરતા તત્વો સામે તવાઈ હાથ ધરવામાં આવી છે. ગતરોજ વધુ ત્રણ ટ્રકો ઝડપી લીધી હતી. જે સાથે છેલ્લા એક માસમાં ખનીજચોરીનો રૂપિયા પચાસ લાખ ઉપરાંતનો દંડ વસુલવામાં આવ્યો છે. આ કાર્યવાહીના પગલે ખનીજચોરોમાં ભારે ફફડાટ પ્રસરી જવા પામ્યો છે.

બનાસકાંઠા જીલ્લા ભૂસ્તરશાસ્ત્રી તરીકે ચાર્જ સંભાળતાની સાથે જ સુભાષ જોષીએ ખનીજચોરો સામે લાલ આંખ કરી છે. પહેલા દિવસે જ રૂપિયા ૨૧ લાખનો દંડ વસુલ્યા બાદ આ કાર્યવાહી સતત ચાલી રહી છે. જ્યાં બુધવારે વધુ ત્રણ ટ્રકો ઝડપી લેવામાં આવી હતી. આ અંગે ભુસ્તર શાસ્રી સુભાષ જોષીએ જણાવ્યું હતુ કે, જિલ્લામાં ખનીજચોરી કરતા શખ્સો સામે કડક હાથ કાર્યવાહી થઇ રહી છે. જેમાં પાલનપુર નજીકથી વધુ ત્રણ ટ્રકો ઝડપી લેવામાં આવી હતી. આ ઉપરાંત પાટણ વિસ્તારમાંથી પણ ઓવરલોડ ટ્રકો ઝડપવામાં આવી છે. સતત કાર્યવાહીમાં અત્યાર સુધીમાં કુલ રૂપિયા ૫૦ લાખ ઉપરાંતનો દંડ વસુલ કરવામાં આવ્યો છે.

# ડીસા હરિઓમ સ્કુલમાં ફાયર બ્રિગેડ દ્વારા આપત્તિ વ્યવસ્થાપન કાર્યક્રમ યોજાયો

ડીસા

શ્રી કે.બી.અગ્રવાલ હાઈસ્કુલ, ડીસા ખાતે ડીસા નગરપાલિકાના ફાયર બ્રિગેડ દ્વારા શાળાના બાળકોને કુદરતી આફત વખતે કેવી રીતે સ્વબચાવ કરી જાન-માલનું રક્ષણ કરી શકાય તેનું પ્રત્યક્ષ નિદર્શન કરી બાળકોને માર્ગદર્શન આપવામાં આવેલ.

માહિતી આપનાર કર્મચારીઓનો નિયામક નટુભાઈ વ્યાસ અને આચાર્ય શેખે આભાર વ્યક્ત કર્યો હતો.

**આજે ડીસા સાંઈબાબા મંદિર ખાતે ભગવાન**

# જગન્નાથજી અને સાંઈ બાબાની મહાઆરતી

ડીસા

આજે તા.૫/૭/૨૦૧૮ ને ગુરૂવારના રોજ ભગવાનશ્રી જગન્નાથજી સાંઈ મંદિર મોસાળ પધારેલ હોઈ આજે સાંજે ૭ વાગે સાંઈબાબા મંદિર ખાતે ભગવાનશ્રી જગન્નાથજી, બહેન સુભદ્રાજી, ભ્રાતા બલભદ્રજી તથા સાંઈબાબાની મહાઆરતીનું આયોજન સાંઈબાબા ટ્રસ્ટ અને શ્રી સુભાષચંદ્ર બોઝ સેવા સમિતિ દ્વારા કરેલ હોઈ ડીસા શહેરની ધર્મ પ્રેમી જનતાને તેનો લાભ લેવા ખાસ વિનંતી છે. આ મહાઆરતીમાં આપ આપના ઘેરથી આરતી તૈયાર કરી લઈ આવી મહાઆરતીમાં ભાગ લઈ શકો છો. જેથી ખાસ નોંધ લેવી તેવું એક અખબારી યાદીમાં શ્રી સુભાષચંદ્ર બોઝ સેવા સમિતિ વતી ડીસાની જનતાને અનુરોધ કરવામાં આવે છે.

# કલા અને સાંસ્કૃતિક વારસાના જતન માટે કલા મહાકુંભ યોજાશે

પાલનપુર

બનાસકાંઠા જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, પાલનપુરની અખબારી યાદીમાં જણાવાયું છે કે ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગરના ઉપક્રમે રાજયના સાંસ્કૃતિક વારસાનું જતન થાય તથા રાજયની કલા સંસ્કૃતિથી લોકો માહિતગાર થાય તે હેતુથી રાજય કલા મહાકુંભ-૨૦૧૮ સ્પર્ધાનું આયોજન કરવામાં આવનાર છે. આ કલા મહાકુંભની સર્પધાઓ સૌપ્રથમ તાલુકાકક્ષા, જિલ્લાકક્ષા, પ્રદેશકક્ષા અને રાજયકક્ષાએ થશે.

કલા મહાકુંભમાં કુલ-૨૯ સ્પર્ધાઓનું આયોજન થનાર છે. ચાલુ વર્ષે કેટલીક સ્પર્ધાઓનો વધારો કરવામાં આવ્યો છે. જેમાં લગ્નગીત, ફટાણા, ભવાઈ, ઓડીસી, મણીપુરી, કુચીપુડી, રાવણહથ્થો, જોડીયા પાવાની સ્પર્ધાઓનું પ્રથમવાર કલા મહાકુંભમાં આયોજન થશે. આ વખતે કલા મહાકુંભમાં ઓફલાઈન અને ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી શકાશે.

અનુસંધાન પાના નં.૬

# ડીસામાં એકેડમી અને લાયબ્રેરી સંચાલકનું સન્માન



ડીસા

બનાસકાંઠા જિલ્લાના તાલુકા મથક ડીસા ખાતે નહી નફો નહીં નુકશાનના ધોરણે 'બિઝનેશ વર્લ્ડ' શોપીંગના ત્રીજા માળે કાર્યરત વિનર્સ એકેડમી અને લાયબ્રેરી સરકારી નોકરી ઝંખતા યુવક-યુવતીઓ માટે આશિર્વાદરૂપ નિવડી છે. પાટનગર ગાંધીનગરમાં અપાર સફળતા મેળવ્યા બાદ માદરે વતનનું ઋણ ચુકવવાના આશયથી રાણપુરના અનિલ સાંખલાએ વિનર્સ એકેડેમી અને લાયબ્રેરી શરૂ કરી છે. જ્યાં સરકારી નોકરીવાંછુ યુવક અને યુવતિઓને મામુલી દરે કોચિંગ સહિતની તમામ સુવિધા પુરી પાડવામાં આવે છે. જે ગરીબ અને મધ્યમ વર્ગના ઉમેદવારો માટે 'રણમાં વિરડી' પુરવાર થઈ છે. જેનો તમામ સમાજના ઉમેદવારો ભરપુર લાભ લે છે. એકેડમી પ્રભાવિત ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યા અને વેર હાઉસિંગ બોર્ડના ચેરમેન મગનલાલ માળીએ રૂબરૂ મુલાકાત લઈ અનિલ સાંખલાને બિરદાવ્યા હતા. બેરોજગારોના અંધકારભર્યા જીવનમાં ઉજાશનું પ્રભાત પ્રગટાવતા અનિલ સાંખલાનું પ્રગતિ

અનુસંધાન પાના નં.૬

**ગાંધીનગર, પંચમહાલમાં ભારે વરસાદ પડી શકે**

# રાજયના કેટલાક ભાગોમાં વરસાદની ચેતવણી

અમદાવાદ

ગુજરાતના જુદા જુદા ભાગોમાં અતિભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. અમદાવાદ, ગાંધીનગર, પંચમહાલ, ખેડા, આણંદ, વડોદરા, સુરત, ભરુચ, વલસાડ, નવસારી, દમણ દાદરનગર હવેલીમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની ચેતવણી જારી કરવામાં આવી છે. આ ઉપરાંત સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં પણ ભારે વરસાદ પડી શકે છે. ભાવનગર, અમરેલી, ગીરસોમનાથ, દક્ષિણ ગુજરાતના સુરત, વલસાડ, નવસારીમાં પણ ભારે વરસાદ પડી શકે છે. ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવ્યા બાદ તંત્ર દ્વારા સાવચેતીના પગલા લેવામાં આવ્યા છે. માછીમારોને દરિયામાં ન જવા માટે કહેવામાં આવ્યું છે. નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાય તેવા સંજોગોમાં તાત્કાલિક ધોરણે કામગીરી હાથ ધરવા માટે કહેવામાં આવ્યું છે. નવસારી જિલ્લાના દરિયામાં માછીમારોને ન જવા માટે કહેવામાં આવ્યું છે. ભારે વરસાદની ચેતવણી પગલે તંત્ર દ્વારા પગલા લેવાઈ રહ્યા છે. બીજી બાજુ આજે દિવસ દરમિયાન અમદાવાદ શહેરમાં વરસાદી માહોલ રહ્યો હતો. અલબત્ત ધીમી ગતિએ વરસાદ થયો પરંતુ કાળા ડિમાંગ વાદળો ઘેરાયેલા રહ્યા હતા. જોરદાર વરસાદ પડશે તેમ લોકો દિવસ દરમિયાન માનતા રહ્યા હતા. જો કે, હળવા વરસાદી ઝાપટા ઘણા વિસ્તારમાં પડ્યા હતા. અમદાવાદમાં લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં ફેરફારની સ્થિતિ જોવા મળી છે. મહત્તમ તાપમાન હવે ઘટીને ૨૯.૧ ડિગ્રી થઇ ગયું છે. અમદાવાદમાં પણ વરસાદી માહોલ જારી રહેવાની સંભાવના હોવાથી લોકો વરસાદીની ખરીદીમાં પણ લાગી ગયા છે. છત્રી અને રેઈનકોટ બજારમાં જોરદાર તેજી આવી ગઈ છે.

# એલજી વડા નથી, સરકારની વાતને સાંભળવી પડશે : સુપ્રીમ

નવીદિલ્હી

દિલ્હીમાં કેજરીવાલ સરકાર અને એલજી વચ્ચે ચાલી રહેલા અધિકારોના જંગમાં સુપ્રીમ કોર્ટે આજે એલજીને ફટકો આપ્યો છે. પાંચ જજની બેંચે સર્વસંમતિથી કહ્યું હતું કે, અસલી તાકાત મંત્રીમંડળ પાસે છે. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, મંત્રી પરિષદના તમામ નિર્ણયથી લેફ્ટી ગવર્નરને ચોક્કસપણે વાકેફ કરવા જોઈએ પરંતુ આનો મતલબ એ નથી કે તેમાં નાયબ રાજ્યપાલની મંજુરી જરૂરી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, નાયબ રાજ્યપાલને સ્વતંત્ર અધિકાર સોંપવામાં આવેલા નથી. કોર્ટે આની સાથે સાથે દિલ્હી સરકાર અને એલજીને પારસ્પરિક રીતે તાલમેલ બેસાડીને કામ કરવા માટે સૂચના આપી હતી. કોર્ટે કહ્યું હતું કે દિલ્હીમાં પોલીસ, લો એન્ડ ઓર્ડર અને જમીનના મામલામાં તમામ અધિકાર એલજી પાસે રહેશે. આનાથી ઉપરાંત તમામ મામલામાં ચૂંટાયેલી સરકાર કાયદા બનાવી શકે છે. હાઈકોર્ટે ઓગસ્ટ ૨૦૧૬માં આપવામાં આવેલા ચુકાદામાં કહ્યું હતુ કે, દિલ્હી કેન્દ્ર શાસિત પ્રદેશ છે અને બંધારણની કલમ ૨૩૯એએ હેઠળ આના માટે ખાસ જોગવાઈ કરવામાં આવી છે. આવી સ્થિતિમાં પાટનગરમાં એલજી એડમિનિસ્ટ્રેટરની ભૂમિકામાં છે. ચીફ જસ્ટિસ દિપક મિશ્રા, જસ્ટિસ એકે સિકરી, જસ્ટિસ ખાનવીલકર, જસ્ટિસ ચંદ્રચુડ અને જસ્ટિસ અશોક ભૂષણની બંધારણીય બેંચે આ મામલામાં ચુકાદો આપ્યો હતો. ત્રણ જજ દ્વારા આ ચુકાદો વાંચવામાં આવ્યો હતો. જ્યારે બે જજોએ પોતાનો ચુકાદો અલગરીતે વાંચ્યો હતો. ચીફ જસ્ટિસ દિપક મિશ્રાએ ચુકાદો વાંચતા કહ્યું હતું કે, લોકશાહી મૂલ્યો સર્વોચ્ચ છે. સરકાર પ્રજાપ્રત્યે જવાબદાર હોવી જોઇએ. સરકાર જનતા માટે ઉપલબ્ધ રહે અને શક્તિ માટે સંબંધ જરૂરી છે. કેન્દ્ર અને રાજ્ય સરકારોએ પારસ્પરિક સાથે મળીને કામ કરવું જોઇએ. ફેડરલ માળખામાં રાજ્યોને સ્વતંત્રતા આપવામાં આવી છે. એલજી કેબિનેટની સલાહ અને સહાયતાથી કામ કરે તે જરૂરી છે. માત્ર ત્રણ મુદ્દા જમીન, કાયદો અને વ્યવસ્થા અને પોલીસને બાદ કરતા દિલ્હી સરકાર કાયદા બનાવી શકે છે. સંસદમાં બનાવવામાં આવેલા કાયદા સર્વોચ્ચ છે. એલજી ટેકનિકની દ્રષ્ટિએ અડચણો ઉભી કરી શકે નહીં. કોર્ટે પોતાના ચુકાદામાં એમ પણ કહ્યું હતું કે, અરાજકતા માટે કોઇ જગ્યા નથી.

**નમુનો નં. ૧**

**જાહેરનામું (જુઓ નિયમ - ૧૬) ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર, પાલનપુર (બનાસકાંઠા)ની કચેરી**

નં :- જસપ/ધી.પા.સ.ખ.વે.સં.ચૂંટણી/૨૦૧૮-૧૯ તા.૦૪/૦૭/૨૦૧૮

ગુજરાત નિર્દિષ્ટ સહકારી મંડળીઓની સમિતિઓની ચૂંટણી બાબતના નિયમો ૧૯૮૨ ના નિયમ - ૧૬ થી મળેલ સત્તાની રૂએ હું શ્રી એ.ડી.જોષી, નાયબ કલેક્ટર, પાલનપુર આથી જાહેર કરૂ છું કે, ધી પાલનપુર તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.પાલનપુરના નિયામક મંડળના સભ્યોની ચૂંટણી થવાની છે અને આ સાથેની અનુસુચિના કોલમ - ૧ માં નિર્દિષ્ટ કરેલ મતદાર મંડળોની ચૂંટણીના સંબંધમાં :-

(ક) આ સાથેની અનુસુચિના કોલમ - ૨ માં નિર્દિષ્ટ કરેલ તારીખે અને સમયને સંબંધિત વિભાગના મતદાર મંડળના સંબંધમાં ઉમેદવારી પત્રો ભરવા માટેની છેલ્લી તારીખ, સમય અને સ્થળ નક્કી કરૂ છું.

(ખ) અનુસુચિના કોલમ - ૩ માં નિર્દિષ્ટ કરેલ તારીખ અને સમયને સંબંધીત વિભાગના મતદાર મંડળના સંબંધમાં મળેલા ઉમેદવારીપત્રોની પ્રસિધ્ધી માટેની તારીખ નક્કી કરૂ છું.

(ગ) અનુસુચિના કોલમ - ૪ માં નિર્દિષ્ટ કરેલ તારીખ અને સમયને સંબંધીત વિભાગના મતદાર મંડળના સંબંધમાં ઉમેદવારીપત્રો ચકાસવા માટેની તારીખ, સમય તેમજ નિર્દિષ્ટ કરેલ સ્થળને ઉમેદવારી પત્રોની ચકાસણી માટેના સ્થળ તરીકે નક્કી કરૂ છું.

(ઘ) અનુસુચિના કોલમ - ૫ માં નિર્દિષ્ટ કરેલ તારીખને માન્ય ઉમેદવારીપત્રોની પ્રસિધ્ધિ માટેની તારીખ તરીકે નક્કી કરૂ છું.

(ચ) અનુસુચિના કોલમ - ૬ માં નિર્દિષ્ટ કરેલ તારીખ, સમય, સ્થળને સંબંધિત વિભાગના મતદાર મંડળના સંબંધમાં ઉમેદવારીપત્રો પાછા ખેંચી લેવા માટેની છેલ્લી તારીખ, સમય અને સ્થળ તરીકે નક્કી કરૂં છું.

(છ) અનુસુચિના કોલમ - ૭માં નિર્દિષ્ટ કરેલ તારીખને સંબંધીત વિભાગના મતદાર મંડળના સંબંધમાં હરીફ ઉમેદવારોની છેલ્લી યાદીની પ્રસિધ્ધ તથા પ્રતિક ફાળવણીની તારીખ તરીકે નક્કી કરૂ છું.

(જ) અનુસુચિના કોલમ - ૮માં નિર્દિષ્ટ કરેલ તારીખ અને સભ્યોની ચૂંટણી કરવાનું જરૂરી હોય તો તે તારીખે કરવાની છે તારીખ, સમય અને સ્થળ તરીકે નક્કી કરૂ છું.

(ઝ) અનુસુચિના કોલમ - ૯ માં નિર્દિષ્ટ કરેલ તારીખ, સમય તેમજ સ્થળને મતગણતરી માટેની તારીખ, સમય અને સ્થળ તારીકે નક્કી કરૂ છું.

(ટ) અનુસુચિના કોલમ - ૧૦ માં નિર્દિષ્ટ કરેલ તારીખને મતદારના પરીણામના જાહેરાતની તારીખ નક્કી કરૂં છું.

(એ.ડી.જોષી) ચૂંટણી અધિકારી
ધી પાલનપુર તા.સ.ખ.વે.સંઘ લી. અને નાયબ કલેક્ટર પાલનપુર

**અનુસૂચિ**

| મતદાર મંડળનું નામ | ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ, સમય અને સ્થળ | ઉમેદવારી પત્રોની યાદી પ્રસિદ્ધ કરવાની તારીખ | ઉમેદવારી પત્રોની ચકાસણી માટેની તારીખ, સમય અને સ્થળ | માન્ય ઉમેદવારી પત્રોની યાદી પ્રસિદ્ધ કરવાની તારીખ | ઉમેદવારો પત્રો પાછા ખેંચી લેવાની છેલ્લી તારીખ, સમય અને સ્થળ | હરીફ ઉમેદવારીની આખરી યાદી પ્રસિદ્ધ કરવાની તથા પ્રતિક ફાળવવાની તારીખ | મતદાન જરૂરી હોય તો તેની તારીખ, સમય અને સ્થળ | મતગણતરી માટેની તારીખ, સમય અને સ્થળ | મતદાનનું પરિણામ જાહેર કરવાની તારીખ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ખેતી વિષયક તથા સેવા સહકારી મંડળીનો વિ.સંઘ સાથે સંયોજિત પ્રાથમિક સહકારી મંડળીઓના કુલ સભ્યો-૯, અનુસુચિત જાતિ અથવા અનુસુચિત જનજાતિના સભ્ય-૧, નાના અથવા સીમાંત ખેડુતોના સભ્ય-૧, મહિલા પ્રતિનિધિ-૨, વ્યક્તિ સભ્યોના ૧ પ્રતિનિધિ | તા.૧૩-૦૭-૧૮ સમય:૧૧-૦૦ થી ૧૫-૦૦ કલાક સુધી ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટરની કચેરી, પાલનપુર | તા.૦૪-૦૭-૧૮ થી તા.૧૩-૦૭-૧૮ | તા.૧૬-૦૭-૧૮ સમય:૧૨-૦૦ કલાકે ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટરની કચેરી, પાલનપુર | તા.૧૮-૦૭-૧૮ ચકાસણી પુરી થયા બાદ તુર્તજ | તા.૨૪-૭-૧૮ સમય:૧૧-૦૦ થી ૧૭:૦૦ કલાક સુધી ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટરની કચેરી, પાલનપુર | તા.૨૪-૭-૧૮ સમય:૧૮-૦૦ કલાકે | તા.૦૩-૦૮-૧૮ સમય:૯-૦૦ થી ૧૪-૦૦ ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટરની કચેરી, પાલનપુર | તા.૦૪-૦૮-૧૮ સમય:૧૨-૦૦ કલાકે ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટરની કચેરી, પાલનપુર | તા.૦૪-૦૮-૧૮ મત ગણતરી પુરી થયેલ તુરત જ |

ક્રમાંક નામાનિ/પાલન/૨૧૫/૨૦૧૮-૧૯

(એ.ડી.જોષી)
ચૂંટણી અધિકારી
ધી પાલનપુર તા.સ.ખ.સે.સંઘ લી.
અને નાયબ કલેક્ટર પાલનપુર

# તંત્રી સ્થાનેથી ...

**બીજાની બુરાઈ કરવાનું છોડી દો, બધાય તમારા વશમાં થઈ જશે.**

## રામ રાજય... ઈન્ફોર્મેશન ટેકનોલોજીથી !

જો થોડીક નજર ઈતિહાસ અને પુરાણ તરફ કરીએ તો ખ્યાલ આવશે કે આપણે ત્યાં માહિતીના આદાન પ્રદાનનો માર્ગ એ સમયખંડમાં મૌખિક હતો રામાયણ કે મહાભારત કાળમાં પણ લોકો એકબીજા સાથે મુખ્યત્વે મૌથિક વાતચીત કરીને માહિતીની આપ લે કરતાં.એ પછી રણ આપણે ઈતિહાસ તરફ દ્રષ્ટિપાત કરીએ તો ખ્યાલ આવે છે કે આપણા દેશમાં માહિતી હંમેશાં શાસનકર્તાઓ અને કેટલાક વિશેષ અધિકારીઓ ભોગવતા લોકો સુધી જ મર્યાદિત રહી છે રાજા રજવાડાના સમયમાં પણ અગત્યની માહિતી ફકત રાજાઓ અને રાજયના દીવાન સુધી જ મર્યાદિત હતી સામાન્ય પ્રજા પાસે બહુ જાણકારી જ નહોતી એ પછી બ્રિટીશરાજ આવ્યું બ્રિટ-ીશરાજમાં પણ રાજયના વહીવટ અંગેની કે અન્ય માહિતી ફકત બ્રિટીશરો પુરતી જ મર્યાદિત રહેતી આઝાદી મળળ્યા પછી પણ અમુક વર્ષો સુધી માહિતી પરનો એકાધિકાર શાસનકર્તાઓ અને બ્યુરોક્રેટ્સ અમલદારો જ ભોગવતા રહ્યાં

જો કે ટેકનોલોજીના આ જમાનામાં હવે એ શક્ય નથી હું માનું છે કે આપણે હવે માહિતીના લોકશાહીકરણ તરફ ઝડપથી આગળ વધી રહ્યા છીએ ઈટરનેટનો પ્રચાર પ્રસાર ઝધડપથી વધતો જાય છે કમ્પ્યુટરની કી દબાવવાવેંત દુનિયાભરની માહિતીનો ઢગલો તમારા સ્કીન પર ઠલાય છે ઈન્ટરનેટ વર્લ્ડમાં રોજેરોજ નવા નવા આવિષ્કારો થઈ ર્હયાં છે અને દુનિયા પાણી સમક્ષ ખુલી ગઇ છે અગાઉ એક વાત બીજે પહોંચાડવા માટે દિવસો મહિનાઓ લાગતા આજે ઈન્ટરનેટ એ કામ ગણતરીની સેકન્ડમા કરી આપે છે આજે માબિતી મેળવવાનાં નવાં નવાં સાદન ઝડપથી ઉભા થઇ રહ્યા છે જરૂર છે એ બધાને ઓર્ગેનાઇઝડ કરવાની વ્યવસ્થિત કરવાની માહિતીનું લોકશાહીકરણ કરવાની.

૮૦ના દાયકામાં આપણે જ્યાં એસટીડી પીસીઓની શરૂ કરી ત્યારે મનમાં એક ખ્યાલ એ જ હતો કે ટેલિફોનના માધ્યમથી લોકોને કનેકટ કરવા લોકો એકબીા સાછે વાતો કરતા થયાં અલબત્તા ત્યારે હજુ ઈન્ટરનેટ અને વેબ વિશે આટલી ધારણા નહોતી.

ખેર,અગાઉ લોકો એકબીજા સાથે કનેકટ નહોતા સંપર્કમાં નહોતા પણ આજે છે વિશ્વના કોઈ પણ ખુણામાં બનતી ઘટનાની માહિતી ગણતરીની સેકન્ડમાં આપણને મળે છે.હવે જરૂરી છે માહિતીનું ઈન્ફ્રાકસ્ટ્રકચર વ્યવસ્થિત માળખુ ઉભું કરવાની દેશના વિકાસની પ્રક્રિયામાં એનો મહતત્મ ઉપયોગ કરવાની,સૌને લોકશાહી રીતે માહિતીની પ્રાપ્તિ થવી જોઈએ ઉદાહરણ તરીકે લોકો વિશેની માહિતી,સ્થળો વિશેની માહિતી સરકરા કચટેરીઓ વિશેની માહિતી અને હોસ્પિટલ્સ વિશેની માહિતી અત્યારે પણ એમાંથી ઘણુ બધું વેબ પર ઉલબ્ધ છે પરંતુ જયાં સુધી સરકારની યોજનાઓના લાભ ભારતના ગામ લોકો સુધી પહોંચવાની વાત છે ત્યાં આજે માહિતી પહોંચે એ અનિવાર્ય છે અત્યાર દેશમાં પુરતુ અનાજ છે પણ લોકો ભુખે મરે છે કારણ કે લોકો પાસે પુરતી જાણકારી નથી માહિતી નથી.

## ચારિત્ર્યનું બળ

ચારિત્ર્ય એક એવી મશાલ સમાન હોય છે જેનો પ્રકાશ દિવ્ય અને પાવન હોય છે. ચારિત્ર્ય બળના આલોકથી અનેક લોકોને પ્રેરણા મળે છે, એક નવો માર્ગ મળે છે. ચારિત્ર્ય એક એવું આકર્ષણ કેન્દ્ર હોય છે, જે તરફ સૌ કોઇ અનાયાસે જ ખેંચાઇ આવે છે. ચારિત્ર્યથી વ્યક્તિત્વ આકાર પામે છે, ઓળખ મળે છે. વસ્તુતઃ સામાન્ય રીતે સારી આદતો અને ગુણોના સમૂહને ચારિત્ર્યમાં સામેલ કરવામાં આવે છે. ચારિત્ર્યનું ક્ષેત્ર ઘણું જ મોટું અને વિસ્તૃત છે. તેને આપણે સંકીર્ણતાઓની સીમાઓમાં સીમિત કરી દીધું છે. ચારિત્ર્યના સંબંધમાં આપણે અનેક ખોટી માન્યતાઓથી પીડાઇ રહ્યાં છીએ જયારે કે તે આપણા સમગ્ર વ્યક્તિત્વને ઘડે છે અને વિકસિત કરે છે. તે પોતાના ગુણોના બી આપણા મનમાં વાવે છે અને સમયાંતરે આ ગુણોના વિકાસથી આપણા વ્યક્તિત્વનું નિર્માણ થાય છે.

ચારિત્ર્યના આધારે વ્યક્તિની ઓળખ થાય છે. ચારિત્ર્યના બી યોગ્ય અને પ્રખર હોય, સત્યથી સભર હોય, તો વ્યક્તિત્વ સશક્ત બનશે. તેનાથી વિપરીત દુર્ગુણોનો શિકાર હોય તો વ્યક્તિત્વ દોષયુક્ત હશે. તેથી ચારિત્ર્યના ગુણોને સમુચ્ચય કહેવામાં આવે છે. તેમાં સારા-નરસા અને સદ્દગણ-દુર્ગુણ બન્નેને સામેલ કરવામાં આવે છે. આપણે શું છીએ, આપણું અસ્તિત્વ શું છે, આપણી વર્તમાન સ્થિતિ શી છે અને ક્યાં વિદ્યમાન છે? તેની પૂરતી જાણકારી ચારિત્ર્યની આસપાસ ફરતી જોવા મળે છે. અધ્યાત્મ વ્યક્તિત્વ ઢાળવાની ટંકશાળ છે અને ચારિત્ર્ય-ઘડતરની પ્રયોગશાળા છે. એવા અનેક, અસંખ્ય જીવંત પુરાવા છે જેમનું વ્યક્તિત્વ કોલસા સમાન અનગઢ અને કદરૂપુ હતું, પરંતુ પાછળથી તેઓ જ વિદ્વાન, જ્ઞાની અને મહાપુરૂષ બન્યા. ચારિત્ર્યથી જ વ્યક્તિત્વની વ્યાખ્યા-વિવેચના શક્ય છે. વ્યક્તિત્વ ઘડતર ચિંતનની પ્રેરણા પ્રદાન કરે છે. ચારિત્ર્ય એક પાત્ર છે, જેમાં ચિંતન વિકસિત થાય છે. ચારિત્ર્યની ઉપજાઉ ભૂમિ પર જ ચિંતનનું બીજારોપણ થાય છે. આ એ ભૂમિ છે, જયાંથી અધ્યાત્મના કૂંપળ ફૂટે છે, પરંતુ વિડંબણા એ છે કે આજની તથાકથિત આધ્યાત્મિકતામાં અધ્યાત્મની મૂળભૂત વિશેષતા ચારિત્ર્ય વિલુપ્ત થઈ રહી છે. આ જ કારણે છે કે આજે તમામ આધ્યાત્મિક અને ધાર્મિક વ્યક્તિઓ બહારથી જેવા દેખાય છે તેવા અંતર્મનથી હોતા નથી.

<u>આત્મચિંતન</u>

## નર-પશુનું નારાયણમાં પ્રત્યાવર્તન

મનુષ્ય જીવન સૃષ્ટિના સમસ્ત જીવધારીઓની તુલનામાં સર્વોચ્ચ પદ છે. તેને ઈશ્વરે આપેલ સર્વોપરી ભેટ અને મેળવનારનું અભૂતપૂર્વ સૌભાગ્ય કહેવાય છે. આટલા મોટા પદનો કાર્યભાર વ્યવસ્થિત રીતે ચલાવવા માટે કઈ કઈ દિશાધારાને અપનાવવો જરૂરી છે, એના માટે થોડુંક એવું વિચારવું, માનવું અને અપનાવવું જરૂર છે જે ભૂતકાળની તુલનામાં સર્વથા અલગ જ કહેવાશે. આ જ પ્રક્રિયાને આત્મિકી કહેવાશે. ઉપયોગિતાની દૃષ્ટિથી ભૌતિક સરખામણીમાં તેનું વધારે મહત્વ આપી શકાય છે. ભૌતિક ઉપલબધિઓ માત્ર શરીરની સુવિધાઓ અને મનની ગલગલીયા આપશે પરંતુ આત્મિકના આધાર પર પૂરા વ્યક્તિત્વનું ઘડતર થાય છે, તેને એક પ્રકારે કાયાકલ્પ જ કહેવાશે.

આ કાયાકલ્પ "દ્વિજત્વ "ના નામથી ઓળખાય છે. સાધનાની પ્રક્રિયા નર-પશુને નર-નારાયણાં કેવી રીતે બદલે છે એ જાણવા માટે જિજ્ઞાસુ મનીષીઓએ આત્મિક વિદ્યાનું ગૂઢ તત્વદર્શનને સારી રીતે જાણવું જોઈએ. ઉચ્ચસ્તરીય સાધના સોપાનોને તુરંત મેળવવાનો પ્રયાસ કરનારે આ એક તથ્યને સમજી લેવું બહુ જ જરૂરી છે કે અંતઃકરણનો પરિષ્કાર, વૃત્તિઓનું શોધન જ સમસ્ત સિદ્ધિઓનો રાજમાર્ગ છે.

**ગાયત્રી શક્તિપીઠ, ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## મિસિસ ઈન્ડિયા ક્વીન ઓફ સબસ્ટેન્સ ૨૦૧૮ના ફાઈનલિસ્ટ મિસિસ. આશા વઘાસિયાએ વિસામો કિડ્સના વિદ્યાર્થીઓને કારકિર્દી વિષયક સલાહ આપી



વિસામો કિડ્સના ૩૬ બાળકો માટે એ સમયે ખરેખર ખાસ ક્ષણ બની રહી જ્યારે આ હાલમાં જ સ્કોલર્સ બનેલા બાળકોને જાણીતા સોશિયલાઈટ મિસિસ આશા વઘાસિયાએ તેમની સાથે મુલાકાત કરીને તેઓને કારકિર્દી અંગે કેટલીક સલાહો આપી હતી.મિસિસ. આશા વઘાસિયા કે જેઓ ઉદ્યોગસાહસિક, ફેશન ડિઝાઈનર, પેરેન્ટલ કાઉન્સેલર અને હાઈ ઓન લાઈફના ટ્રસ્ટી છે તેઓ ડ્રગ્સ પ્રિવેન્શન અંગે કાર્યરત છે. તેમણે આ હોંશિયાર બાળકોની સાથે વાતચીત કરીને તેમનામાં રહેલી સંભાવનાઓ ઓળખવા કોશિશ કરી હતી અને સાથે તેમની ફિટનેસ કઈ રીતે જાળવવી તથા ટાઈમ મેનેમેન્ટનું મહત્ત્વ પણ તેમને સમજાવ્યું હતું. શ્રીમતી આશાએ આ સાથે ડ્રગ્સની બદી સામે લડવાની પ્રતિજ્ઞા પણ વિદ્યાર્થીઓને લેવડાવી હતી અને તેઓને તેમની સ્કૂલ્સ, સમુદાયો તથા આસપાસના સમાજમાં ગૂડવિલ એમ્બેસેડર્સ બનીને આ સંદેશો ફેલાવવા માટે કહ્યું હતું.શ્રીમતી આશા કે જેઓ સમાજના લાભાર્થે વિવિધ પ્રવૃતિઓ માટે આગામી થોડા મહિનાઓ માટે સમર્પિત રહેશે તેમણે વિદ્યાર્થીઓને કેટલાક પ્લાનર્સ અને શૈક્ષણિક સલાહો આપી હતી અને કઈ રીતે તેમના અભ્યાસોમાં વધુ ગુણ કેવી રીતે મેળવી શકાય તેની સલાહ આપી હતી. આ ઉપરાંત તેમને આગળ નિ:શુલ્ક કરિયર કાઉન્સેલિંગની ઓફર પણ વિદ્યાર્થીઓને આપી હતી.

## એનટીપીસીએ વિદ્યુત ઉત્પાદનમાં ૭.૪૫ ટકાની વૃદ્ધિ કરી

ભારતની સૌથી મોટી વિદ્યુત ઉત્પાદન કંપની, એનટીપીસીએ અત્યાર સુધીના સૌથી અધિક ત્રિમાસિક ઉત્પાદન- ૬૯.૨ બીયૂ દાખલ કર્યાં છે, જો કે આનાથી પહેલા અધિકતમ ઉત્પાદન ૬૮.૬ બીયૂ (નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ના ચોથા ત્રિમાસિકમાં) દાખલ કરવામાં આવ્યાં હતાં. ગત નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિકની તુલનામાં ૭.૪૫ ટકાની વૃદ્ધિ થઈ છે.એનટીપીસી ગ્રુપે અત્યાર સુધીનું સૌથી અધિક ત્રિમાસિક ઉત્પાદન ૭૬.૯ બીયૂ દાખલ કર્યું છે, જો કે આનાથી પહેલાં અધિકતમ ઉત્પાદન ૭૬.૧ બીયૂ હતું(નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ના ચોથા ત્રિમાસિકમાં). આ આંકડાઓથી સ્પષ્ટ છે કે કંપની વધતી માંગને પૂર્ણ કરવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે.એનટીપીસી જોઈન્ટ વેન્ચર સ્ટેશને પણ અત્યાર સુધીનું ત્રિમાસિક ઉત્પાદન ૭૭૦૧ એમયૂ દાખલ કર્યાં છે. આ ત્રિમાસિકમાં નવીકરણી ઉર્જાનું પણ અધિકતમ ૪૧૧.૨૪ એમયૂ ઉત્પાદન દાખલ કરવામાં આવ્યું છે.એનટીપીસીના કુલ ૨૧ કોલસા આધારિત, ૭ ગેસ આધારિત, ૧૧ સોલર પીવી, ૧ હાઈડ્રો, ૧ નાના હાઈડ્રો, ૧ પવન તથા ૯ સહાયક કંપનીઓ / સંયુક્ત ઉદ્યમ પાવર સ્ટેશનોથી આની કુલ ઈન્સ્ટોલ્ડ ક્ષમતા ૫૩,૬૫૧ મેગાવોટ છે. એનટીપીસી વર્તમાનમાં દેશના ઘણાં સ્થાનો પર ૨૦,૦૦૦ મેગાવોટથી અધિક અતિરિક્ત ક્ષમતા પર કામ કરી રહી છે.

## 'ઈન્ડિયા ૨.૦' : સ્કૉડા ઑટોના નેતૃત્વવાળી પરિયોજનામાં ફોક્સવૈગન ગ્રુપ તરફથી એક બિલિયન યૂરોનું રોકાણ




સ્કૉડા ઑટોના સીઈઓ બર્નાર્ડ માયર તથા સ્કૉડા ઓટો ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર ગુરપ્રતાપ બીપારાયે નવી દિલ્હીમાં આયોજિત એક સંમેલન દરમ્યાન 'ઈન્ડિયા ૨.૦' પરિયોજનાની વિગતોની ઘોષણા કરી. નિષ્ણાંતોના અનુમાનો અનુસાર આગામી કેટલાક વર્ષોમાં ભારત દુનિયાભરમાં મોટર વાહનનું તૃતીય સૌથી મોટું બજાર બનવા જઈ રહ્યું છે. 'ઈન્ડિયા ૨.૦' પરિયોજનાની સાથે અમે ટકાઉ વિકાસ માટે અનુકૂળ પરિસ્થિતિઓનું નિર્માણ કરી રહ્યા છીએ. અમારો હેતુ મહત્વકાંક્ષી છે, પ્રાપ્ત કરવા યોગ્ય છે : ફોક્સવેગન બ્રાન્ડની સાથે મળીને અમે બજાર અને સેગમેન્ટના વિકાસના આધાર પર લાંબા સમયગાળામાં બજારમાં પાંચ ટકા સુધીનો હિસ્સો ધરાવવાની દિશામાં પ્રયત્નશીલ છીએ. 'ઈન્ડિયા ૨.૦' પરિયોજનાની સાથે, સ્કૉડા ઓટો ઈન્ડિયા અને ફોક્સવેગન ગ્રુપ ભારતીય કાર બજારની ગતિશીલતાનો શ્રેષ્ઠ રીતે સામનો કરવાની સ્થિતિમાં છે. ભારતમાં અમે એવી કિંમતોમાં વિશ્વસ્તરીય ઉત્પાદનોની રજૂઆત કરીશું, જે મોટર વાહન ઉદ્યોગ જગતમાં એક મોટા બદલાવને દર્શાવશે.આ સુનિશ્ચિત કરવા માટે કે યોજનાબદ્ધ મૉડલ ભારતીય ગ્રાહકોની જરૂરિયાતોને પૂરી કરશે, સ્કૉડા ઑટો આ ઉત્પાદનોને વિશ્વ સ્તરીય ઈન્જીનિયરિંગ કેન્દ્રમાં વિકસિત કરશે, જે 'ઈન્ડિયા ૨.૦' પરિયોજનાનો ભાગ છે. 'ઈન્ડિયા ૨.૦' પરિયોજનાની અંદર, સ્કૉડા ઑટો ઈન્ડિયા ધીરે ધીરે ૪૦૦૦-૫૦૦૦ નવી નોકરીઓ ઉભી કરવાની યોજના બનાવી રહ્યું છે.

## પપૈસાડોટકોમએ નાણાંકીય સાક્ષરતા માટે નિશુલ્ક ઓનલાઈન સ્કુલ લોન્ચ કરી

યુવા ભારતીયોને સંપત્તિ નિર્માણમાં મદદ કરવાના પ્રયાસરૂપે નાણાંકીય ઉત્પાદ સ્પેસમાં ભારતની એકમાત્ર ઈ-કોમર્સ કંપની, પપૈસાડોટકોમે રોકાણ પર દેશની સૌથી મોટી નિશુલ્ક ઓનલાઈન સ્કુલ લોન્ચ કરી છે, જે લોન્ચની સાથે ૧ મિલિયનથી વધારે ગ્રાહકો સુધી પહોંચશે. આ નવું અભિયાન – પપી સ્કુલ - વેબસાઈટ પપૈસાડોટકોમ તથા પપૈસા મોબાઈલ એપ પર ઉપલબ્ધ છે "આ જ કારણે અમે પપી સ્કુલનું નિર્માણ કર્યું. અમારો હેતુ યુવા ભારતીયોને રોકાણના મુખ્ય સિદ્ધાંતો પર શિક્ષિત કરવા અને તેમને બાજારમાં ઉપલબ્ધ ઉત્પાદોની જાણકારી આપવાની છે, તેથી તીવ્રતાથી પોતાની સંપત્તિનું નિર્માણ કરી શકે."કોર્સમાં રોકાણના કોન્સેપ્ટ જેવા સ્ટોક્સ, મ્યુચલ ફંડ, વ્યવસ્થિત રોકાણની યોજનાઓ, ડેરિવેટિવ, તકનીકી વિશ્લેષણ તથા સૈદ્ધાંતિક શોધ વગેરે છે. તેમાં રોકાણની કલા પર સહજ લેખ છે. ભારત દુનિયાનો સૌથી યુવા દેશ છે, જ્યાં ૬૦ ટકા કાર્યબળ ૨૦-૪૦ વર્ષના જૂથમાં છે. દર મહિને ૧ મિલિયનથી વધારે લોકો કાર્યબળમાં સામેલ થઈ જાય છે. જ્યારે તેની કમાઈ તથા બચત કરે છે, ત્યારે એક મોટો પ્રશ્ન આ હોય છે કે પોતાનું ધનનું એવી કઈ જગ્યા પર રોકાણ કરી શકે, ત્યારે વધતી મોંઘવારીથી સુરક્ષિત રાખતાં ખરાબ દિવસો માટે બચાવી શકે. ફિક્સ્ડ તથા ટર્મ ડિપોઝિટ સુરક્ષિત વિકલ્પ માની શકાય છે, પરંતુ આ વિકલ્પ બચતને મોંઘવારીના પ્રભાવથી બચાવા માટે પ્રભાવશાળી નહિં અને વિતેલા વર્ષોની સાથે નકારાત્મક રિટર્ન પણ આપી શકે છે. ૧૦૦૦ થી વધારે શહેરોમાં યુવા ભારતીયોની રોકાણની રુચિ પર પપૈસાડોટકોમ દ્વારા કરવામાં આવેલ શોધ મુજબ નવા મિલેનિયલ્સ પોતાના પૈસાને કમ રિટર્ન આપવાવાળા ફિક્સ્ડ ડિપોઝિટ, રિયલ એસ્ટેટ અને ગોલ્ડમાં રાખવા રસ નથી. તેઓ એવા રસ્તા શોધે છે, જેનાથી તેમની બચત માત્ર મોંઘવારીના પ્રભાવથી બચી શકે, પરંતુ તેમને રિટાયરમેન્ટ, ખરાબ દિવસો, જેમકે બિમારી તથા ફરીથી લગ્નના ખર્ચ વગેરે જેવા માટે પૂરતા પ્રમાણમાં આપે છે.

## &TV પર બિટ્ટીએ તેની પાનની દુકાન શરૂ કરી

&TVનો નવો શો બિટ્ટી બિઝનેસ વાલી સ્ત્રી અને તેની આર્થિક આઝાદી સંબંધી જૂની ઘરેડની વિચારધારા તોડી પાડતી સફળ વારતા છે. આ સંકલ્પના અને બિટ્ટીનું પાત્ર દર્શકો અને સમીક્ષકોએ પણ વધાવી લીધાં છે. બિટ્ટીની આર્થિક રીતે સ્વતંત્ર બનવાની ખ્વાહિશ તેને વારતાના સર્વોચ્ચ શિખરે પહોંચે છે અને શોમાં તેની પ્રથિ સિદ્ધિ જોવા મળશે.અનુકૂળ નોકરી શોધવાના બધા વિકલ્પો ખતમ થયા પછી બિટ્ટી (પ્રકૃતિ મિશ્રા) પોતાનો ધંધો શરૂ કરવાનું નક્કી કરે છે અને તે પાનની દુકાન શરૂ કરે છે. શોમાં આરંભથી જ સ્ત્રીઓ નાણાં કમાવા અને સ્વનિર્ભર બનવા માટે કેવા સંઘર્ષનો સામનો કરે છે તે બતાવવામાં આવ્યું છે. આ વિચારને આગળ લઈ જતાં હવે પછીની વારતામાં બિટ્ટી પરિવાર અને ખાસ કરીને દાદીમા વિરોધ છતાં પોતાની પાનની દુકાન શરૂ કરીને રહે છે. જોકે હંમેશની જેમ તેનો પ્રેમી માહી (અભિષેક બજાજ) તેની પસંદગીમાં પડખે ઊભો રહે છે. સમાજ પુરુષનું જ કામ છે એવી જૂની ઘરેડમાં જીવે છે ત્યારે સ્ત્રીએ પાનવાળી બનવા સહિત કોઈ પણ કામમાં સંકોચ નહીં રાખવો જોઈએ. બિટ્ટી આ ધરતી પર પોતાનું સ્થાન જમાવવા, સ્વમાન કમાવા અને પોતાના પગ પર ઊભી રહેવા માટે કોઈ કસર બાકી નહીં રાખશે.

જો દરેક પુરુષ સ્ત્રીને આર્થિક રીતે સ્વતંત્ર બનાવવા તેના પ્રયાસમાં ટેકો આપશે તો સમાજ અને સ્ત્રીનું સ્થાન નિશ્ચિત જ ઊંચે પહોંચશે.મહોલ્લામાં નવી પાનવાળી ધંધા પર પોતાનું શાસન ચલાવશે એવું લાગે છે. જોતા રહો બિટ્ટી બિઝનેસ વાલીમાં આ અજોડ વેપાર સાહસિક પ્રવાસ, દર સોમવારથી શુક્રવાર, સાંજે ૭.૩૦, ફક્ત &TV પર!

## પ્રથમ ખેલો ઈન્ડીયા (દિવ્યાંગ) સ્પર્ધા ગાંધીનગરના આંગણે યોજાશે

મિનીસ્ટ્રી યુથ અફેર્સ એન્ડ સ્પોર્ટસદ્વારા ખેલો ઈન્ડીયા નોર્મલ રમતોવીરો માટે આયોજન થયું હતું જેના અનુસંધાને દિવ્યાંગ રમતવીરો માટે ખેલો ઈન્ડીયા આયોજન કરવામાં આવે છે. મિનીસ્ટ્રી યુથ અફેર્સ એન્ડ સ્પોર્ટસદ્વારા ખેલો ઈન્ડીયામાં જિલ્લા રમતોત્સવ, રાજ્ય રમતોત્સવનું આયોજન દરેક રાજ્યોમાં કરવામાં આવેલ હતું. સ્પેશ્યલ ઓલિમ્પિક્સ દ્વારા દેશમાં સૌ પ્રથમ વખત ખેલો ઈન્ડીયા નેશનલ ચેમ્પીયનશીપનું આયોજન માનસિકક્ષતિ ધરાવતા દિવ્યાંગ રમતવીરો માટે કરવામાં આવી રહ્યું છે, જેની સંપૂર્ણ જવાબદારી સ્પેશ્યલ ઓલિમ્પિકસ ભારત-ગુજરાતને આપવામાં આવી છે. ખેલો ઈન્ડીયા (દિવ્યાંગ) નેશનલ ચેમ્પીયનશીપનું આયોજન તા.૦૫/૦૭/૨૦૧૮ થી તા.૦૯/૦૭/૨૦૧૮ દરમ્યાન ગુજરાત નેશનલ લો યુનીવર્સિટી, ગાંધીનગર ખાતે કરવામાં આવશે. સ્પર્ધાની ઉદઘાટન સમારોહમાં તા.૦૬/૦૭/૨૦૧૮ ના રોજ સાંજે ૭.૦૦ વાગે ગુજરાત નેશનલ લો યુનીવર્સિટી, ગાંધીનગર ખાતે કરવામાં આવશે.

ગુજરાત સરકાર દ્રારા દિવ્યાંગ રમતવીરો માટે સ્પેશ્યલ ખેલ મહાકુંભનું આયોજન, ખેલ મહાકુંભમાં વિજેતા દિવ્યાંગ રમતવીરોઓને રોકડ પુરસ્કાર, પ્રતિભા શાલી રમતવીરોને અને ખેલ પ્રતિભા પુરસ્કાર, નેશનલ અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધા માટે સહાય આપવામાં આવે છે. દિવ્યાંગ રમતવીરો માટે ખેલ મહાકુંભ સાથે સ્પેશ્યલ ખેલ મહાકુંભનું આયોજન કરાયેલ. તેઓને શક્ય તેટલી વધુ તકો પૂરી પાડવી જેથી તેઓ તેમની પ્રતિભા ઝળકાવી શકે. પદક કે કપ જીતવો એ આપણા દેશ માટે મોટી ભેટ ગણી શકાય. સાથે સાથે રમતના મેદાનમાં પ્રાપ્ત થયેલ સફળતા રાષ્ટ્રના ગૌરવ સાથે સીધી રીતે જોડાયેલ છે. સ્પેશ્યલ ખેલ મહાકુંભ દ્વારા વિજેતા દિવ્યાંગ રમતોવીરોને રોકડ પુરસ્કાર, મેડલ, ટિ – શર્ટ અને ટ્રેકશુટ આપવામાં આવે છે. તદઉપરાંત દિવ્યાંગો માટે ગુજરાત સરકારશ્રી દ્વારા ખેલકૂદ માટે નવી સ્પોર્ટસ પોલિસી – ૨૦૧૬ અમલમાં મૂકવામાં આવી છે જેમાં આ સ્પોર્ટસ પોલિસીમાં સરકારશ્રીએ દિવ્યાંગ રમતવીરો ની પણ વિશેષ કાળજી રાખી તેમને સ્થાન આપી સમાવેશ કર્યો છે. જે ખૂબ જ ઉમદા કાર્ય છે. જેના અંતર્ગત હવેથી વધુમાં વધુ દિવ્યાંગ રમતવીરો ગુજરાતના ખેલકૂદ રમતોત્સવમાં ભાગ લેશે અને પોતાના આગવા કૌશલ્ય દ્વારા પોતાની કારકિર્દી ઘડવાના અથાગ પ્રયત્નો કરી પોતાનું ઉમદા પ્રભુત્વ દેખાડી સફળતા મેળવી ગુજરાત રાજયનું નામ માત્ર ગુજરાત પૂરતું જ નહીં પણ આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ ઉજ્જવળ કરશે.

સ્પેશ્યલ ઓલિમ્પિક્સ ભારતના આંધ્રપ્રદેશ, અરુણાચલ પ્રદેશ, આસામ, બીહાર, છતીસગઢ, દિલ્હી, ગોવા, ગુજરાત, હરયાણા, હિમાચલ પ્રદેશ, ઝારખંડ, કર્ણાટક, કેરાલા, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, મનિપુર, નાગાલેન્ડ, ઓડિશા, પોડિંચેરી, પંજાબ, રાજસ્થાન, તમિલનાડુ, તેલાંગાંણાં, ઉત્તરપ્રદેશ, ઉત્તરાંચલ અને વેસ્ટ બંગાલ એમ કુલ ૨૬ રાજયોમાંથી ખેલો ઈન્ડીયા(દિવ્યાંગ)માં રાજય સ્તરે વિજેતા રમતવીરો ખેલો ઈન્ડીયા નેશનલ ચેમ્પીયનશીપમાં રમતોવીરો ૩૧૪ ભાઈઓ અને ૧૪૬ બહેનો ભાગ લીધો.

આ દિવ્યાંગ રમતવીરો સાથે કોચ ૭૫ ભાઈઓ અને ૪૬ બહેનો, ૨૫૦ ઓફિશ્યલ, ૨૦૦ વોલિન્ટીર્યસ, ૧૦૦ ઓર્ગેનાઈસીંગ કુલ મળીને ૧૧૩૧ આ ચેમ્પીયનશીપમાં ભાગ લેશે.

સ્પેશ્યલ ઓલિમ્પિકસ એક આંતરરાષ્ટ્રીય સંસ્થા છે જે વિશ્વના ૨૦૦ દેશોમાં માનસિકક્ષતિ ધરાવતા દિવ્યાંગ રમતવીરો માટે રમતોનું આયોજન કરે છે જુલાઈ માસમાં સ્પેશ્યલ ઓલિમ્પિકસ ને ૫૦ વર્ષ પૂર્ણ થઈ રહયા છે આ ઉપલક્ષમાં એક વર્ષ સુધી માનસિકક્ષતિ ધરાવતા દિવ્યાંગ રમતવીરો માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે જેની શરૂઆત ખેલો ઈન્ડીયા નેશનલ ચેમ્પીયનશીપથી કરવામાં આવ્યું અને તે પણે ગુજરાતના પાટનગર ગાંધીનગર ખાતે જે ગુજરાત માટે ગર્વની વાત છે.

## ઝી સિનેમા પ્રસારિત કરે છે, એક્શન મનોરંજક ખૂંખાર શનિવાર ૭મી જુલાઈ રાત્રે ૯ વાગ્યે




સરાઈનોદુ, ભાદ્રા, સિંહા અને અન્ય ઘણા ફિલ્મોની મોટી સફળતા બાદ, ટોલિવૂડના પ્રસિદ્ધ ડિરેક્ટર બોયાપાતિ શ્રીનુ વધુ એક રસપ્રદ વાર્તા ખૂંખાર (જયા જાનકી નાયક)ની સાથે પાછા ફર્યા છે. એક્શન અને રોમાન્સના સંપૂર્ણ ડોઝના વચનની સાથે કેટલાક રસપ્રદ વણાંકોની સાથેની સંપૂર્ણ મનોરંજક મૂવી છે. આકર્ષક કલાકારોમાં પ્રતિભાશાળી બેલામકોન્ડા શ્રિનિવાસ, સુંદર રાકુલ પ્રિત સિંઘ અને પ્રજ્ઞા જયસ્વાલ અગ્રણી ભૂમિકામાં છે, સાથોસાથ જગપથી બાબુ અને સરાથ કુમાર પણ મુખ્ય ભૂમિકામાં છે. કંઈક અંશે એક માણસ તેના પ્રેમને જીતી શકશે તેની આસપાસ ફરતી મૂવી ખૂંખારને ઝી સિનેમા, હોમ ઓફ બ્લોકબસ્ટર શનિવાર, ૭મી જુલાઈ, રાત્રે ૯ વાગ્યે પ્રિમિયર કરવા માટે તૈયાર છે. મજબુત પટકથા અને વાર્તાની સાથે, આ મૂવીમાં કેટલાક આકર્ષક વિઝ્યુઅલ્સ, સારી રીતે કોરિયોગ્રાફ કરેલા ડાન્સ નંબર, દિલધડક સ્ટંટ અને બીજું ઘણું છે. શ્રીનિવાસ બે અલગ- અલગ પ્રકારના પાત્રમાં દર્શાવવામાં આવ્યો છે, એક પ્રેમી તરીકે અને બીજો એવો વ્યક્તિ કે જે બદલો લેવા ઈચ્છે છે, જેને શ્રેષ્ઠ અભિનેતાની શ્રેણીમાં ઘણા એવોર્ડ શોમાં નામાંકન મળ્યું હતું.આ મૂવીની વાર્તા ગગન (શ્રીનિવાસ) એક મસ્તીભર્યા છોકરાની આસપાસ ફરે છે, જે ઘરમાં એવી રીતે ઉછર્યો છે કે, તેની માતા જેવું કોઈ જ નથી. તેના પિતા ચક્રવર્તિ (સારાથ કુમાર) અને તેના મોટાભાઈએ જ ઉછેર્યો છે, તેમ છતા પણ મહિલાઓ માટેનો આદર આ ત્રણેયમાં ખૂબ જ સારો છે. જે લોકો મહિલાઓને પરેશાન કરતા હોય તેના માટે આ પરિવાર હાથમાં લાકડી અને ગન લઈને શેરીમાં દોડી જાય છે. આ જ પ્રકારની એક ઘટનામાં ગગન સ્વિટી (રાકુલ પ્રિત)ની સાથે પ્રેમમાં પડે છે, જયારે તે તેને તેણીના સહઅભ્યાસુના ત્રાસમાંથી છોડાવે છે. સ્વિટીના પિતા (જયપ્રકાશ) સમાજમાં તેના મોભાને લીધે તેના સંબંધને નકારે છે અને તેણીને ગગને ભૂલવા માટે અને તેને એક ઉદ્યોગપતિ અશ્વિથ નારાયણ (જગપથી બાબુ)ની સાથે લગ્ન કરવા માટે દબાણ કરે છે. સ્વિટી તેના પિતાની વાત માની જાય છે અને ગગને તેણીને ભૂલી જવા કહે છે અને તેને ફરીથી મળવા માટે ના કહે છે, એક વર્ષ બાદ નસીબ ફરીથી ત્યાં જ આવીને લઈ આવે છએ, ગગન ફરીથી સ્વિટીના જીવનમાં આવે છે અને તેને તથા તેના પરિવારને એક હુમલાથી બચાવે છે.શું ગગન અને સ્વિટી ફરીથી જોડાશે? કે પછી નસીબ આ બંને પ્રેમીઓને ફરીથી અલગ કરી નાખશે?

## માનવજાતની સલામતી માટે પ્લાસ્ટિક મુક્ત જીવન આપણે ક્યારે બનાવીશું....!?

દેશમાં જયારે પ્લાસ્ટીકનો પ્રવેશ થયો ત્યારે લોકોમાં કુતુહલતા સાથે ખુશી વ્યાપી ગઈ હતી પરંતુ આ પ્લાસ્ટિક માનવજાત સાથે જીવનસૃષ્ટિ અને પર્યાવરણ માટે કેટલું ખતરનાક છે તે અંગે સરકાર સહિતની કોઈ પણ સંશોધન લેબોરેટરીએ ધ્યાન આપ્યું ન હતું પરંતુ હવે પ્લાસ્ટિકથી જે નુકસાન થયું છે અને થઈ રહ્યું છે તેના પડઘા સમગ્ર વિશ્વમાં પડ્યા છે અને હવે પ્લાસ્ટિક ઉપયોગ ન કરવા માટે જંગના બ્યુગલ વગાડવાનું શરુ કર્યું છે. ત્યારે '૫ જૂનને પર્યાવરણ દિવસ' પર જ પ્લાસ્ટિક ઉપયોગ સામે વિરોધ શરુ થયો છે અને પ્લાસ્ટિક ન વાપરવા અંગે અભિયાન શરુ કરવામાં આવ્યું છે. તેમાંય વિશ્વ સ્તરે વિશ્વ પર્યાવરણ દિવનસી થીમ પ્લાસ્ટિક પ્રદૂષણ પર અંકુશ મેળવીએ જાહેર થય્ છએ. અને પર્યાવરણ દિન-૨૦૧૮ની વૈશ્વિક ઉજવણીનું યજમાન પદ ભારતને મળ્યું છે જેને કારણે ભારતમાં પર્યાવરણીય પ્રશ્નો ઉકેલવા થઈ રહેલ પ્રયાસોની ભૂમિકાને પરત્વે સૌ કોઈનું ધ્યાન દોરાશે. આ બધુ પ્લાસ્ટિકના ઉપયોગને લઈને થતાં ભયંકર નુકસાન છતાં તેના ઉત્પાદન પર પ્રતિબંધ મૂકવાથી દરેક દેશો દૂર રહ્યા છે. જે નોંધનીય અગત્યનું પાસુ છે.

એક સમયે ભારતમાં લોકો કપડાની કે શણની થેલી લઈને સામાન ખરીદવા જતાં હતા પરંતુ પ્લાસ્ટિક આવ્યા બાદ લોકો કપડાની થેલી ભૂલી ગયા છે. અને દુકાનદાર પ્લાસ્ટિક થેલીમાં જ ચીજવસ્તુ પેક કરી આપે છે કે ભરી દે છે. ત્યારે દેશભરમાં હવે સરકારે નુકસાન કરતાં પ્લાસ્ટિક ઉત્પાદનો પર પ્રતિબંધ મૂકી કાપડની કે પછી કાગળની થેલીનો ઉપયોગ ફરજીયાત કરી દેવો જરૂરી છે. અને તો જ લાંબે ગાળે પ્લાસ્ટિક બોટલ કે ગ્લાસ કે અન્ય પ્લાસ્ટિક વસ્તુ દ્વારા પીવાતા પાણી પ્રવાહી દવાથી થતાં માનવ જાતને કેન્સર જેવા રોગોથી બચાવી શકશે તો નદીઓ-તળાવોને પ્લાસ્ટિક ચીજ વસ્તુઓથી મુક્ત કરી શકાશે. ફળદ્રુપ જમીન બચાવી શકાશે,નદીઓમાં તળાવોમાં સ્વચ્છ પાણી મળી રહેશે.

આ બધુ છતાં પ્લાસ્ટિક બનાવટો પર પ્રતિબંધ જ એક માત્ર વિકલ્પ નથી. લોકોની પણ જવાબદારી છે. લોકોએ પોતે અને પરિવાર તેમજ આવનાર પેઢી માટે જાગૃત થવું જરૂરી છે નહોતો કુંટુંબનો-પરિવારનો વેલો કેન્સર જેવા રોગમાં ખતમ થઈ જશે અને વેલો અટકી જશે. તો પ્લાસ્ટિક તેમજ અન્ય કચરો ધાર્મિક ક્રિયાને નામે નદી-નાળાં તળાવ કે દરિયામાં ન નાંખવાની પ્રતિજ્ઞા લેવી અતિ જરૂરી છે અને આમ કરવાથી નદી-તળાવ-દરિયાના પેટાળની જીવ સૃષ્ટિ સલામત રહેશે નહિ તો તેની સાથે માનવજાત પણ ખતમ થઈ જશે. અરે એ તો ઠીક પ્લાસ્ટિક થેલી કે બેગમાં ખાવાનું કે ફળ-ફૂલ વગેરે રસ્તા પર ફેંકવાથી જેને આપણે ગાયમાતા માનીએ છે કહીએ છીએ તે પ્લાસ્ટિક બેગ સાથે ખાઈ જાય છે પરિણામે તેના શરીરમાં કેન્સર જીવાણુ પેદા થાય છે જે દૂધ દ્વારા માનવી સુધી પહોંચે છે. જો કે લોકો પણ પ્લાસ્ટિકથી ઉખાઈ ગયા છે એક સમયે સારુ લાગતુ પ્લાસ્ટિક હવે માનવજાત અને જીવસૃષ્ટિ માટે ઘાતિક બની ગયું છે.

એ હકીકત છે કે પ્લાસ્ટિક કચરો-ભંગાર માનવ જીવન ખતમ કરી નાંખે તે પહેલાં તેનાથી બચવાના ઉપાયગ શરુ થઈ ગયા છે. ત્યારે આપણે ત્યાંથી જ ઘરે-ઘરેથી પ્લાસ્ટિકના ઉપયોગથી બચાવ શરુ કરવો જોઈએ કપડાની થેલીનો ઉપયોગ શરુ કરો,પ્લાસ્ટિક બેગમાં સામાન ન ખરીદો તેવો આગ્રહ હોવો જરૂરી છે. તો પ્લાસ્ટિક બોટલ કે પાઉચમાં મળતું પીવાનું પાણી કે ઠંડા પીણા,સહિત બંધ કરીને માત્ર ધાતુમાં ખાસ તો સ્ટીલ સહિતની ધાતુથી બનેલ ચીજવસ્તુનો જ ઉપયોગ કરો અને તેમાં શરમ ન રાખો. સરકાર પણ આ માટે અગત્યના આકરા પગલાં લઈ માનવજાતને વિશેષ સહાય કરી શકે છે. સરકાર પોતે પણ પ્લાસ્ટિક ફાઈલો,ગ્લાસ,ડીશ,ચમચીનો ઉપયોગ બંધ કરે.

જે-તે સરકારો પર્યાવરણ અંગે વધુ જાગૃતિ અને એ પણ કાયમ માટે બતાવે. માત્ર વિશ્વ પર્યાવરણ દિવસ તરીકે એક દિવસ કાર્યક્રમો કરીને અટકી ન જાય ઊંઘી ન જાય કે પર્યાવરણ બચાવવાનું કાર્ય ભૂલી ન જાય એ પણ આવશ્યક છે તો આ બાબતે આકરા કદમ ઉઠાવવા પણ જરૂરી છે. જરૂર લાગે તો કાયદામાં પણ સુધાર કરવો જોઈએ. ટૂંકમાં માનવજાત અને જીવસૃષ્ટિ માટે ઘાયક પ્લાસ્ટિક ઉપયોગ ન કરવા માત્ર સરકાર જ નહીં લોકોએ પણ જાગૃત થઈ લડત આપવી પડશે જો તેમાં આળસ કે ઢીલી નીતિ દાખવશે તો આવનાર પેઢી આપણને માફ નહિં કરે. આપણે આવનાર પેઢીને પ્રદૂષણ મુક્ત જીવન આપવાનો સંકલ્પ કરીએ. આપણે જીવનમાં પ્લાસ્ટિકની આદત બનાવી દીધી છે તે છોડવી પડશે જ. **(જી.એન.એસ)**

## ઈંગ્લેન્ડ સિરિઝ પહેલાં કેપ્ટને પ્લેઈંગ-૧૧ અંગે ચિંતા વ્યક્ત કરી



આયરલેન્ડ સામે રમાયેલી ૨ મેચોની ટી-૨૦ સીરીઝમાં ભારતો ૨-૦થી વિજય થયો છે. ભારતનાં ધમાકેદાર પ્રદર્શન બાદ વિરાટ કોહલીએ કહ્યું કે ટીમની પસંદગી કરવી એ માથાનાં દુઃખાવા સમાન છે.હવે ભારતને ઇંગ્લેન્ડ પ્રવાસે જવાનું છે, જ્યાં ભારતીય ટીમ ૫ ટી-૨૦ મેચ, ૩ વનડે અને ૫ ટેસ્ટ રમશે. મેચ બાદ કોહલીએ કહ્યું કે, ‘‘અમારે જેવી લયની જરૂર હતી તેવી મળી ગઇ છે. ટીમનાં સંતુલિત પ્રદર્શનથી ઘણો ખુશ છું. કોને પસંદ કરવો અને કોને નહી તે હવે મુશ્કેલ બની ગયું છે. આ અમારા માટે સારી વાત છે કે બેન્ચ પર બેઠેલા ખેલાડીઓ પર સારુ પ્રદર્શન કરી રહ્યા છે.’’ઇંગ્લેન્ડ વિશે કોહલીએ કહ્યું, ‘‘અમારા માટે વિરોધી ટીમ એટલું મહત્વ નથી રાખતી. તે જો અમારા માટે મુશ્કેલી સર્જી શકે છે તો અમારી પાસે એવી બેટિંગ લાઇન અપ છે જે સારું પ્રદર્શન કરી શકે છે. સાથે જ અમારી પાસે ૨ જબરદસ્ત સ્પિનર છે. ઇંગ્લેન્ડ સામે થનારી સીરીઝ મજબૂત ટક્કરવાળી હશે.



## રોનાલ્ડો અને મેસ્સીના સુવર્ણ યુગનો નિરાશાજનક અંત થયો

આગામી વર્લ્ડકપમાં બંને જોવા નહીં મળે

કરોડો ફુટબોલ ચાહકો નિરાશ : રોનાલ્ડો અને મેસ્સીને આમને સામને જોવા ઈચ્છુક ચાહકોના સપના રોળાયા

રશિયામાં ચાલી રહેલા ફિફા વર્લ્ડકપ ૨૦૧૮માં શનિવારના દિવસે ફુટબોલના બે દિગ્ગજોની દુખદ વિદાય થઈ હતી. એકબાજુ આર્જેન્ટીના મહાન ખેલાડી લિયોનેલ મેસ્સી અને બીજી બાજુ પોર્ટુગલના સ્ટાર ખેલાડી ક્રિસ્ટિયાનો રોનાલ્ડોની વિદાય થઈ હતી. આની સાથે જ ફુટબોલ ચાહકોમાં નિરાશાનું મોજુ ફરી વળ્યું હતું. કરોડો ફુટબોલ ચાહકો ઈચ્છતા હતા કે, ક્વાર્ટર ફાઈનલ મેચમાં આર્જેન્ટીના અને પોર્ટુગલની ટીમ આમને સામને આવે અને મેસ્સી અને રોનાલ્ડોને આમને સામને જોવા માટે ચાહકો ઈચ્છુક હતા પરંતુ ચાહકોનું આ સપનું પુરુ થઈ શક્યું ન હતું. ગઈકાલે મોડીરાત્રે રમાયેલી બીજી રાઉન્ડ-૧૬ મેચમાં ઉરુગ્વેએ પોર્ટુગલ ઉપર જીત મેળવીને ક્વાર્ટર ફાઈનલમાં એન્ટ્રી કરી લીધી હતી. રોનાલ્ડોનો ફલોપ શો રહ્યો હતો. ઉરુગ્વે તરફથી સુઆરેજ અને કવાનીએ ધરખમ દેખાવ કરીને ફુટબોલ ચાહકોની આશા ઉપર પાણી ફેરવી દીધું હતું. તે પહેલા પ્રથમ રાઉન્ડ-૧૬ની મેચમાં ફ્રાંસે આર્જેન્ટીના ઉપર ૪-૩થી જીત મેળવી હતી. આ મેચમાં મેસ્સી કોઈ ગોલ કરી શક્યો ન હતો. બંને ટીમો ફેંકાઈ જવાની સાતે જ બે ધરખમ ખેલાડીઓની પણ વિદાય થઈ ગઈ છે. હવે આ બંને ખેલાડીઓ આગામી વર્લ્ડકપમાં ચાહકોને જોવા નહીં મળે તેવી શક્યતા દેખાઈ રહી છે. કારણ કે મેસ્સી હાલ ૩૧ વર્ષનો છે અને રોનાલ્ડો ૩૩ વર્ષનો છે. આવી સ્થિતિમાં ચાર વર્ષ પછી યોજાનાર નવા વર્લ્ડકપ વખતે મેસ્સીની વય ૩૫ અને રોનાલ્ડોની વય ૩૭ રહેશે. આવી સ્થિતિમાં આ બંને આગામી વર્લ્ડકપમાં જોવા નહીં મળે તેવા સાફ સંકેત છે. બંનેના સુવર્ણકાળનો ફિફા વર્લ્ડકપમાં અંત આવ્યો છે. ૨૦૨૨માં હવે આગામી વર્લ્ડકપ યોજાનાર છે. આર્જેન્ટીનાને ૪-૩થી હરાવીને ફ્રાંસે ક્વાર્ટર ફાઈનલમાં કુચ કરી હતી. નવા ઉભરી રહેલા સ્ટાર ખેલાડી એમબાપે ફ્રાંસ તરફથી બે ગોલ કરીને ચાહકોને રોમાંચિત કરી દીધા હતા. એકબાજુ મેસ્સી અને રોનાલ્ડોનો સૂર્યાસ્ત થઈ રહ્યો છે ત્યારે બીજી બાજુ એમબાપે જેવા નવા ફુટબોલ સ્ટારનો સૂર્યોદય થઈ રહ્યો છે. તેની રમતથી કરોડો ફુટબોલ પ્રેમીઓ રોમાંચિત થઈ ગયા હતા. કેવાનીએ ટુર્નામેન્ટમાં ત્રીજો ગોલ ફટકારીને રોનાલ્ડોની આશા ઉપર પણ પાણી ફેરવી દીધું હતું.

## હવે ફીફા વર્લ્ડ કપમાં ક્વાર્ટર ફાઈનલ મેચોને લઈ તૈયારી

**ટીમ સ્પીરીટ**

ફિફા વર્લ્ડકપમાં હવે ક્વાર્ટર ફાઈનલ મેચોનો શરૂઆત થનાર છે. છઠ્ઠી જુલાઈથી આની શરૂઆત થશે. જો કે રોમાંચ પહેલાથી જ જારી છે. ફુટબોલ ફિવર છેલ્લા કેટલાક સમયથી ચમરસીમા પર છે. હવે ક્રેઝ વધુ વધે`વા સંકેત છે. ક્વાર્ટર ફાઈનલ તબક્કાની પ્રથમ મેચ છઠ્ઠી જુલાઈના દિવસે રમાશે. જેમાં હાલમાં ફોર્મમાં ચાલી રહેલી ઉરુગ્વેની ટીમ ફ્રાન્સની સામે ટકરાશે. આ મેચનુ પ્રસારણ સાંજે ૭-૩૦ વાગ્યાથી કરવામાં આવનાર છે. જ્યારે એજ દિવસે પાંચ વખતના વર્લ્ડ ચેમ્પિયન બ્રાઝિલની ટક્કર બેલ્જિયમ સામે થશે. બન્ને ટીમો વચ્ચેની મેચ ફાઈટ ટુ ફિનિશ સમાન રહેનાર છે. ત્રીજી ક્વાર્ટર ફાઈનલ મેચ યજમાન રશિયા અને ક્રોએશિયા વચ્ચે રમાશે. જેનુ પ્રસારણ સાંજે ૭-૩૦ વાગ્યાથી કરવામાં આવનાર છે. ચોથી ક્વાર્ટર ફાઈનલ મેચને લઈને ટીમો અંગે ફેંસલો હજુ બાકી છે. આ વખતે તમામ મોટી ટીમો સ્પર્ધામાંથી આઉટ થઈ રહી છે. આ વખતે મોટા અપસેટ શરૂઆતના રાઉન્ડમાં જ જોવા મળી રહ્યા છે. વર્તમાન ચેમ્પિયન જર્મની પ્રથમ રાઉન્ડમાં બહાર થઈ ગયા બાદ રાઉન્ડ ૧૬માં સ્પેન, આર્જેન્ટિના અને પોર્ટુગલ જેવી ટીમો બહાર થઈ ગઈ છે. ડેનમાર્ક પણ હારીને બહાર થઈ જતા વધુ એક મોટો અપસેટ સર્જાયો હતો. રશિયામાં આયોજિત ફિફા વર્લ્ડ કપમાં પ્રથમ વખત વિડિયો રેફરીની ગોઠવણી કરવામાં આવી છે. નવી ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ૨૧મા ફીફા વર્લ્ડ કપમાં તમામ ટીમો પૂર્ણ તાકાત સાથે મેદાનમાં ઉતરી હતી. જેથી શરૂઆતથી મોટી ટીમો મુશ્કેલીમાં મુકાઈ હતી. જર્મનીમાં વર્ષ ૨૦૦૬માં આનુ આયોજન કરવામાં આવ્યા બાદ આ પ્રથમ વર્લ્ડ કપ છે જેનુ પૂર્વીય યુરોપમાં પ્રથમ વખત આનુ આયોજન કરવામાં આવ્યુ છે. યુરોપિયન રશિયામાં રહેલા તમામ મેદાનો ખાતે પુરતી તૈયારી કરી લેવામાં આવી છે. તમામ મેદાન ખાતે સફળ રીતે આયોજન કરવામાં આવી રહ્યુ છે. આ વર્લ્ડ કપમા હવે ૩૨ ટીમો મેદાનમાં ઉતરી હતી. પ્રથમ રાઉન્ડના દોર બાદ હવે અનેક ટીમો બહાર ફેંકાઈને સ્વદેશ પરત ફરી ચુકી છે.તમામ શક્તિશાળી ટીમોમાંથી ચેમ્પિયન કોણ બનશે તેને લઈને ચર્ચા છેડાઈ ગઈ છે. ફીફા વર્લ્ડ કપમાં એક સાથે પાંચ મુસ્લિમ દેશ આ વખતે રમી રહ્યા છે. ઈનામી રકમની વાત કરવામાં આવે તો ફીફા વર્લ્ડ કપમાં વિજેતા ટીમને ત્રણ કરોડ ૮૦ લાખ ડોલર એટલે કે ૩૮ મિલિયન ડોલરની મહાકાય રકમ મળનાર છે. જે છેલ્લા વર્લ્ડ કપમાં જે રકમ મળી હતી તેના કરતા ૩૦ લાખ ડોલરની રકમ વધારે છે. ફિફા વર્લ્ડ કપમાં રનર્સ અપ રહેનાર ટીમને ૯૦ લાખ ડોલર અથવા તો ૧૯૪.૪ કરોડ રૂપિયા અને ત્રીજા સ્થાને રહેનાર ટીમને બે કરોડ ૪૦ લાખ ડોલર અથવા તો ૧૬૦.૧ કરોડ રૂપિયા આપવામા ંઆવનાર છે.ફીફા કપમાં વિજેતાને ૨૨૫ કરોડની રકમ મળનાર છે. ફીફા વર્લ્ડ કપમાં રમી રહેલી તમામ ટીમોને તૈયારીની ફી તરીકે ૧૫-૧૫ લાખ ડોલરની રકમ આપવામાં આવી રહી છે. પ્રથમ તબક્કામાંથી બહાર થનાર ટીમને ૮૦ લાખ ડોલર **અનુસંધાન પાન નં.૬ ઉપર**

**ફ્રાન્સ-ઉરુગ્વે વચ્ચે છઠ્ઠીએ જોરદાર જંગ થશે: સુઆરેજ તેમજ કવાની ફોર્મમાં હોવાથી ફ્રાન્સની આકરી કસોટી થશે : બ્રાઝિલની બેલ્જિયમની સામે જોરદાર ટક્કર**

## સ્પોર્ટસ ક્વીઝ

ડૉ.પી.ડી.શર્મા

**સવાલ :**

૧.ટેસ્ટ ક્રિકેટમાં પ્રથમ દિવસે લંચ પહેલાં સદી ફટકારનાર પ્રથમ ભારતીય ખેલાડી કોણ ?

૨. હાલમાં જ કયા ક્રિકેટ ખેલાડીની પસંદગી ત્રીજી વખત વર્ષ ૨૦૧૭-૧૮ માટે ‘સીએટ આંતરરાષ્ટ્રીય ક્રિકેટર’ તરીકે કરવામાં આવી હતી ?

૩. હાલમાં જ ભારત અને અફઘાનીસ્તાનની પ્રથમ ટેસ્ટમેચ ભારતે કેટલા દિવસમાં જીતી ઈતિહાસ સર્જ્યો હતો ?

૪.૨૦૧૮ ફુટબોલ વર્લ્ડકપમાં પ્રથમ હેટ્રીક કરનાર ખેલાડી કોણ ? કયા દેશ સામે ?

૫. ૨૦૧૮ ફુટબોલ વર્લ્ડકપમાં કયા દેશે ગ્રુપ મેચ દરમ્યાન ડીફેન્ડીંગ ચેમ્પિયન જર્મનીને હરાવીને મોટો અપસેટ સર્જ્યો હતો ?

૬. ૨૦૧૮ ફુટબોલ વર્લ્ડકપમાં કઈ એશીયન ટીમે સાઉથ અમેરીકાની ટીમ સામે વિજય મેળવવાની ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી હતી ?

૭. કયા ખેલાડીને ૨૦૧૮ ફુટબોલ વર્લ્ડકપનું પ્રથમ રેડ કાર્ડ દેખાડવામાં આવ્યું હતું ?

૮.હાલમાં આંતરરાષ્ટ્રીય વન-ડે મેચમાં હાઈએસ્ટ સ્કોર કરનાર દેશ કયો છે?

૯. ૨૦૧૮ ફુટબોલ વર્લ્ડકપમાં સૌથી પ્રથમ ટુર્નામેન્ટની બહાર થનાર પહેલા બે દેશો કયા હતા ?

૧૦. ૨૦૧૮ ફુટબોલ વર્લ્ડકપમાં કયા બે દેશના ચાહકોએ સ્ટેડીયમ સાફ કરીને વિજયની ઉજવણી કરી હતી ?

૧૧. ૨૦૧૮ ફુટબોલ વર્લ્ડકપ દરમ્યાન કયા ખેલાડીએ હંગેરીના લેજન્ડરી ખેલાડી ફેરેન્ક પુસ્કાસનો ૫૬ વર્ષ જુનો રેકોર્ડ તોડયો હતો ?

૧૨. ૨૦૧૮ એશિયન ગેમ્સ માટે ભારતીય ટેબલ ટેનિસ ટીમમાં ગુજરાતના કયા બે ખેલાડીઓની પસંદગટી કરવામાં આવી છે ?

૧૩. ભારતીય ક્રિકેટ ટીમ આગામી પાંચ વર્ષમાં કુલ કેટલા આંતરરાષ્ટ્રીય મેચો રમાશે ?

**જવાબ:**

૧.ટેસ્ટ ક્રિકેટમાં પ્રથમ દિવસે લંચ પહેલાં સદી ફટકારનાર પ્રથમ ભારતીય ખેલાડી શિખર ધવન છે.

૨. હાલમાં જ ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન વિરાટ કોહલી નામના ખેલાડીની પસંદગી ત્રીજી વખત વર્ષ ૨૦૧૭-૧૮ માટે ‘સીએટ આંતરરાષ્ટ્રીય ક્રિકેટર’ તરીકે કરવામાં આવી હતી.

૩. હાલમાં જ ભારત અને અફઘાનીસ્તાનની પ્રથમ ટેસ્ટમેચ ભારતે ફકત બે જ દિવસમાં જીતી ઈતિહાસ સર્જ્યો હતો.

૪.૨૦૧૮ ફુટબોલ વર્લ્ડકપમાં પ્રથમ હેટ્રીક કરનાર ખેલાડી પોર્ટુગલના ક્રિસ્ટીયાનો રોનાલ્ડોએ સ્પેન દેશ સામે પહેલી જ મેચમાં ઈતીહાસ સર્જયો હતો.

૫. ૨૦૧૮ ફુટબોલ વર્લ્ડકપમાં મેક્સિકોએ, જર્મનીની સાથે ગ્રુપ દેશે ગ્રુપ મેચ દરમ્યાન ડીફેન્ડીંગ ચેમ્પિયન જર્મનીને હરાવીને મોટો અપસેટ સર્જ્યો હતો.

૬. ૨૦૧૮ ફુટબોલ વર્લ્ડકપમાં જાપાને કોલંબિયાને ૨-૧ ગોલથી હરાવીને એશીયન ટીમે સાઉથ અમેરીકાની ટીમ સામે વિજય મેળવવાની ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી હતી.

૭. કોલંબીયાના કાર્લોસ સાન્ચેઝ નામના ખેલાડીને ૨૦૧૮ ફુટબોલ વર્લ્ડકપનું પ્રથમ રેડ કાર્ડ દેખાડવામાં આવ્યું હતું.

૮.હાલમાં આંતરરાષ્ટ્રીય વન-ડે મેચમાં હાઈએસ્ટ સ્કોર કરનાર ઈંગ્લેન્ડે ૬ વિકેટે ૪૮૧ રને જીત્યો છે.

૯. ૨૦૧૮ ફુટબોલ વર્લ્ડકપમાં સૌથી પ્રથમ ટુર્નામેન્ટની બહાર થનાર પહેલા બે દેશો મોરક્કો અને સાઉદી અરેબીયા હતા.

૧૦. ૨૦૧૮ ફુટબોલ વર્લ્ડકપમાં જાપાન અને સેનેગલના એમ બે દેશના ચાહકોએ સ્ટેડીયમ સાફ કરીને વિજયની ઉજવણી કરી હતી. કારણ કે સેનેગલે પોલેન્ડને તથા જાપાને કોલંબિયાને હરાવ્યું હતું.

૧૧. ૨૦૧૮ ફુટબોલ વર્લ્ડકપ દરમ્યાન પોર્ટુગલના ક્રીસ્ટીયાનો રોનાલ્ડોએ મોરક્કો સામે ગોલ કરીને આંતરરાષ્ટ્રીય ફુટબોલમાં ૮૫ મો ગોલ કરીને` હંગેરીના લેજન્ડરી ખેલાડી ફેરેન્ક પુસ્કાસનો ૫૬ વર્ષ જુનો રેકોર્ડ તોડયો હતો.

૧૨. ૨૦૧૮ એશિયન ગેમ્સ માટે ભારતીય ટેબલ ટેનિસ ટીમમાં ગુજરાતના હરમીત દેસાઈ અને માનવ ઠક્કર નામના એમ બે ખેલાડીઓની પસંદગટી કરવામાં આવી છે.

૧૩. ભારતીય ક્રિકેટ ટીમ આગામી પાંચ વર્ષમાં કુલ ૨૦૩ આંતરરાષ્ટ્રીય મેચો રમાશે એટલે કે ૫૧ ટેસ્ટ, ૮૩ વન-ડે અને ૬૯ ટવેન્ટી ૨૦ મેચો રમાશે.

**-ડૉ.પી.ડી.શર્મા**
**(અમદાવાદ)**

## વન-ડે ક્રિકેટમાં બોલની દ્રષ્ટીએ સૌથી ઝડપી બેવડી સદી

**ખેલના મેદાનમાંથી** — કમલેશ કંસારા

વન-ડે ક્રિકેટમાં બેવડી સદી નોંધાવવી એ પણ એક વિશિષ્ટ ઘટના કહેવાય છે. વન-ડે ઈન્ટરનેશનલ મેચમાં સૌ પ્રથમ બેવડી સદી ભારતના સચીન તેંડુલકરે બનાવી હતી. સચીને ૨૦૧૦ માં દક્ષિણ આફ્રિકા વિરૂદ્ધ ૨૪-૨-૧૦ ના રોજ ગ્વાલીયર ખાતે વન-ડે ઈન્ટરનેશનલ મેચમાં અણનમ ૨૦૦ રન નોંધાવ્યા હતા. જેમાં ૨૦૦ રન ૧૪૭ બોલમાં ૨૫ ચોગ્ગા અને ૩ સિકસર સાથે પુરા કર્યા હતા. વન-ડે ના ઈતિહાસમાં આ સૌ પ્રથમ બેવડી સદીનો રેકોર્ડ સ્થાપિત થયો હતો.

બોલની દ્રષ્ટીએ સૌથી ઝડપી બેવડી સદી નોંધાવવાનો રેકોર્ડ વેસ્ટ ઈન્ડિઝના માસ્ટર બ્લાસ્ટર બેટસમેન ક્રીસગેઈલ પાસે છે. ગેઈલે ૨૦૧૫ માં ઝીમ્બાબ્વે સામે કેનબરા ખાતેની વન-ડે મેચમાં ૧૪૭ બોલમાં ૨૧૫ રન નોંધાવ્યા હતા.જેમાં ૧૦ ચોગ્ગા અને ૧૬ સિકસરનો સમાવેશ થાય છે. ગેઈલ પોતાના ૨૦૦ રન માત્ર ૧૩૮ બોલમાં પુરા કર્યા હતા. વન-ડે ના ઈતિહાસમાં એક ઈનીંગ્સમાં એક બેટસમેન દ્વારા ૧૬ સિકસરનો એક અનોખો રેકોર્ડ નોંધાયો હતો.ભારતના રોહીત શર્માએ પણ પોતાની ૨૦૯ રનની ઈનીંગ્સમાં ૧૬ સિકસર લગાવીને ગેઈલના રેકોર્ડની બરોબરી કરી હતી. રોહીત શર્માએ ૨૦૧૩ માં બેંગલુરૂ ખાતે ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ વન-ડે મેચમાં ૧૫૮ બોલમાં ૧૨ ચોગ્ગા અને ૧૬ સિકસર લગાવીને ૨૦૯ રન નોંધાવ્યા હતા. રોહીત શર્માએ પોતાની બેવડી સદી ૧૫૬ બોલમાં પુરી કરી હતી.

ત્યારબાદ ફરી એકવાર રોહીત શર્માએ ૨૦૧૪ માં શ્રીલંકા વિરૂદ્ધ કોલકત્તા ખાતેની વન-ડે ઈન્ટરનેશનલ મેચમાં વન-ડે ના ઈતિહાસનો સર્વોચ્ચ જુમલો ૨૬૪ રન બનાવીને વિશ્વ રેકોર્ડ સ્થાપ્યો હતો. જેમાં ૩૩ ચોગ્ગા અને ૯ સિકસર લગાવી હતી. રોશીત શર્માએ પોતાની બેવડી સદી ૧૭૩ બોલમાં પુરી કરી હતી. ફરી એકવાર રોહીત શર્માના બેટમાંથી બેવડી સદી નીકળી ૨૦૧૭ માં શ્રીલંકા વિરૂદ્ધ મોહાલી ખાતેની વન-ડે ઈન્ટરનેશનલ મેચમાં અણનમ ૨૦૮ રન લગાવ્યા હતા. ૧૫૩ બોલમાં ૧૩ ચોગ્ગા અને ૧૨ સિકસર લગાવી હતી. જેમાં રોહીતે પોતાની બેવડી સદી ૧૫૧ બોલમાં પુરી કરી હતી. આમવન-ડે ઈન્ટરનેશનલ ક્રીકેટના ઈતિહાસમાં ત્રણ બેવડી સદી બનાવનાર એક માત્ર રોહીત શર્મા જ રેકોર્ડ ધરાવે છે.

ભારતના વિરેન્દ્ર સહેવાગે ૨૦૧૧ ની વેસ્ટ ઈન્ડિઝ સામે ઈન્દોર ખાતેની વન-ડે ઈન્ટરનેશનલ ક્રીકેટમાં ૨૧૯ રન નોંધાવ્યા હતા. વન-ડે ના ઈતિહાસમાં સચીન તેંડુલકર બાદ સહેવાગ વિશ્વનો બીજો બેટસમેન બન્યો હતો. જેણે વન-ડે માં સર્વોચ્ચ જુમલો નોંધાવ્યો હતો. સહેવાગે ૨૧૯ રન ૧૪૯ બોલમાં ૨૫ ચોગ્ગા અને ૭ સિકસર સાથે પુરા કર્યા હતા. જેમાં બેવડી સદી ૧૪૦ બોલમાં પૂર્ણ કરી હતી.ન્યુઝીલેન્ડ તરફથી એક માત્ર બેટસમેને વન-ડે ના ક્રીકેટમાં ડબલ સદી લગાવી છે. ન્યુઝીલેન્ડ તરફથી માર્ટીન ગુપ્ટીલે ૨૦૧૫ માં વેસ્ટ ઈન્ડીઝ વિરૂદ્ધ રમાયેલ વેલીંગ્ટન ખાતેની વન-ડે ઈન્ટરનેશનલ ક્રીકેટમાં અણનમ રહીને ૨૩૭ રન કર્યા હતા. ગુપ્ટીલે અણનમ ૨૩૭ રન ૧૬૩ બોલમાં ૨૪ ચોગ્ગા અને ૧૧ સિકસર લગાવીને પુરા કર્યા હતા. ગુપ્ટીલે બેવડી સદી ૧૫૨ બોલમાં પુરી કરી હતી.

અત્યાર સુધી વન ડેના ઈતિહાસમાં કુલ સાત ડબલ સદી નોંધાઈ છે. જેમાં ભારત તરફથી ત્રણ બેટસમેનો દ્વારા પાંચ બેવડી સદી નોંધાવી છે. જયારે વેસ્ટ ઈન્ડિઝ અને ન્યુઝીલેન્ડ તરફથી એક એક બેટસમેનો દ્વારા બેવડી સદી નોંધાઈ છે. **કમલેશ કંસારા**

<u>**છઠ્ઠીથી રોમાંચક શરૂઆત કરાશે**</u>

## ક્વાર્ટર ફાઈનલ મેચો

ફિફા વર્લ્ડકપમાં હવે ક્વાર્ટર ફાઈનલ મેચોનો શરૂઆત થનાર છે. છઠ્ઠી જુલાઈથી આની શરૂઆત થશે. જો કે રોમાંચ પહેલાથી જ જારી છે. ફુટબોલ ફિવર છેલ્લા કેટલાક સમયથી ચમરસીમા પર છે. હવે ક્રેઝ વધુ વધે`વા સંકેત છે. ક્વાર્ટર ફાઈનલ તબક્કાની પ્રથમ મેચ છઠ્ઠી જુલાઈના દિવસે રમાશે. જેમાં હાલમાં ફોર્મમાં ચાલી રહેલી ઉરુગ્વેની ટીમ ફ્રાન્સની સામે ટકરાશે. આ મેચનુ પ્રસારણ સાંજે ૭-૩૦ વાગ્યાથી કરવામાં આવનાર છે. જ્યારે એજ દિવસે પાંચ વખતના વર્લ્ડ ચેમ્પિયન બ્રાઝિલની ટક્કર બેલ્જિયમ સામે થશે. બન્ને ટીમો વચ્ચેની મેચ ફાઈટ ટુ ફિનિશ સમાન રહેનાર છે. ત્રીજી ક્વાર્ટર ફાઈનલ મેચ યજમાન રશિયા અને ક્રોએશિયા વચ્ચે રમાશે. જેનુ પ્રસારણ સાંજે ૭-૩૦ વાગ્યાથી કરવામાં આવનાર છે. ઈનામી રકમની વાત કરવામાં આવે તો ફીફા વર્લ્ડ કપમાં વિજેતા ટીમને ત્રણ કરોડ ૮૦ લાખ ડોલર એટલે કે ૩૮ મિલિયન ડોલરની મહાકાય રકમ મળનાર છે. જે છેલ્લા વર્લ્ડ કપમાં જે રકમ મળી હતી તેના કરતા ૩૦ લાખ ડોલરની રકમ વધારે છે. ફિફા વર્લ્ડ કપમાં રનર્સ અપ રહેનાર ટીમને ૯૦ લાખ ડોલર અથવા તો ૧૯૪.૪ કરોડ રૂપિયા અને ત્રીજા સ્થાને રહેનાર ટીમને બે કરોડ ૪૦ લાખ ડોલર અથવા તો ૧૬૦.૧ કરોડ રૂપિયા આપવામા ંઆવનાર છે.ફીફા કપમાં વિજેતાને ૨૨૫ કરોડની રકમ મળનાર છે. રાઉન્ડ ૧૬ બાદ હવે ક્વાર્ટર ફાઈનલ મેચોનો દોર શરૂ થનાર છે. જે નીચે મુજબ છે.

ઉરુગ્વે વિરુદ્ધ ફ્રાન્સ ( છઠ્ઠી જુલાઈ, સાંજે ૭-૩૦ વાગે)બ્રાઝિલ વિરુદ્ધ બેલ્જિયમ ( છઠ્ઠી જુલાઈ , ૧૧-૩૦ વાગે) રશિયા વિરુદ્ધ ક્રોએશિયા ( સાતમી જુલાઈ, ૧૧-૩૦ વાગે)

ચોથી મેચોની ટીમ નક્કી હાલ ન થઈ ( સાતમી જુલાઈ , ૧૧-૩૦ વાગે)

## ભારત સામેની વન-ડે સિરીઝ માટે ઈંગ્લેન્ડ ટીમ જાહેર,બેન સ્ટોક્સનો સમાવેશ

**ટર્નીંગ પોઈન્ટ**



બેન સ્ટોક્સને ભારત સામે ૧૨ જુલાઈથી શરૂ થનારી ત્રણ મેચની વનડે શ્રેણી માટે ઈહ્પ્ક્ષ્રૃદ્રહ્ક્ષ ટીમમાં પસંદ કરવામાં આવ્યા છે. પાકિસ્તાન સામે ટેસ્ટ શ્રેણી દરમિયાન બેન સ્ટોક્સ ઈજાગ્રસ્ત થઈ ગયા હતા. તે ઓસ્ટ્રેલિયા સામેની પાંચ મેચની શ્રેણીમાં ટીમના ભાગ રહ્યા નહોતા. ઈંગ્લેન્ડે આ શ્રેણી ૫-૦ થી પોતાના નામે કરી હતી.

બેન સ્ટોક્સને સપૂર્ણ આરામ આપવા માટે ભારત સામે ત્રણ મેચની ટી-૨૦ આંતરરાષ્ટ્રીય શ્રેણી માટે પસંદ કરવામાં આવેલ ટીમમાં સામેલ કરવામાં આવ્યા નથી. ઈસીબીએ જણાવ્યું છે કે, જો બેન સ્ટોક્સ સપૂર્ણ તરીકે ફીટ થઈ જાશે તો ભારત સામે આઠ જુલાઈના રમાવનારી અંતિમ ટી-૨૦ ટીમમાં તેમને સામેલ કરવામાં આવી શકે છે. તે આ અગાઉ પાંચ જુલાઈએ ડરહમ માટે યોર્કશાયર સામે કાઉન્ટી ક્રિકેટ મેચમાં રમશે.

ઈસીબીએ એક નિવેદન જાહેર કરી જણાવ્યું છે કે, પ્રતિસ્પર્ધી ક્રિકેટમાં વાપસી પર જો તે પોતાની ફિટનેસ સાબિત કરી દેશે તો ભારત સામે ૮ જુલાઈએ રમાવનારી ત્રીજી ટી-૨૦ મેચ માટે ટીમમાં સામેલ કરવામાં આવી શકે છે.

ઈંગ્લેન્ડ ટીમ આ પ્રકાર છે : ઈયોન મોર્ગન (કેપ્ટન), મોઈન અલી, જોનાથન બેયરસ્ટો, જેક બોલ, જોસ બટલર, ટોમ કરુન, એલ્કેસ હેલ્સ, લિયામ પ્લકેન્ટ, આદીલ રાશીદ, જો રૂટ, જેસન રોય, બેન સ્ટોક્સ, ડેવિડ વિલી અને માર્ક વુડ.

## ફિફા વર્લ્ડ કપ : ૩૬ વર્ષમાં પહેલીવાર આફ્રિકાની બધી જ ટીમો પહેલા રાઉન્ડમાંથી બહાર



સેનેગલના ફેયર પ્લેન નિયમથી બહાર થવું વિશ્વકપના ઈતિહાસમાં ૩૬ વર્ષમાં પહેલીવાર થયું છે. આફ્રિકાની કોઈટીમ બીજા રાઉન્ડમાં પહોંચવામાં અસફરળ રહી છે. ૧૯૮૨માં જ્યારે આવું થયું હતું ત્યારે આટલું આશ્ચર્યજનક રીતે ન્હોતું જોવામાં આવ્યું. આ વર્લ્ડકપમાં આફ્રિકાના સ્ટાર મોહમ્મદ સાલાહ અને સૈડિયો માનેએ સારુ પ્રદર્શન ન્હોતું દેખાડ્યું. આફ્રિકારની પાંચ ટીમોએ ક્વોલિફાઈ કર્યું હતું. પરંતુ આગલા રાઉન્ડમાં ન પહોંચવું એ આફ્રિકા માટે ઝાટકો હતો.

કેમરુનની ટીમે ચેમ્પિયન બનેલી ઈટાલીની ટીમને હરાવી હતી. અને અલ્ઝેરિયાની ટીમ આ જગ્યાએથી બહાર થઈ ગઈ હતી. પશ્ચિમ જર્મની અને ઓસ્ટ્રેલિયા પરિણામ પશ્ચિમ જર્મની વચ્ચે રહ્યું હતું. જેની દર્શકોએ ખુબ જ નિંદા કરી હતી. આ મેચ ડિસ્ગ્રેસ ઓફ ગિજોનના નામથી બદનામ રહ્યું હતું.

આઈવરી કોસ્ટ માટે ત્રણ વર્લ્ડકપ રમી ચુકેલા ડિડિયર ડ્રોગ્બાએ કહ્યું કે આફ્રિકા આફ્રિકા આ વિશ્વકપમાં એકદમ પાછળ રહ્યું છે. એક દિવસે આફ્રિકા વિશ્વકપ જીતવા માટે સફળ રહેશે. પરંતુ આપણે ફરીથી વિચારવાની જરૂર છે આ મોટી ટૂર્નામેન્ટમાં આપણે કયા પ્રકારનું વલણ દેખાડીએ છીએ. ડ્રોગ્બાએ કહ્યું કે, એકદમ ચુસ્ત અને યોગ્ય યોજના બનાવવાની જરૂર છે. અમારે યુરોપિયન ટીમોને ટક્કર આપવા માટે તૈયાર રહેવું પડશે.

રશિયામાં ચાલી રહેલા વર્લ્ડકપમાં આફ્રિકાની ત્રણ ટીમો ઈજીપ્ત, મોરક્કો અને ટ્યુનિશિયા તો પોતાના ત્રીજી ગ્રુપ મેચ પહેલા જ બહાર થઈ ગઈ હતી. નાઈઝિરિયા અને અર્જેન્ટીના વિરૂદ્ધ મુકાબલામાં ૧-૨થી હારનો સામનો કરવો પડ્યો હતો. જ્યારે સેનેગલ ટીમ વધારે પીળા કાર્ડ જોવાના

## ટીમની પસંદગી સિરદર્દ બની ગઈ છે : વિરાટ કોહલી

આયરલૈંડની વિરૂધ્ધ રમાયેલી બે ટી ટવેન્ટી મેચોનની સીરીજમાં પુરી ટીમ સારૂ પ્રદર્શન કર્યા બાદ ભારતીય સુકાની વિરાટ કોહલીએ કહ્યું કે તેના માટે હવે અંતિમ ૧૧ની પસંદગી કરવી સિરદર્દ બની ગઈ છે.ભારતે શુક્રવારે રાતે રમાયેલ બીજી ટી ટવેન્ટી મેચમાં આયરલૈંડને ૧૪૩ રનોથી પરાજય આપ્યો હતો અને સીરીજ પર ૨-૦થી કબજો કર્યો હતો.

હવે ભારતને ઈગ્લેન્ડ માટે રવાના થવાનું છે જયાં ટીમ પાંચ ટી ટવેન્ટી મેચ,૩ વનડે અને પાંચ ટેસ્ટ મેચોની સીરીજ રમશે. મેચ બાદ કોહલીએ કહ્યું કે અમને તે રીતની લય મળી ગઈ છે જે રીતની અમને ઈચ્છતા હતાં. ટીમના સંતુલિત પ્રદર્શનથી ખુબ છું અમારા માટે સારી વાત છે કે બેંચ પર બેઠેલા ખેલાડી પણ સારૂ પ્રદર્શ ન કરી રહ્યાં છે.

ઈગ્લેન્ડ બાબતે કોહલીએ કહ્યું કે અમારા માટે વિપક્ષી ટીમ મહત્વ રાખતી નથી અમે જાણીએ છીએ કે જો તે મુશ્કેલી પેદા કરી શકે છે તો અમારી પાસે એવી બેટીગ છે જે સારૂ કરી શકે છે. આ સાથે જ અમારી પાસે કલાઈના બે શાનદાર સ્પિનર છે. ઈગ્લેન્ડની વિરૂધ્ધ યોજાનાર સીરીજ ખુબ પ્રતિસ્પર્ધી થનાર છે.

ભારતે નિર્ધારિત ૨૦ ઓવરમાં આયરલૈંડની સામે ૨૧૪ રનનો મોટો લક્ષ્ય રાખ્યો હતો.મેજબાન ટીમ આ સ્કોરની સામે પુરી રીતે લડખડાઈ અને માત્ર ૭૦ રનમાં ઓલ આઉટ થઈ ગઈ હતી. અને ભારતે આયરલૈંડને એકતરફથી મુકાબલામાં ૧૪૩ રનોથી પરાજય આપી બે મેચોની સીરીજ પર ૨-૦થી કબજો જમાવી લીધો હતો. આ ભારતની ટી ટવેન્ટી માં સૌથી મોટી જીત પણ રહી હતી

મહેસાણા, પાટણ, રાધનપુર, સિધ્ધપુર, ચાણસ્મા, ઉંઝા, વિસનગર, હિંમતનગર, ખેડબ્રહ્મા
રખેવાળ

## કાંસા-ભીલડી રેલવે પ્રોજેક્ટ આગામી સમયમાં પૂર્ણ કરાશે

પાટણ

રેલવે મંત્રાલય અને આર્કીયોલોજી ડીપાર્ટમેન્ટ વચ્ચે અટવાયેલા પાટણ-કાંસા-ભીલડી રેલવે ટ્રેકને આખરે મંજૂરી મળી ગઈ છે. ૫૦ કી.મી.ની રેલવે લાઈનનું આગામી માસમાં કામ શરૂ થઈ જશે.

રાણકી વાવ અને સંહસ્ત્રલિંગ તળાવના પુરાતત્વીય સ્મારકોને કારણે આ પ્રોજેક્ટ વિલંબમાં મુકાયો હતો, હવે બંને વિભાગો વચ્ચે સમજૂતી થતાં રેલવે દ્વારા એ.એસ.આઈ.ને ૫૬૬ સ્કવેટ મીટર જમીન આપવામાં આવશે અને એ.આઈ.સી. તેની માલીકી ૫૬૬ ચોરસમીટર જમીન રેલવેને આપશે જેનાથી રેલવે લાઈન વિધાનસભાની સરળ અને સુગમ વ્યવસ્થા કરી શકાશે. બંને વિભાગો તેમના હસ્તકની રૂા.૪૬.૩૯.૫૦૦ ની કિંમતની જમીનનું એક બીજાને હસ્તાંતરણ કરશે. જેનાથી કાંસા-ભીલડી રેલવે પ્રોજેક્ટ આગામી સમયમાં પૂર્ણ કરાશે, પાટણ-મહેસાણા, બનાસકાંઠા અને રાજસ્થાનના ઝાલોર જિલ્લાને લાભ થશે, જેથી આ માટે જિલ્લાનો વિકાસ ઝડપી બનશે.

## પાટણમાં ખાનસરોવર પાસેના નાળાનું ટેસ્ટીંગ હાથ ધરાયું

પાટણ

પાટણ શહેરના ખાન સરોવર રોડ પર ઈદગાહ પાસે હાલમાં જૂના અને જર્જરિત બની ગયેલા નાળાની જગ્યાએ રૂા.૩૬ લાખના ખર્ચે પુરજોશમાં બની રહેલા નવા નાળા ઉપરના વજનની ક્ષમતા માપવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે. આ નાળાની ભાર ઉંચકવાની ક્ષમતા માપવા માટે આ નાળાના પાઈલની નીચે એક મીટર મૂકવામાં આવ્યું છે, અને નાળાના સ્લેબના ઉપર રેતી ભરેલી બોરીઓ મૂકીને ભાર વહન કરવાની ક્ષમતા એટલે કે પાઈલ ભર્યા પછી ૨૮ દિવસ સુધી તેનું ટેસ્ટીંગ કરવામાં આવે છે આ માટે રોજ આ બોરીઓના ઢગ ઉપર વધુ બોરીઓનો ભાર ઉમેરવામાં આવી રહ્યો છે આ કામગીરી માટે રસ્તા પરનો તમામ વાહન વ્યવહાર તદ્દન બંધ કરી દેવા આવ્યો છે.

## પાટણની કોર્ટમાં સાંતલપુરના શખ્સે આત્મવિલોપનનો પ્રયાસ કર્યો

પાટણ

પાટણ જિલ્લા કોર્ટમાં ગત સોમવારે એક આકસ્મિક અને દિલધડક ઘટના બની હતી. જેમાં સાંતલપુર બાજુનો એક અરજદાર પાટણ કોર્ટમાં કોઈ કારણસર શરીરે કેરોસીન છાંટી આત્મ વિલોપનનો પ્રયાસ કરવા જતા સનસનાટી મચી જવા પામી હતી.

વામરોલીના અરદજદાર હીરાભાઈ જોષીની જમીનને લગતો પ્રશ્ન હતો અને આ પ્રશ્નને લઈ અંદરો અંદર આક્ષેપો પ્રતિ-આક્ષેપો ચાલી રહ્યા હતા. કોઈએ આ અરજદારને કલેકટર કચેરીએ રજૂઆત કરવા જણાવેલ પરંતુ કોઈ કારણસર આ અરજદાર પાટણ જિલ્લા કોર્ટમાં પહોંચ્યો અને બીજા માળે જઈ હાલમાં કેરોસીનની બોટલ લઈ શરીર પર નાખવા જતાં કોર્ટ રૂપ બહાર હાજર પોલીસ કર્મીએ દોડી આવી તેની પાસેની કેરોસીનની બોટલ છીનવી લઈને પોલીસને જાણ કરી હતી. બાદમાં પોલીસે તેની પૂછપરછ કરી હતી.

## વિવિધ બજાર ભાવ

**ડીસા**

| | |
|---|---|
| એરંડા | ૭૯૦-૮૧૦ |
| રાયડો | ૭૦૧-૭૧૭ |
| ઘઉં | ૩૩૨-૩૪૧ |
| બાજરી | ૨૪૦-૨૭૮ |
| ગવાર | ૭૨૭ |
| મગફળી | ૭૦૦-૮૩૦ |
| રાજગરો | ૧૦૩૦-૧૧૮૦ |

**ધાનેરા**

| | |
|---|---|
| ઘઉં | ૩૧૮-૩૩૪ |
| બાજરી | ૨૫૦-૨૮૧ |
| જુવાર | ૬૪૦-૬૫૧ |
| ગવાર | ૬૮૭-૭૫૩ |
| મગફળી | ૭૪૩-૭૮૫ |
| રાયડો | ૬૭૦-૭૨૭ |
| એરંડા | ૭૭૨-૮૧૮ |
| ઈસ. | ૧૦૫૦-૧૫૧૬ |
| જીરૂ | ૩૧૯૧-૩૪૪૭ |
| તલ | ૧૪૫૧ |
| મેથી | ૫૬૧-૫૬૬ |
| સુવા | ૯૭૫-૧૦૮૦ |
| વરી. | ૧૨૮૦-૧૪૧૨ |
| રાજગરો | ૧૦૪૧ |
| અજમો | ૧૦૪૦-૧૩૭૧ |
| રજકો | ૧૪૫૨-૨૦૧૧ |
| અન્ય | ૯૯૨-૧૪૧૨ |
| ચીકુડી | ૧૧૫૮-૧૪૧૨ |
| રજકા બાજરી | ૪૦૦-૪૫૬ |

**ભીલડી**

| | |
|---|---|
| એરંડા | ૭૯૦-૮૦૫ |
| રાજગરો | ૧૧૨૫ |
| બાજરી | ૨૪૫-૨૫૫ |
| ઘઉં | ૩૫૮ |
| ગવાર | ૬૮૩-૭૧૭ |
| મગફળી | ૬૦૦-૭૫૦ |

**સિધ્ધપુર**

| | |
|---|---|
| રાયડો | ૭૦૬-૭૨૧ |
| એરંડા | ૭૭૦-૮૦૮ |
| અડદ | ૮૧૫ |
| ગવાર | ૭૧૧-૭૮૦ |
| ઘઉં | ૩૧૧-૩૯૦ |
| બાજરી | ૨૦૦-૨૫૦ |
| જુવાર | ૫૭૮-૯૩૭ |
| જવ | ૨૭૧ |

**થરા**

| | |
|---|---|
| જીરૂ | ૩૦૦૦-૩૬૮૫ |
| એરંડા | ૮૦૫-૮૨૭ |
| રાયડો | ૬૭૦-૭૧૫ |
| ગવાર | ૬૭૬-૭૦૩ |
| ઘઉં | ૩૩૩-૩૫૧ |
| બાજરી | ૨૨૦-૨૫૭ |
| જુવાર | ૬૨૦-૯૧૦ |
| રજ.બા. | ૪૬૧-૪૯૫ |

**પાટણ**

| | |
|---|---|
| જીરૂ | ૨૯૨૬-૩૩૮૧ |
| વરીયાળી | ૧૩૩૦-૧૪૯૦ |
| મેથી | ૩૬૦-૪૮૦ |
| સુવા | ૯૫૧-૧૦૯૧ |
| રાયડો | ૬૯૦-૭૩૬ |
| એરંડા | ૭૯૧-૮૨૪ |
| અજમો | ૬૦૧-૮૦૦ |
| ઘઉં | ૩૩૫-૩૬૫ |
| જુવાર | ૫૧૧-૯૨૪ |
| બાજરી | ૨૧૬-૨૫૪ |
| કુરી | ૫૭૫ |
| રજ.બા. | ૪૧૦-૪૫૮ |
| રજકો | ૧૬૦૧-૨૪૦૫ |
| ચીકુડી | ૧૦૦૦-૧૩૫૦ |
| ગવાર | ૭૦૦-૭૨૧ |

**થરાદ**

રાયડો -૭૧૧-૭૪૩
એરંડા -૮૦૦-૮૨૧
બાજરી-૨૩૫-૨૬૦
ચિકુડી -૧૧૨૫-૧૩૯૧
ગવાર -૭૦૭-૭૨૦
મેથી-૫૫૦-૭૩૦
જીરુ-૨૪૦૦-૩૫૬૧
અજમો-૧૦૦૦-૧૮૫૦
ઈસબગુલ-૧૨૫૦-૧૫૩૮
રજકો-૧૭૧૧-૨૫૫૦

**રાહ**

રાયડો -૭૧૦-૭૨૫
એરંડા -૮૦૦-૮૧૧
બાજરી-૨૩૦-૨૪૫
ચિકુડી -૧૨૫૦-૧૩૭૦

**પીલૂડા**

જીરું = ૨૯૯૦- ૩૬૪૧
રાયડો= ૭૧૫ - ૭૪૦
એરંડા = ૭૯૦ - ૮૨૦
ઈસબગુલ= ૧૨૨૦ - ૧૪૩૦
ચીકુડી = ૧૨૦૦ - ૧૩૮૦
અજમો = ૧૭૦૦ - ૧૭૪૧
૨.બાજરી= ૪૦૦ - ૪૦૦
બાજરી = ૨૪૧ - ૨૫૫
ગવાર = ૭૨૧ -૭૨૧
વરિયાળી = ૧૨૫૦ - ૧૩૫૧

**પાંથાવાડા**

| | | |
|---|---|---|
| ઘઉં - | ૨૯૦/- | ૩૨૫/- |
| બાજરી - | ૨૩૦/- | ૨૪૫/- |
| રાજગરો- | ૧૦૯૦/- | ૧૧૫૦/- |
| ઈસબગુલ - | ૧૨૦૧/- | ૧૨૭૫/- |
| રાયડો - | ૭૧૫/- | ૭૨૩/- |
| એરંડા- | ૮૦૪/- | ૮૧૧/- |
| મગફળી - | ૭૦૦/- | ૮૧૯/- |

## બહુચરાજીથી શંખલપુર ગામે જતી પાલખી બંધ કરવાના એજન્ડાને લઈ શ્રધ્ધાળુઓમાં આક્રોશ



ચાણસ્મા

દર આસો અને ચૈત્રી પૂનમે બહુચરાજીથી શંખલપુર જતી બહુચર માતાજીની પાલખી બંધ કરવાના એજન્ડાને લઈ ઉઠેલા ભારે વિવાદને પગલે મંગળવારે મળનારી બહુચરાજી ટ્રસ્ટી મંડળની બેઠક બંધ રાખવાનો નિર્ણય સોમવારે રાત્રે જ લેવાઈ ગયો હતો અને માતાજીની પાલખી કોઈપણ હિસાબે ચાલુ જ રહેશે તેવી વહીવટી તંત્રએ મૌખિક ખાતરી આપી હતી. તેમ છતાં માતાજીની પાલખી બંધ કરવાના આસુરી વિચાર ધરાવતા બે ટ્રસ્ટીઓને માતાજી સદ્દબુદ્ધિ આપે તેવી અરજ રજૂ કરવા શંખલપુરથી મોટી સંખ્યામાં માઈ ભક્તો બહુચરાજી રેલી સ્વરૂપે પહોંચ્યા હતા અને માતાજીના ચરણોમાં અરજ કરી હતી. બીજીબાજુ ટ્રસ્ટી નરેશ ઠક્કરના નામે લોકોએ છાજીયા લઈ આક્રોશ ઠાલાવ્યો હતો.

ગત ચૈત્રી પૂનમે શંખલપુર મંદિરમાં ગર્ભગૃહમાં સગાઓને લઈ જઈને દર્શન કરવાનો મનસૂબો પાર નહીં પડતાં ધૂઆપૂઆ થયેલા બહુચરાજી મંદિરના ટ્રસ્ટી નરેશ ઠક્કર સહિતના ટ્રસ્ટીઓ તેમજ વહીવટીદારે આ બાબતે પોતાના અહમનો મુદો બનાવી માતાજીની પાલખીને ઢાલ કરી હતી અને પાલખી શંખલપુર નહીં લઈ જવાનો એજન્ડા કાઢી તા.૩/૭/૧૫ ના રોજ કલેકટર-વ-ચેરમેન અધ્યક્ષ સ્થાને મળનારી બેઠકમાં નિર્ણય કરવા કારસો રચ્યો હતો. પરંતુ તે પહેલાં એજન્ડાની વિગતો બહાર આવી જતાં આ ટોળકીનો ભાંડો ફૂટી ગયો હતો.બીજી બાજુ, વહીવટી તંત્રને આ મુદ્દામાં કાચુ કપાઈ ગયાનું ભાન થતાં સાંજના સમયે ટ્રસ્ટીઓની બેઠક કરી હતી અને રાત્રે ૯ વાગે મંગળવારે મળનારી ટ્રસ્ટીમંડળની બેઠક રદ કરવામાં આવી હોવાની જાહેરાત કરી હતી. અને માતાજીની પાલખી ચાલુ જ છે અને રહેવાની છે, ક્યારેય બંધ નહીં થાય તેવી મૌખિક ખાતરી આપવામાં આવી હતી. દરમ્યાન શંખલપુરથી બહુચરાજી વિશાળ રેલી નીકળી હતી. જેમાં ટેમ્પલ ટ્રસ્ટના ચેરમેન કાળીદાસ પટેલ, મંત્રી અમૃતભાઈ પટેલ, ટ્રસ્ટી મોહનભાઈ દેસાઈ, ધારાસભ્ય ભરતજી ઠાકોર, ટ્રસ્ટી વિઠ્ઠલભાઈ લાટીવાળા, સરપંચ પરેશ પટેલ, બહુચરાજી સરપંચ દેવાંગ પંડ્યા, ખાંભેલ ગૌશાળા નામહંત સહિત સમગ્ર વિસ્તારના આગેવાનો અને શ્રધ્ધાળુઓ જોડાયા હતા. રેલી બહુચરાજીના રાજમાર્ગો પર થઈને બહુચરાજી મંદિરે પહોંચી હતી. જ્યાં માતાજીને અરજ સાદર કરવામાં આવી હતી.

જેમાં આસુરી વિચાર ધરાવતા ટ્રસ્ટીઓને સદબુદ્ધિ આપવા પ્રાર્થના કરવામાં આવી હતી. મંદિરે ધજા પણ સાદર કરી હતી.બહુચર માતાજીની પાલખી વિવાદ પાછળ મુખ્ય સૂત્રધાર એવા ટ્રસ્ટી નરેશ જયંતીલાલ ઠક્કર હોવાનું જાહેર થતાં રેલીમાં જોડાયેલા લોકોએ આક્રોશ વ્યક્ત કર્યો હતો અને નરેશ ઠક્કરની નનામી કાઢી હતી.

## રૂા.૫૬ લાખના ખર્ચે નિર્માણ કરાનારા વારિગૃહનું ભૂમિપૂજનઃ પંચવટીનું લોકાર્પણ



પાટણ

અમદાવાદ પશ્ચિમના સાંસદ ડૉ.કિરીટભાઈ સોલંકી દ્વારા પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાનું કંબોઈ ગામ વડાપ્રધાનની આદર્શ ગ્રામ યોજના હેઠળ દત્તક લેવાયું છે. કંબોઈ પધારેલા ડૉ.કિરીટભાઈ સોલંકીએ પંચવિધ કાર્યક્રમમાં અનુસૂચિત જાતિના મહોલ્લામાં તેમજ પ્રાથમિક શાળાના ભોંયતળીયા બ્લોકના કામનું લોકાર્પણ કર્યું હતું. તેમજ ગ્રામ તળાવના પૂર સરંક્ષણ દિવાલ અને અત્રે નિર્માણ કરાયેલ વન વિભાગની પંચવટીનું લોકાર્પણ કર્યું હતું. અન્ય એક કામ માં રૂા.૫૫,૦૬,૧૨૮ ના ખર્ચ તૈયાર કરાનારા વારિગૃહનું ભૂમિપૂજન કર્યું હતું. વારિગૃહ માટે ઉંચી ટાંકી, ભૂર્ગભ સમ્પ પાઈપ લાઈન, પમ્પીંગ મશીનરી, હવાડો અને વીજળીકરણના કામોનો સમાવેશ થાય છે. કંબોઈ ગામે આદિજાતિ વિકાસ કેન્દ્ર યોજના અંતર્ગત પંચવટીનું નિર્માણ કરાયું છે. પંચવટીનું નિર્માણ રૂા. ૨૨,૯૦૦૩૭/- ના ખર્ચે તૈયાર કરાયું છે. જેમાં ઉજાણી ઘર, શૃંગાર કક્ષ, વરંડો, કિચન શેડ, શૌચાલયજેવી સુવિધાઓ ઉભી કરાઇ છે. અહીં કલ્યાણકારી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે.

વિશાળ સંખ્યામાં યોજાયેલી ગ્રામ સભામાં ડૉ.કિરીટભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનની આદર્શ ગ્રામ યોજના હેઠળ તેમણે ચાણસ્મા તાલુકાના કંબોઇ, બારજડી અને પોર ગામ પસંદ કર્યા છે. વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની પ્રેરણાના પ્રતીક સમાન આ યોજના હેઠળ કંબોઇ ગામે રૂા.૩.૫૦ કરોડના વિકાસ કામો કરવામાં આવનાર છે. જે પૈકી રૂા.૧ કરોડ પૈકી ઉપરાંતના વિકાસ કામોનું આજે લોકાર્પણ અને ભૂમિપૂજન કરવામાં આવનાર છે. કંબોઇને સાચા અર્થમાં એક આદર્શ ગામ તરીકે વિકસાવવા તેઓ કટીબધ્ધ છે. તેમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

આ પ્રસંગે નવનિર્મિત પંચવટીમાં સાંસદે વૃક્ષારોપણ કર્યું હતું.

આ પ્રસંગે જિલ્લા કલેકટર આનંદ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી રાજેષ રાજયગુરૂ, પ્રાંત ઓફિસર દલપત ટાંક, સહાયક વન સરંક્ષક જે.જી.રાજપુત, અરૂણભાઇ સાધુ, ગામના સરપંચ, સમરસિંહ સોલંકી, ગામના અગ્રણીઓ, યુવાનો, મહિલાઓ તેમજ જિલ્લા તાલુકા કક્ષાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સાબરકાંઠા બેંકમાં પ્રથમવાર ચૂંટણીમાં ૧૩ બેઠકો બિનહરીફ

**ઉમેદવારો વચ્ચે સમજાવટના કારણે બેઠકો બિનહરીફ થઈ પાંચ બેઠકોમાં ચૂંટણી યોજાશે : હવે ૧૪ ઉમેદવારો વચ્ચે**



હિંમતનગર

સબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના ખેડૂતો તથા પશુપાલકો માટે આધાર સ્તંભ ગણાતી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના નિયામક મંડળની આગામી તા.૧૩ જુલાઈએ ચૂંટણી યોજાનાર છે ત્યારે સોમવારે ઉમેદવારી પત્રો પરત ખેંચવાની મુદત બાદ ૧૩ બેઠકોના ઉમેદવારો બિનહરીફ જાહેર થયા છે.હાલ બેન્કની બંન્ને જીલ્લામાં ૧૨૭ શાખા ધરાવે છે બેન્કના ચેરમેન મહેશભાઈ એ.પટેલે જણાવેલ કે, જે ઉમેદવારો અમારી લાગણી સાથે જોડાયા છે તે હરીફ ઉમેદવારો સામે ચુંટણી જીતશે. હું તમામ ખેડૂત-વહેપારીઓ-ખાતેદારો-થાપણદારોનો આભાર વ્યક્ત કરુ છું. જેઓએ અમારા ઉપર ફરીથી વિશ્વાસ મુક્યો છે. બેન્કની થાપણો ૧૨૦૦ કરોડ થી વધારીને ૧૯૦૦ કરોડ સુધી લઈ જવાઈ છે. અમે બેન્કનું ડીઝીટલાઈઝેશન કરવામાં અગ્રેસર રહ્યા છીએ અને આગામી સમયમાં જિલ્લાના પછાત વિસ્તારોમાં મોબાઈલ બેન્કીંગ સેવા આપવાની શરુઆત કરવા જઈ રહ્યા છીએ તેનું આ પરિણામ છે.

જેથી હવે પછી તા.૧૩ જુને યોજાનાર ચૂંટણીમાં ૧૮ પૈકી પાંચ વિભાગની ચૂંટણી યોજાશે જેમાં ૧૪ ઉમેદવારો વચ્ચે જંગ જામશે. જેથી સાબરકાંઠાની સહકારી સંસ્થામાં બેંકની સ્થાપના બાદ ૧૩ બેઠકો બિનહરીફ થતા ઈતિહાસ રચાયો છે.આ અંગે બેંકના ચેરમેન મહેશભાઈ પટેલના જણાવાયા મુજબ સાબરકાંઠા બેંકની ૧૮ બેઠકોની ચૂંટણીનું જાહેરનામુ પ્રસિધ્ધ થયા બાદ જિલ્લાના પીઢ સહકારી અગ્રણીઓની આગવી કુનેહને કારણે ૧૩ બેઠકો પર ઉમેદવારો વચ્ચે થયેલી સમજાવટ બાદ તે બેઠકો પર એકજ ઉમેદવાર રહેતા ચૂંટણીના નિયમ મુજબ તે બેઠકો બિનહરીફ થઈ ગઈ છે. એમ મંગળવારે ઉમેદવારી પત્રો પરત ખેંચવાના સમય બાદ ચૂંટણી અધિકારી ધ્વારા સત્તાવાર રીતે જાહેરાત કરાઈ હતી. જ્યારે તા.૧૩ જુલાઈએ જે બેઠકો પર ચૂંટણી થવાની છે તેમાં બાયડ, ઈડર, વિજયનગર, ઉત્તર વિભાગ દૂધ મંડળીઓ અને દક્ષીણ વિભાગ દૂધ મંડળી વિભાગનો સમાવેશ થાય છે. આ પૈકી ઉત્તર વિભાગ દૂધ મંડળી વિભાગમાં સાબરડેરીના ચેરમેન જેઠાભાઈ પટેલ ચૂંટણી લડી રહ્યા છે તેમની સામે ત્રણ ઉમેદવારો ઉભા છે. જ્યારે બાયડ બેઠક પર સહકારી અગ્રણી અને ખેતી બેંકના પૂર્વ ચેરમેન કનુભાઈ મણીભાઈ પટેલએ ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું છે.

**કોણ બિનહરીફ બન્યા**

| વિભાગનું નામ | ઉમેદવારનું નામ |
|---|---|
| હિંમતનગર | પટેલ મુકેશભાઈ રેવાભાઈ |
| પ્રાંતિજ | પટેલ ઈશ્વરભાઈ જોઈતાભાઈ |
| મોડાસા | પટેલ પંકજભાઈ નરસિંહભાઈ |
| ભિલોડા | ભાટી રાજેન્દ્રસિંહ નહારસિંહ |
| ખેડબ્રહ્મા | પટેલ શામળભાઈ સવજીભાઈ |
| માલપુર | પટેલ જશુભાઈ શીવાભાઈ |
| મેઘરજ | ઉપાધ્યાય નરેન્દ્રભાઈ ત્રિભોવનદાસ |
| વડાલી | પટેલ અરવિંદભાઈ વિશ્રામભાઈ |
| તલોદ | પટેલ કલ્પેશભાઈ ડાહ્યાભાઈ |
| ધનસુરા | પટેલ જગદીશભાઈ શામજીભાઈ |
| માર્કેટીંગ | પટેલ મહેશભાઈ અમીચંદભાઈ |
| નાગરીક બેંકો | અમીન ઉમેશકુમાર ચીનુભાઈ |
| ઈતર વિભાગ | ચાવડા રાજેન્દ્રસિંહ રણજીતસિંહ |

**હરીફ ઉમેદવારની યાદી**

| વિભાગનું નામ | ઉમેદવારનું નામ |
|---|---|
| બાયડ | પટેલ કનુભાઈ મણીભાઈ |
| | પટેલ ધીરજકુમાર પરશોત્તમભાઈ |
| ઈડર | પટેલ સતીષભાઈ હરીભાઈ |
| | પટેલ જ્યોતિન્દ્રભાઈ રણછોડભાઈ |
| | પટેલ અશોકભાઈ રેવાભાઈ |
| વિજયનગર | પટેલ પંકજકુમાર રામજીભાઈ |
| | ભાટી રાજેન્દ્રસિંહ ખુમાનસિંહ |
| ઉત્તર વિભાગ દુધ મંડળીઓ | પટેલ જેઠાભાઈ પ્રભુદાસ |
| | પટેલ જયંતિભાઈ જીવાભાઈ |
| | પટેલ અતુલકુમાર જોયતાભાઈ |
| દક્ષિણવિભાગ દુધ મંડળીઓ | પટેલ ગોપાલભાઈ મોહનભાઈ |
| | પરમાર ભીખુસિંહ ચતુરસિંહ |
| | પટેલ જયંતિભાઈ શકરાભાઈ |
| | પટેલ વિનોદકુમાર લધ્ધાભાઈ |

## હિંમતનગર ખાતે વિવિધ સંગઠનો દ્વારા મૌન રેલી

સતીષ ભટ્ટ



હિંમતનગર

મંદસોર મધ્યપ્રદેશ માં ૭ વર્ષની બાળકી પર થયેલા બળાત્કારના ગુનેગારોને તાત્કાલિક ફાંસીની સજા થાય એ માટે આજ રોજ સાબરકાંઠા ના હિંમતનગર ખાતે વિવિધ સંગઠનો ધ્વારા મોન રેલી કાઢવામા આવી હતી અને જીલ્લા કલેલટર પ્રવિણા ડી.કે ને આવેદન પત્ર આપવામાં આવ્યુ હતુ.ઉપરાંત દિવ્યા તેમજ આવા કૃત્યનો ભોગ બનેલ કુટુંબોની સાથે અમે છીએ અને તેમને સાંત્વના પાઠવી અને આવા કુટુંબીજનોને તથા સમગ્ર સમાજને ન્યાય અપાવવા કલેકટરશ્રી ને વિનંતી કરી જેમા દેવેન્દ્રસિંહ રાજપુત,અંકુરસિહ રહેવર, સંજય ગાંધી, ભુગવેન્દ્રસિંહ કુંપાવત, નટુભાઈ બારોટ,જયંતિભાઈ પટેલ, સુનિલ કડીયા,નારાયણ શર્મા,નિતીન ઠાકુર,ગોરવ દરજી,ભગવતી ચાવલા,જય નાયક,જૈમીન પટેલ, રાજુ માલવિયા,મિતેશ જોષી,તેમજ યુવાનો હાજર રહયા હતા.

## સાબરકાંઠા જિલ્લામાં કલા મહાકુંભ યોજાશે

**તા. ૧૫ જુલાઈ સુધી કલા મહાકુંભમાં રજીસ્ટ્રેશન કરાવી શકાશે**

સાબરકાંઠા

સૌનો સાથ અને સૌનો વીકાસ થે રીતે સાંસ્કૃતીક વારસાનું જતન થાય તે ઉદ્દેશને પરીપૂર્ણ કરવા છેવાડાના ગામડાઓથી માંડીને શહેરોમાંકલાનું કલાત્મક વાતાવરણનું નિર્માણ થાય તેમજ પ્રતિભાશાળી કલાકારોને આગળ આવવાની તક મળે અને આંતરિક શક્તિઓને પુરસ્કૃત કરવાના અભિગમ સાથે રાજય સરકાર દર વર્ષે કલા મહાકુંભનું આયોજન કરે છે. જે અંતર્ગત સાબરકાંઠા જિલલામાં પણ આ વર્ષે કલા મહાકુંભ યોજાશે. ૧૬ જુલાઇ ૨૦૧૮થી આરંભ થનાર કલા મહાકુંભમાં હાલ રજીસ્ટ્રેશન પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જેમાં ગાયન વિભાગમાં પાંચ, નૃત્ય વિભાગમાં ૮, વાદન વિભાગમાં ૧૪ તથા અભિનય વિભાગમાં બે સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૬ વર્ષથી માંડીને ૬૦ વર્ષની વયના જૂથના સ્પર્ધકો ભાગ લઇ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુકો જિલ્લા રમત ગમત કચેરી ખાતે અરજી આપી અથવા www. kalamahakumbhgujarat.com પર ઓનલાઈન રજીસ્ટ્રેશન તા.૧૫ જુલાઇ ૨૦૧૮ સુધી કરી શકશે. જેમાં વિવિધ કલા મંડળો અને વિધાર્થીઓને સહભાગી થવા કલેકટર પ્રવિણા ડી.કે એ અનુરોધ કર્યો છે.

## વડાલી તાલુકા પંચાયતના આઈ.સી.ડી.એસ.ના ક્લાર્કની મનમાનીઃ ઘી તેલના ડબ્બા બારોબાર વગે

પ્રતિનિધિ વડાલી

વડાલી તાલુકાના આઈ.સી.ડી.એસ.ના કલાર્ક દ્વારા આંગણવાડીઓમાં આવતા જથ્થાના બારદાન, તેમજ તેલ ઘીના ડબ્બા બારોબાર એક પોતાના મળતીયા વેપારીને સસ્તા ભાવે વેચી દેવામાં આવેલ ત્યારે આ ક્લાર્કની બદલી થવાના આગલા દિવસે બધુ ચપાચપ કરી દેવામાં આવ્યું છે. ક્લાર્ક દ્વારા બારદાન, ઘી, તેલના ડબ્બાના વેચાણની જાહેરાત કર્યા વગર જ બારોબાર પધરાવી દેવામાં આવ્યા છે. આ ક્લાર્ક કોઈ જવાબ આપવા તૈયાર નથી કે કેટલી કિંમતમાં ઉચ્ચક સોદો કરવામાં આવ્યો છે. આંગણવાડી બહેનોને જથ્થો ફટાફટ જમા કરવા માટે ધમકાવવામાં આવતી હતી. મારી બદલી થવાની છે. તમે જલ્દી સ્ટોક પુરો કરો. ના હોય તો બજારમાંથી વેચાતો લાવી જમા કરાવી દો. કેટલીક આંગણવાડી કાર્યકરો દ્વારા બજારમાંથી ખાલી બારદાન, તેના ડબ્બા ઉંચા ભાવે ખરીદી જમા કરવામાં આવ્યા છે. તે બધુ એક જ કલાકમાં ક્લાર્ક દ્વારા વેચી દેવામાં આવ્યું છે અને ક્લાર્ક કમીશન લઈ બદલીની જગ્યાએ હાજર થઈ ગયા છે. તે જગ્યાના અધિકારીઓ સાવચેત થઈ જાય તેવું ચર્ચાએ જોર પકડ્યું છે.

## ઐઠોર ગણપતિ દાદાના મંદિરે ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું

ઉંઝા

ઉંઝા તાલુકાના ઐઠોર ખાતે શ્રી ગણપતિ દાદાના મંદિરે ગત રવિવારે સંકટચોથ નિમિત્તે સવારથી જ ભક્તોની લાઈનો જોવા મળી હતી.

દિવસ દરમ્યાન લગભગ ૨૫૦૦૦થી વધુ દાદાના ભક્તોએ દાદાના દર્શનનો લાભ લીધો હતો

ઐઠોર મંદિર ટ્રસ્ટના સંચાલકો દ્વારા ભક્તો માટે ૩૫૦ કીલો મોરૈયો અને ૨૦ મણ લાડુનો પ્રસાદ કર્યો હતો આગામી અષાઢ સુદ અંગારકી ચોથ નિમિત્તે ટ્રસ્ટે ભક્તો સરળતાથી દાદાના દર્શન કરી શકે તે માટે અત્યારથી આયોજન હાથ ધરેલ છે.

## સિધ્ધપુરના ચાટવાડા સીમમાં ગેરકાયદેસર દબાણ હટાવાયું

મહેસાણા

સિધ્ધપુરના ચાટવાડા ગામની સીમમાં અડેશ્વર મંદિર નજીક કરવામાં આવેલ દબાણને વહીવટીતંત્રે તોડી પાડ્યું હતું. ગામના રહીશો દ્વારા તંત્રમાં રજુઆત કરતા આ કાર્યવાહી કરવામાં આવી હતી.

સિધ્ધપુર નજીક ચાટવાડાની સીમમાં બાબુભાઈ પટ્ટણી નામના શખ્સે પડતર જમીન પર ગેરકાયદેસર દબાણ કર્યું હતું. આ શખ્સ દ્વારા ધરોઈની પાઈપલાઈનમાં પંકચર કરી પાણીનું કનેક્શન પણ ગેરકાયદેસર મેળવ્યું હતું. આ સમગ્ર મામલે ગ્રામજનો દ્વારા વહીવટી તંત્રને રજુઆત કરવામાં આવી હતી. ત્યારે તંત્રએ જેસીબી મશીન ફેરવી તમામ દબાણ તોડી પાડ્યું હતું.

## પાટણમાં એક ઈંચ વરસાદથી રેલવેનું પ્રથમ ગરનાળું પાણીથી છલોછલ ભરાયું

પાટણ

પાટણ શહેરમાં ગત મંગળવારે દિવસ દરમ્યાન વરસાદી વાદળો ઘેરાયા બાદ વરસાદ ના વરસતા શહેરીજનો બફારામાં અકળાયા બાદ સાંજે મેઘરાજાની પધરામણી થતાં અડધા કલાકમાં જ એક ઈંચ વરસાદ પડતાં ઠેરઠેર વરસાદી પાણી ભરાયા હતા અને વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

જ્યારે શહેરના નિચાણવાળા વિસ્તારો જુનાગંજ, નિલમ સીનેમા રોડ, કૃષ્ણ સીનેમા આગળના ચોકમાં, હિંગળાચાચર, ઝવેરી બજાર, ગોળશેરી વગેરે વિસ્તારમાં પાણી ભરાવાના કારણે વાહન વ્યવહાર પર અસર થઈ હતી. તેમાંય ખાસ કરીને ચતુર્ભુજ બાગની બંને સાઈડોમાં દર વર્ષની જેમ આ વખતે પણ સરોવર જેવો માહોલ સર્જાયો હતો. અંડર ગ્રાઉન્ડ ગટરોને કારણે મહોલ્લા પોળોમાં ત્રણ કલાક સુધી પાણીનો ભરાવો થતાં ગૃહીણીઓ પરેશાન થઈ હતી. જ્યારે સરસ્વતી તાલુકામાં અડધા કલાકમાં દોઢ ઈંચ વરસાદ વરસતા લોકોએ ગરમીમાંથી રાહત મેળવી હતી.પાટણના પ્રથમ રેલવે નાળામાં પાણીનો ભરાવો થતાં છલોછલ પાણીથી ભરાયેલા નાળામાંથી વાહનચાલકોને નિકળવું મુશ્કેલ બન્યું હતું. કેટલાક વાહનો પાણીમાં ફસાયા હતા.

# બનાસકાંઠાના ગૌશાળા - પાંજરાપોળ સંચાલકોએ રાજય સરકારના ઉમદા અભિગમને બિરદાવ્યો





ભરત સુંદેશા

**ટેટોડા ખાતે મળેલી ગૌશાળાનાં સંચાલકોની બેઠક ડીસાના ધારાસભ્ય અને જિલ્લા કલેકટરને બહુમાન**

ડીસા

બનાસકાંઠા જીલ્લાની ગૌશાળા અને પાંજરાપોળના સંચાલકો દ્વારા પશુઓના રખરખાવ માટે સરકાર સમક્ષ સહાયની માંગને લઈ ઉગ્ર આંદોલન છેડવામાં આવ્યું હતું. ત્યારે આ આંદોલનને પગલે સરકારે સંચાલકોની માંગણીઓ સંપૂર્ણ રીતે સંતોષી દેતા આજે બનાસકાંઠા જીલ્લાની તમામ ગૌશાળા અને પાંજરાપોળના સંચાલકોએ ટેટોડા ગૌશાળા ખાતે એકત્રિત થઈને સરકારનો આભાર વ્યક્ત કરવા માટે ડીસાના ધારાસભ્ય અને જીલ્લા કલેકટરનું સન્માન કર્યું હતું અને સરકારના નિર્ણયને આવકાર્યો હતો.

આજથી બે માસ અગાઉ બનાસકાંઠા જીલ્લાની ગૌશાળા અને પાંજરાપોળના સંચાલકો તથા સરકાર આમને સામને હતા. અને સંચાલકો તેમની માંગણીઓને પગલે સરકાર સામે ઉગ્ર આંદોલન છેડવાની તૈયારીમાં હતા.. ગૌશાળા અને પાંજરાપોળના સંચાલકો તથા સરકાર વચ્ચેના આ ગજગ્રાહનો રાજકીય લાભ ખાટવા અને સરકારને દબોચવા માટે કોંગ્રેસ અને અલ્પેશ ઠાકોર પણ મેદાનમાં ઉતરી ગયા હતા અને અલ્પેશ ઠાકોરે તો સરકારના વિરોધમાં એક દિવસ ડીસામાં ઉપવાસ પણ કર્યા હતા.. પરંતુ આ તમામ શોર શરાબા વચ્ચે સરકાર આ આંદોલનનું

અનુસંધાન પાના નં.૬

# શેરપુરાની સીમમાંથી ગેરકાયદેસર ડીઝલ ચોરીનો પદાર્ફાશ : આરોપી ફરાર

**પોલીસે ૨૦૦ લીટર ડીઝલ તેમજ ડીઝલ કાઢવાના કેરબા મળી કુલ ૧૬૯૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો**

પ્રતિનિધિ છાપી

વડગામ તાલુકાના શેરપુરા નજીક એક ખેતરમાંથી ગેરકાયદે ડીઝલ ચોરીના ષડ્યંત્રનો પદાર્ફાશ કરી છાપી પોલીસે કુલ રૂા. ૧૬૯૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. જોકે આરોપી પોલીસને જોઈ નાસી છૂટ્યો હતો

પ્રાપ્ત વિગતો મુજબ છાપી પોલીસ મંગળવારે રાત્રી પેટ્રોલીગ કરી હતી તે દરમિયાન પોલીસને મળેલ ખાનગી બાતમી આધારે શેરપુરાની સીમમાં આવેલ મુસાભાઈ મુમનના ખેતરમાં હાઈવે ઉપર થી પસાર થતા ટેન્કરોમાંથી ટેન્કર ચાલકો ના મેળાપણા થીગેરકાયદેસર ડીઝલ ચોરી કરવાની પ્રવૃતિ ચાલે છે જેથી છાપી પી.એસ.આઈ એમ.એમ. દેસાઈ તેમજ સ્ટાફ દ્વારા ખેતરમાં ઓચિંતી રેડ કરતા સ્થળ ઉપરથી એક બેરલ માં ડીઝલ લીટર ૨૦૦ કિંમત રૂ.૧૫૦૦૦ તેમજ ડીઝલ ભરવાના ખાલી કેરબા ૧૯ કિંમત રૂ.૧૯૦૦ મળી કુલ રૂ.૧૬૯૦૦નો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી હતી. જો કે આ ગેરકાયદેસર કામમાં સંડોવાયેલ આરોપી યોગેશ જયંતી લાલ બ્રાહ્મણ રહે. પસવાદળ તા.વડગામ, સ્થળ ઉપરથી ફરાર થઈ ગયો હતો. પોલીસે ખેતર માલિક તેમજ યોગેશ બ્રાહ્મણ વિરુદ્ધ ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

# ધાનેરા તાલુકામાં તસ્કરરાજ : ઋણી ગામના મંદિર અને રહેણાંક મકાનમાં ચોરી થતાં રોષ

**ચોરીની ઉપરાઉપરી ઘટનાઓથી પોલીસની નિષ્ક્રિયતા છતી થતા જનાક્રોશ**

તા.પ્રતિનિધિ ધાનેરા

બનાસકાંઠાના ધાનેરા તાલુકામાં ચોરીની વધતી જતી ઘટનાઓના પગલે જન આક્રોશ વધી રહ્યો છે ત્યારે ધાનેરા તાલુકાના રૂની ગામે એક મકાન તેમજ મંદિરમાં ચોરી થતા ગ્રામજનોનો રોષ ચરમસીમાએ પહોંચી ગયો છે. ધાનેરા શહેર તેમજ આસપાસના ગામોમાં ટૂંકા ગાળામાં જ ચોરીની ૫૦ થી પણ વધુ ઘટનાઓ બનવા પામી છે.છતાં એક પણ ચોરીનો ભેદ ઉકેલવામાં સ્થાનિક પોલીસ નિષ્ફળ રહી છે.આવી સ્થિતિમાં ધાનેરા તાલુકાના ઋણી ગામે પણ પ્રજાપતી



એન.કે.મોદી

સમાજના કુળ દેવી સરિયામાતાના મંદિરમાં ત્રાટકેલા કોઈ અજાણ્યા તસ્કરો મંદિરની દાનપેટી તોડી રોકડ રકમની ચોરી કરી ગયા છે. આ તસ્કરો મંદિર પાસે આવેલ સોમાભાઈ પ્રજાપતીના ઘરને પણ નિશાન બનાવી રોકડ રકમ તેમજ અન્ય ચીજ વસ્તુઓની ચોરી કરી ઘરમાં પડેલ તમામ માલ સામાન વેર વિખેર કરી ફરાર થઈ ગયા છે. થોડા સમય પૂર્વે ધાનેરા તાલુકાના માલોત્રા ગામના મંદિરમાં ચોરી થતાં ગ્રામજનોએ પોલીસની કામગીરી સામે અણિયાળા સવાલો ઉઠાવ્યા હતા. જોકે આ

અનુસંધાન પાના નં.૬

# વડગામમાં ફરસાણની દુકાનનાં તાળાં તૂટ્યાં

**તસ્કરો હવે નિરાંતે પેંડા - ચવાણું ઝાપટશે : વેપારીઓમાં ફફડાટ**

તા.પ્રતિનિધિ વડગામ

વડગામ બસસ્ટેન્ડ ઉપર આવેલ ફરસાણ સ્વીટ માર્ટના કેબિનનું પાટીયું અને પતરૂ તોડી ગતરોજ વહેલી સવારે કોઈ અજાણ્યા તસ્કરોએ પેંડા-ચવાણુ અને ફરસાણનો સામાન મળી કિંમત રૂા. ૩૫૦૦/- (અંદાજે) ની ચોરી કરી ફરાર થઈ ગયા હોવાનું બ્રહ્માણી સ્વીટ માર્ટના માલિક જગદીશભાઈ તળશીભાઈ પ્રજાપતિએ જણાવ્યું હતું. આ અંગે તેમના પુત્ર જીતેન્દ્રકુમાર જગદીશભાઈ પ્રજાપતિએ વડગામ પોલીસ મથકે જાણ કરી હતી.





પુષ્કર ગોસ્વામી

વડગામ બસસ્ટેન્ડ તા.પં.મુખ્ય દરવાજાની સામે રાવજીની હોટલની બાજુમાં એક ખાનગી માલિકીના પ્લોટમાં ભાડાપટ્ટેથી કેબિનમાં છેલ્લા દશ વર્ષથી વ્યવસાય કરતા જગદીશભાઈ તળશીભાઈ પ્રજાપતિની બ્રહ્માણી નાસ્તા હાઉસ, સ્વીટ્સ માર્ટમાં ગતરોજ વહેલી સવારે કેબિનના પાછળા ભાગનું પતરૂ તોડી, લાકડનું પાટીયું ઊંચુ કરી કોઈ અજાણ્યા ચોર ઈસમો પેંડા - ચવાણુ- ફરસાણનો માલસામાન અંદાજે રૂપિયા ૩૫૦૦ નો ઉઠાવી ફરાર થઈ ગયા હતા, ગઈકાલ બુધવાર સવારે જગદીશભાઈનો દિકરો જીતેન્દ્રકુમારે દુકાન ખોલી ત્યારે અંદરનો સામાન અસ્તવ્યસ્ત જણાતાં તેણે વડગામ પોલીસ મથકે જાણ કરી હતી. તેથી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. બનાવના પગલે વેપારીઓમાં ફફડાટ ફેલાયો છે.

# બનાસકાંઠા વાદળોની ઘેરાબંધી વચ્ચે મેહુલિયાની હાથતાળી : કેટલાક સ્થળોએ હળવો વરસાદ

પ્રતિનિધિ વડાવળ

ગુજરાતમાં બીજા રાઉન્ડના વરસાદનું આગમન થયું છે. હવામાન વિભાગે પણ ૮ જુલાઈ સુધી રાજયમાં ભારે વરસાદની આગાહી કરી છે.ત્યારે ડીસા સહિત જિલ્લામાં પણ વાદળોની ઘેરાબંધી વચ્ચે મેઘરાજા હાથતાળી આપી રહ્યા છે. જિલ્લામાં પ્રથમ રાઉન્ડમાં પણ સામાન્ય વરસાદ થવા પામ્યો હતો. સરહદી વિસ્તારમાં પણ સામાન્ય વરસાદના પગલે ખેડુતવર્ગમાં ચિંતાનું મોજુ ફરી વળ્યુ હતું. ત્યારે જિલ્લા વાસીઓને વરસાદના બીજા રાઉન્ડના ઈંતજાર વચ્ચે મંગળવારથી વરસાદના બીજા રાઉન્ડનો વરસાદ પણ સાથે થવા પામ્યો



નરસિંહ દેસાઈ

છે. હજુ અનેક જગ્યાએ વાવણીલાયક વરસાદ પણ થયો નથી. જેથી ખરીફ પાકની વાવણીમાં પણ વિલંબ થઈ રહ્યો છે. આકાશમાં વાદળો ઘેરાયેલ હોવાથી ખેડુતોને વરસાદની આશા જાગી છે. પણ જિલ્લાવાસીઓને વરસાદ હાથતાળી આપી જઈ રહ્યો છે.

જયારે ગુજરાત રાજયના અન્ય ભાગોમાં ખુબ સારો વરસાદ પડી રહ્યો છે. જેથી આગામી સમયમાં ડીસા સહિત જિલ્લાભરમાં પણ ખુબ સારા વરસાદની સંભાવના રહેલી છે. ડીસા સહિત જિલ્લાના અનેક સ્થળો પર મંગળવારની રાત્રે અને બુધવારની વહેલી સવારે વરસાદ થયાના અહેવાલ મળી રહ્યા છે.

**મોસમ વિભાગમાંથી તા.૪/૭/૨૦૧૮ ના સવારે ૭ વાગ્યા સુધી જિલ્લાના તાલુકામાં નીચે મુજબ વરસાદ નોંધાયો છે.**

| | |
|---|---|
| અમીરગઢ | ૨૦ મી.મી. |
| ડીસા | ૦૨ મી.મી. |
| કાંકરેજ | ૦૨ મી.મી. |
| દાંતા | ૦૯ મી.મી. |
| પાલનપુર | ૦૫ મી.મી. |
| વડગામ | ૧૨ મી.મી. |

# કાંટ (ડીસા) ખાતે નવી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજનો શુભારંભ



**શહેરી અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓમાં ખુશાલી**

ડીસા

નવા શૈક્ષણિક સત્રના આરંભે બનાસકાંઠા જિલ્લાના વેપારી અને તાલુકા મથક ડીસા ખાતે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન વધુ એક નવી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ (કાંટ) શરૂ થતા શહેરી અને ગ્રામીણ વિદ્યાર્થીઓમાં ખુશાલી છવાઈ છે.

રાજ્ય સરકારના પ્રયાસોથી ડીસા તાલુકામાં પણ શિક્ષણનો 'ગ્રાફ' ઊંચકાયો છે. ખાસ કરીને દિકરીઓ પણ ઉચ્ચ શિક્ષણ મેળવવા લાગી છે.

અનુસંધાન પાના નં.૬

# વાસણચોકી પાસે ટ્રેક્ટર અને ટ્રક ટકરાયા : ત્રણ ઘાયલ

તા.પ્રતિનિધિ ધાનેરા

ધરણોધર રબારી સમાજનો પરિવાર મંત્રીવાડાથી પરત ફરતા વાસણ ચોકડી પાસે ટ્રેકટરને પાછળથી ટ્રકે ધડાકાભેર ટક્કર મારતાં ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થવા પામેલ હતા. જેની જાણ લોકોએ ૧૦૮ મોબાઈલવાનને કરતાં ૧૦૮ મોબાઈલ વાનના પાયલોટ રજનીકાંત રાવલ, ઈ.એમ.ટી. દેવુસિંહ વાઘેલા તાત્કાલિક બનાવ સ્થળે પહોંચી ઘાયલ લોકોને ધાનેરા રેફરલ હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા. જયાં ડૉ.શૈલેન્દ્રસિંહ પરમારે સારવાર આપી બે જણાને વધુ સારવાર અર્થે પાલનપુર સિવીલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.



એન.કે.મોદી

**ઈજાગ્રસ્તના નામ**

ઉકેડાભાઈ સબાભાઈ રબારી
બાબુભાઈ સદાભાઈ રબારી
કંકુબેન ગોવાભાઈ રબારી

# ડીસામાં રેલ્વે ટ્રેન નીચે પડતું મુકી મહિલાનો આત્મહત્યાનો પ્રયાસ

ડીસા

ડીસા શહેરમાં રેલ્વે સ્ટેશન વિસ્તાર નજીક આજે એક મહિલાએ મુસાફર ટ્રેન નીચે પડતું મૂકી આત્મ હત્યાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ આસપાસના યુવકોની સમય સુચકતાથી આ મહિલાનો આબાદ બચાવ થયો હતો. જયારે મહિલાને ગંભીર ઈજાઓ પહોંચી છે.

ડીસા શહેરના રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આજે બપોરના સમયે એક મહિલાએ ટ્રેન નીચે પડતું મુકવાની ઘટના સામે આવી છે. બપોરના સમયે રેલ્વે સ્ટેશન નજીક આવેલા પુરવઠા ગોડાઉન નજીક આ મહિલા બેઠી હતી. તે દરમ્યાન મુસાફર ટ્રેન આવવાના સમયે આ મહિલા અચાનક ઉભી થઈને રેલ્વે ટ્રેક પર સુઈ ગઈ હતી. મહિલા રેલ્વે ટ્રેક પર સુઈ જતા ગોડાઉન પર મજુરી કરી રહેલા યુવાનોની નજર આ મહિલા પર જતા તેમણે બુમાબુમ કરતા રેલ્વેના ચાલકે



ભરત સુંદેશા

પુરપાટ ઝડપે આવી રહેલી રેલવેને રોકવાનો પ્રયાસ કરવા માટે રેલવેને ઈમરજન્સી બ્રેક લગાવી દીધી હતી. જેથી રેલ્વે ટ્રેક પર સુતેલી મહિલા સુધી ટ્રેન પહોંચે તે પહેલા જ ટ્રેનની ઝડપ ખુબજ ઓછી થઈ ગઈ હતી અને ટ્રેક પર સુતેલી મહિલાને ટ્રેનના આગળના ભાગની ટક્કર લગતા મહિલા ટ્રેક પરથી ઉછળીને રેલ્વે ટ્રેકની સાઈડમાં ફંગોળાઈ અનુસંધાન પાના નં.૬

# ધાનેરામાં જર્જરીત શોપીંગ સેન્ટર ખાલી કરવા નગરપાલિકાની નોટીસ



એન.કે.મોદી

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા રેલવે સ્ટેશન રોડ ઉપર આવેલ શિતલ શોપીંગ સેન્ટર જર્જરીત હાલતમાં હોઈ તાત્કાલીક અસરથી રીપેરીંગ કરવા નગરાલિકા દ્વારા નોટીસો અપાઈ છે.

ધાનેરા નગરપાલિકા વિસ્તારમાં રેલવે સ્ટેશન રોડ ઉપર આવેલ શિતલ શોપીંગ સેન્ટર જર્જરીત હાલતમાં છે તથા ધાનેરા નગર પાલિકા રકાબી જેવા વિસ્તારમાં હોઈ વરસાદી પાણી પૂરથી આ વિસ્તારમાં પાણી ભરાઈ જતાં હોઈ કયા સમયે આવી જર્જરીત બીલ્ડીંગ કોઈનો ભોગ લે તે નક્કી ન હોઈ રીનોવેશન કરવાની તાતી જરૂરીયાત છે. પરંતુ દુકાન દારોને ખુદ કંઈજ પડી નથી જો કોઈ દુર્ઘટના સર્જાશે તો આ બાબતે કોની જવાબદારી થશે ?

આ બાબતે ચીફ ઓફીસર બી.પી પરમારનો સંપર્ક સાધતાં તેઓએ જણાવેલ કે તમામ દુકાનદારો તથા ભાડીઆતોને નોટીસની બજવણી કરેલ છે. અને ગંભીરતાથી લઈ રીનોવેશન કરવા જણાવવામાં આવેલ છે તેમ છતાં કામગીરી નહી થાય તો અમો કાયદેસરની કાર્યવાહી કરી ખાલી કરાવીશું તેમ જણાવ્યું હતું.

# અમીરગઢમાં દવાના વધુ પડતા ડોઝથી બાળકનું મોત

પ્રતિ. અમીરગઢ

અમીરગઢમાં ઉઘાડપગા ડોક્ટરોની બોલબાલા વચ્ચે સોમવારે એક ખાનગી ડોક્ટરના દવાના વધુ પડતા ડોઝના કારણે એક માસુમ બાળકનું મોત નિપજતાં ચકચાર મચી જવા પામી છે.

અમીરગઢ તાલુકા પંચાયતની બાજુમાં રહેતા બાબુનાથ સુબાનાથના બાળકને સામાન્ય તબિયત ખરાબ હોવાથી બજારમાં આવેલ એક ખાનગી દવાખાને સારવાર માટે લઈ ગયા હતા.જ્યાં ડોક્ટરે દવા આપતાં બાળકની તબિયત વધુ બગડતા પાલનપુર ખસેડાતાં રસ્તામાંજ તેનું મોત નિપજ્યું હતું.આથી રોષે ભરાયેલા પરિવારજનોએ ડોક્ટર ઉપર હુમલો કરી હોબાળો મચાવ્યો હતો.



વિશાલ નાઈ

અત્રે ઉલ્લેખનીય છે કે, અમીરગઢ પંથકમાં છેલ્લા ઘણા સમયથી ઉઘાડપગા ડોક્ટરો ગરીબ અને અભણ પ્રજાના આરોગ્ય સાથે ચેડા કરી રહ્યા છે. જેમને દવાઓ કે મેડીકલ લાઈનની જાણકારી નથી તેવા લોકોને પોતાના દવાખાનામાં નોકરી રાખી દર્દીઓની સારવાર કરાવી તેમની જીદંગી સાથે ખીલવાડ કરે છે.આવા લેભાગુ ડોક્ટરો સામે કાર્યવાહી હાથ ધરાય તે જરૂરી છે.

# છાપી હાઇવે ઉપર થયેલ દોઢ લાખની ચિલઝડપમાં ખાલી બેગ સિદ્ધપુરથી મળી

**સિધ્ધપુરથી મળેલ બેગમાં દુકાનના હિસાબોની બુકો સહીતના દસ્તાવેજો સહી સલામત મળ્યા**

પ્રતિનિધિ છાપી

વડગામ તાલુકાના છાપી હાઈવે ઉપર બે દિવસ પૂર્વે દુકાન આગળ પાર્ક કરેલ કારનો દરવાજો ખોલી રૂપિયા દોઢ લાખ ભરેલી બેગ ઉઠાવી ગઠિયા ફરાર થઈ જતા પંથક ન માં ચકચાર મચી ગઈ હતી જેની ફરિયાદ છાપી પોલીસ મથકે નોંધાવવા માં આવી હતી પોલીસે આ બાબતે સઘન તપાસ હાથ ધરી હતી. જોકે આરોપીઓને ઝડપવામાં પોલીસને સફળતા મળી ન હતી.

છાપી હાઈવે ઉપર ના ડાયમન્ડ કોમ્પ્લેક્સ માં આવેલ કોર્નર બેકરી આગળ પડેલ કારમાંથી રૂપિયા દોઢ લાખ ભરેલ બેગ ની ઉઠાંતરી બાદ ગઠિયા ઓને ઝડપવા પોલીસ દ્વારા ચક્રોગતિમાનમાં કરવામાં આવ્યા હતા તે દરમિયાન સિધ્ધપુર બસ સ્ટેન્ડ પાસે આવેલા ગજબજારના નાકા પાસેથી કાળા કલરની અવાવરી પડેલ બેગ એક ઈસમ

અનુસંધાન પાના નં.૬


## બેસણું



સ્વ.મંગળદાસ ચેલારામ દરજી (નિવૃત્ત શિક્ષક)
સ્વ.તા.૩/૦૭/૨૦૧૮

અમારા પૂજ્ય પિતાશ્રી મંગળદાસ ચેલારામ દરજી તા.૩/૭/૨૦૧૮ ના રોજ દેવલોક પામેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૬/૭/૨૦૧૮ ને શુક્રવારના રોજ ટીંબાચુડી મુકામે રાખેલ છે.

લિ.

મફતલાલ મંગળદાસ દરજી - પુત્ર
જયેશકુમાર મંગળદાસ દરજી - પુત્ર
રાજ હસમુખકુમાર દરજી - પૌત્ર
કરણ હસમુખકુમાર દરજી - પૌત્ર
રમણલાલ માધવલાલ દરજી - ભત્રીજા
કાન્તિલાલ માધવલાલ દરજી - ભત્રીજા
કેશવલાલ માધવલાલ દરજી - ભત્રીજા

સમસ્ત દરજી પરિવાર, ટીંબાચુડી